# વાપી

# નગરપાલિકા

# Public Health Bye-laws
# 2018

**- : Address : -**
**Sahid Dhansukh Marg,Bh.Vapi Town Police Station**
**Ta-Vapi, Di-Valsad (South Gujarat)**
**Phone : (0260) 2462803,2463378, Fax : (0260) 2462300)**
**Email : vapimun@yahoo.com**

# વાપી નગરપાલિકા

ઘન કચરા વ્યવસ્થાપન નિયમો, ૨૦૧૬ હેઠળ સ્થાનિક સત્તા અને શહેરી સમુહની ફરજો અને જવાબદારીઓ નિયત થયેલ છે. આ ફરજો અને જવાબદારીઓ સુનિશ્ચિત કરી શકાય તે માટે આ નિયમો હેઠળ કચરો નાખનાર અથવા આ નિયમોની જોગવાઇઓનું પાલન કરવામાં નિષ્ફળ નિવડે તેવી વ્યક્તિઓને સ્થળ પર દંડ લાદવાના પેટા નિયમો ઘડવા અને તેના માપદંડ ઠરાવવા અને ઘડી કાઢેલ પેટા નિયમો મુજબ સ્થળ પર દંડ વસુલવા અધિકારીઓ / કર્મચારીઓને સત્તાઓ આપવા જોગવાઇ થયેલ છે.નગરપાલિકા આ જોગવાઇઓ અનુસાર ફરજો અને જવાબદારીઓ નિભાવી શકે તે માટે નગરપાલિકાની સામાન્ય સભામાં ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી અને ઠરાવ નં.૧૫ .તા.૨૩/૧૦/૨૦૧૮ થી પેટા નિયમો ઘડવા નગરપાલિકાના પ્રમુખશ્રી અને ચીફ ઓફીસરશ્રીને સત્તાઓ આપવામાં આવેલ છે.

વાપી નગરપાલિકા 'અ' વર્ગની નગરપાલિકાછે. વાપી નગરની વસ્તી ૧૬૩૬૩૦ (૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે) છે. નગરમાં વસતા નાગરિકો અને બહારથી નગરમાં આવતા નાગરિકો ઘન કચરા વ્યવસ્થાપન નિયમો, ૨૦૧૬નું પાલન કરે, નગરપાલિકા હદમાં ધંધો રોજગાર કરતાં છુટક અને જથ્થાબંધ વેપારીઓ, ઔદ્યોગિક એકમો, ફેક્ટરીઓ, મકાન બાંધકામ કરનાર બિલ્ડરો તેમજ આ નિયમો હેઠળ ઘન કચરાનું વ્યવસ્થાપન કરવા બંધાયેલ નાગરિકો ચુસ્તપણે પાલન કરે અને પર્યાવરણનું જતન થાય તે માટેના પગલાં ભરવા જરૂરી છે. પેટા નિયમો ઘડતા પહેલા ઘન કચરા વ્યવસ્થાપન નિયમો, ૨૦૧૬નો ભંગ કરનાર ઇસમો સામે દંડનીય કાર્યવાહી કરવા તમામ પાસાઓનો વિચાર કરી નીચે મુજબના પેટાનિયમો નગરપાલિકાએ આપેલ સત્તાનુસાર ઘડવામાં આવે છે.

----------

# વાપી નગરપાલિકા

# પબ્લીક હેલ્થ બાયલોઝ-૨૦૧૮

## ( છેવટનો મુસદ્દો )

## -: અનુસૂચિ :-


| | | |
|---|---|---|
| **પ્રકરણ : ૧**<br>**“ સામાન્ય ”** | | |
| ૧ | ટુંકુ નામ અને તેની પ્રસ્તાવના | 9 |
| ૨ | તેને લાગુ પાડવું અને તેનો વ્યાપ | 9 |
| 3 | અર્થઘટન કરવાનો હક્ક | 10 |
| **પ્રકરણ : ૨**<br>**“ વ્યાખ્યાઓ ”** | | |
| ૪ | સિવાય કે સદર અર્થની બીજી કોઇ રીતે જરૂરીયાત ન હોય | 11 |
| **પ્રકરણ : 3**<br>**“ કચરાનું વર્ગીકરણ ”** | | |
| ૫ | કચરાનું વર્ગીકરણ | 31 |
| **પ્રકરણ : ૪**<br>**“ કચરો ઉત્પાદીત કરનાર ”** | | |
| ૬ | કચરો ઉત્પાદીત કરનાર | 44 |
| **પ્રકરણ : ૫**<br>**“ ઘન કચરાને અલગ પાડવો ”** | | |
| ૭ | અનુક્રમ નં.૧,૨,૩,૫,૬ અને ૧૨ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાને | 52 |

| | | |
|---|---|---|
| | અલગ પાડવો | |
| ૮ | અનુક્રમ નં.૪,૭,૯,૧૦,૧૫ અને ૧૬ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાને અલગ પાડવો | 52 |
| ૯ | અનુક્રમ નં.૧૧ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાને અલગ પાડવો | 52 |
| ૧૦ | અનુક્રમ નં.૧૩ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાને અલગ પાડવો | 63 |
| ૧૧ | અનુક્રમ નં.૧૪ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાને અલગ પાડવો | 53 |
| ૧૨ | અનુક્રમ નં.૧૭ અને ૧૮ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાને અલગ પાડવો | 54 |
| ૧૩ | અનુક્રમ નં.૧૯ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાને અલગ પાડવો | 54 |
| ૧૪ | અનુક્રમ નં.૨૦ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાને અલગ પાડવો | 54 |
| ૧૫ | અનુક્રમ નં.૯ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાને અલગ પાડવો | 55 |

| | | |
|---|---|---|
| **પ્રકરણ : ૬<br>" ઘન કચરાને સંગ્રહ કરવો "** | | |
| ૧૬ | અનુક્રમ નં.૧, ૪, અને ૬ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાનો સંગ્રહ | 56 |
| ૧૭ | અનુક્રમ નં.૨, ૩, અને ૧૨ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાનો સંગ્રહ | 56 |
| ૧૮ | અનુક્રમ નં.૫ અને ૭ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાનો સંગ્રહ | 57 |
| ૧૯ | અનુક્રમ નં.૮ અને ૧૦ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાનો સંગ્રહ | 58 |
| ૨૦ | અનુક્રમ નં.૯ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાનો સંગ્રહ | 58 |
| ૨૧ | અનુક્રમ નં.૧૫ અને ૧૬ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાનો સંગ્રહ | 58 |
| ૨૨ | અનુક્રમ નં.૧૧ ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાનો સંગ્રહ | 58 |
| ૨૩ | અનુક્રમ નં.૧૧(એ)ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાનો સંગ્રહ | 59 |
| ૨૪ | અનુક્રમ નં.૧૩ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાનો સંગ્રહ | 60 |
| ૨૫ | અનુક્રમ નં.૧૪ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાનો સંગ્રહ | 60 |
| ૨૬ | અનુક્રમ નં.૧૫ અને ૧૬ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાનો સંગ્રહ | 60 |
| ૨૭ | અનુક્રમ નં.૧૭, ૧૮, ૧૯ અને ૨૦ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાનો સંગ્રહ | 61 |
| **પ્રકરણ : ૭<br>" ઘન કચરાને પહોંચાડવો અને તેને એકત્રિત કરવો "** | | |
| ૨૮ | અનુક્રમ નં.૧, ૪, અને ૬ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાને પહોંચાડવો અને એકત્રિક કરવો | 62 |
| ૨૯ | અનુક્રમ નં.૨, ૩, અને ૧૨ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાને પહોંચાડવો અને એકત્રિક કરવો | 63 |
| ૩૦ | અનુક્રમ નં.૮, ૧૦, ૧૫ અને ૧૬ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાને પહોંચાડવો અને એકત્રિક કરવો | 64 |
| ૩૧ | અનુક્રમ નં.૮, ૭, અને ૧૩ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાને પહોંચાડવો અને એકત્રિક કરવો | 65 |
| ૩૨ | અનુક્રમ નં.૯ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાને પહોંચાડવો અને એકત્રિક કરવો | 65 |

| | | |
|---|---|---|
| ૩૩ | અનુક્રમ નં.૧૧ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાને પહોંચાડવો અને એકત્રિક કરવો | 65 |
| ૩૪ | અનુક્રમ નં.૧૭, ૧૮,૧૯ અને ૨૦ના ઉત્પાદકો ઘન કચરાને પહોંચાડવો અને એકત્રિક કરવો | 66 |
| ૩૫ | અનુક્રમ નં.૧૪ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાને પહોંચાડવો અને એકત્રિક કરવો | 66 |
| **પ્રકરણ : ૮**<br>**“ ઘન કચરાની પ્રક્રિયા અને નિકાલ ”** | | |
| ૩૬ | અનુક્રમ નં.૧, ૪,૬ અને ૧૨ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાની પ્રક્રીયા અને નિકાલ | 68 |
| ૩૭ | અનુક્રમ નં.૫, ૭, ૯ અને ૧૪ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાની પ્રક્રીયા અને નિકાલ | 68 |
| ૩૮ | અનુક્રમ નં.૧૩ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાની પ્રક્રીયા અને નિકાલ | 69 |
| ૩૯ | અનુક્રમ નં.૧૭, ૧૮, ૧૯ અને ૨૦ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાની પ્રક્રીયા અને નિકાલ | 69 |

| | | |
|---|---|---|
| **પ્રકરણ : ૯**<br>**“ પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન-જાહેર ગટરો સાથે જોડાણ ”** | | |
| ૪૦ | અનુક્રમ નં.૧, ૮, ૧૦-૧૬ના ઉત્પાદકો દ્વારા જાહેર ગટર વ્યવસ્થા સાથે જોડાણ | 71 |
| ૪૧ | અનુક્રમ નં.૯ના ઉત્પાદકો દ્વારા જાહેર ગટર વ્યવસ્થા સાથે જોડાણ | 72 |
| ૪૨ | અનુક્રમ નં.૧૭, ૧૮, ૧૯ અને ૨૦ના ઉત્પાદકો દ્વારા જાહેર ગટર વ્યવસ્થા સાથે જોડાણ | 73 |
| **પ્રકરણ : ૧૦**<br>**“ કામગીરી અને જાળવણી ”** | | |
| ૪૩ | અવમળ હટાવવો/અવમળ મુક્તિ અને અનુક્રમ ૧-૮, ૧૦-૧૬ના જુથ દ્વારા મળ ટાંકીમાંથી અવમળનો નિકાલ | 74 |
| ૪૪ | મેનહોલની સફાઇ અંગેની જોગવાઇઓ | 74 |
| **પ્રકરણ : ૧૧**<br>**“ પ્રાણીજન્ય, રોગવાહકજન્ય, ખાદ્યપદાર્થજન્ય રોગોનું નિવારણ ”** | | |
| ૪૫ | નગરપાલિકાની હદની અંદરની તમામ મિલકતોના માલિકો/કબજેદારો દ્વારા રોગવાહકોના સંવર્ધનનું નિવારણ | 76 |
| ૪૬ | ડેરી અને ઢોરના તબેલાના માલિકો/કબજેદારો/પ્રબંધકો દ્વારા રોગવાહકોના સંવર્ધનનું નિવારણ | **80** |
| **પ્રકરણ : ૧૨**<br>**“ વિસ્તારીત ઉત્પાદક જવાબદારી ”** | | |
| ૪૭ | ઇ-કચરા (E-waste) માટે વિસ્તારીત ઉત્પાદકની જવાબદારી | **81** |
| ૪૮ | પ્લાસ્ટીક વેસ્ટ માટે વિસ્તારીત ઉત્પાદકની જવાબદારી | **82** |

## પ્રકરણ : ૧૩

## " પેટા કાયદા હેઠળના ગુનાઓ"



| | | |
|---|---|---|
| ૪૯ | પેટા કાયદા હેઠળના ગુનાઓ | **84** |
| | (૧) સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ–૨૦૧૬ ના પેટા નિયમો–૨૦૧૮ | **84** |
| | (૨)વહીવટી ચાર્જીની રકમ વસુલવાનું પત્રક | **85** |
| | (૩) ડોર ટુ ડોર ધન કચરા કલેકશન અને યુઝર ચાર્જીસ | **86** |
| | (૪) કન્સ્ટ્રકશન એન્ડ ડિમોલેશન ( C& D) વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ –૨૦૧૬ના પેટા નિયમો તથા યુર્ઝસ ચાર્જીસ | **88** |
| | (૫) પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ–૨૦૧૬ ના પેટા નિયમો–૨૦૧૮ | **90** |
| | (૬) પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ–૨૦૧૬ ના પેટા નિયમો–૨૦૧૮ના યુઝર્સ ચાર્જીસ | **91** |

| | |
|---|---|
| **અનુસૂચિ-૧- " શુલ્ક અને ચાર્જીસનું પત્રક"** | **92** |

# જાહેરનામું

# વાપી નગરપાલિકા

જાહેરનામા ક્રમાંક : આરોગ્ય/એસ.ડબલ્યુ.એમ.૨૦૧૬/પેટા નિયમો/......../૨૦૧૮

તા.૨૩/૧૦/૨૦૧૮

# પ્રકરણ : ૧

## સામાન્ય

**૧. ટુંકુ નામ અને તેની પ્રસ્તાવના :**

(૧) સદર બાયલોઝને વાપી નગરપાલિકા "જાહેર સ્વાસ્થ્ય બાયલોઝ-૨૦૧૮" તરીકે ઓળખાશે.

(૨) **મંજુરી મળ્યાની તારીખ ના રોજથી અમલમાં આવશે.**

(૩) ચીફ ઓફીસરશ્રી, વાપી નગરપાલિકા દ્વારા કચેરીના નોટીસ બોર્ડ ઉપર અને શહેરના જાહેર સ્થળોએ નાગરિકોની જાણકારી માટે તેને પ્રસિધ્ધ કરશે તેમજ વ્યાપક પ્રસિધ્ધી ધરાવનાર કોઇપણ બે સમાચાર પત્રમાં આ અંગે જાહેર નોટીસ પ્રસિધ્ધ કરશે.

**૨. પ્રયોજ્યતા અને તેનો વ્યાપ :**

સિવાય કે તેને દેખીતી રીતે અથવા આડકતરી રીતે સદર બાયલોઝમાં દર્શાવ્યા પ્રમાણે તે નીચે જણાવેલા કચરાના ઉત્પાદકોને પુરા ભૌમિતીક વિસ્તારમાં લાગુ પડશે કે જે સરકારશ્રી દ્વારા સમયાંતરે નગરપાલિકાને આપવામાં આવે

(૧) જાહેર અને ખાનગી જગ્યાઓ તેને ઉપયોગને ધ્યાનમાં ન લેતાં એટલે કે, રહેણાંક, વેપાર, વાણિજ્યીક, વ્યાવસાયિક, ઓદ્યોગિક, શૈક્ષણિક, ધાર્મિક,

આનંદપ્રમોદ, સામાજિક અને બીજા બધા જ ઉપયોગો કે જેનો તેમાં સમાવેશ કરવામાં આવેલ ન હોય.

(૨) રહેણાંક સોસાયટી, વાણિજ્ય કેન્દ્ર અથવા ઔદ્યોગિક, સહકારી સોસાયટીના દરેક કબજેદારો તેઓની માલિકીને ધ્યાને ન લેતાં જો તે સરકારી, અર્ધસરકારી, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા, કોર્પોરેટ સંસ્થા હોય.

## ૩. અર્થઘટન કરવાનો હક્ક :

જો સદર બાયલોઝનું અર્થઘટન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેને મુખ્ય અધિકારીશ્રીને મોકલવામાં આવશે. જેઓનો નિર્ણય આખરી રહેશે.

----------

# પ્રકરણ : ૨

## વ્યાખ્યાઓ

**૪. સિવાય કે સદર અર્થની બીજી કોઇ રીતે જરૂરીયાત ન હોય :**

(૧) **"નિયમો"** એટલે કે ઘન કચરા વ્યવસ્થાપન નિયમો, ૨૦૧૬.

(૨) **"દંડ"** એટલે કે ઘન કચરા વ્યવસ્થાપન નિયમો, ૨૦૧૬ હેઠળ સદર જોગવાઇઓના ભંગ બદલ કસુરદાર પાસેથી વસુલ કરવામાં આવતી રકમ. સદર રકમો મુખ્ય અધિકારીશ્રી દ્વારા સમયાંતરે નક્કી અને જાહેર કરવામાં આવશે તેમજ વખતોવખત દંડ વસુલ કરવામાં આવશે.

(3) **"સંસ્થા/વહીવટદાર/ઇજારાદાર/સેવા પુરી પાડનાર"** એટલે કે કોઇપણ સંસ્થા/વ્યક્તિ કે જેઓને મુખ્ય અધિકારીશ્રી દ્વારા નગરપાલિકાના વતીથી વર્તવા માટે અથવા ફરજો નિભાવવા માટે અથવા કચરો ભેગો કરવા માટે રકમો/વેરાઓ/ભાવો વસુલ કરવા માટે છુટો પાડવા માટે પ્રક્રીયા/નિકાલ વિગેરે નિમણુંક અથવા અધિકૃત કરવામાં આવેલ હોય. તેમજ સદરહું નિયમો હેઠળ જે સંસ્થાઓ ઘન કચરાનું વ્યવસ્થાપન કરવા બંધાયેલ હોય તેવી તમામ સંસ્થાઓ.

(૪) **"અધિકૃતતા"** એટલે કે નગરપાલિકા દ્વારા નિયમો હેઠળ ઠરાવવામાં આવેલ ઉત્પાદન, વસુલાત, સ્વીકાર, સંગ્રહ, પરિવહન, પ્રક્રીયા, નિકાલ અને / અથવા બીજી કોઇપણ પધ્ધતિ, જેના દ્વારા નગરપાલિકા ઘનકચરા અંગે સંભાળ રાખી શકાય અને/ અથવા સદર બાયલોઝના અનુસંધાને જાહેર સ્વાસ્થ્યના અનુસંધાનેની કોઇપણ બાબત માટેની પરવાનગી આપવામાં આવે.

(૫) **"અધિકૃત અધિકારી"** એટલે કે વ્યક્તિ/કર્મચારી કે જેને વાપી નગરપાલિકા દ્વારા સદર બાયલોઝના અનુસંધાનમાં કાર્ય કરવા, વર્તવા અને જોવા માટે અને દેખરેખ રાખવા અને સદર બાયલોઝનો અમલ કરવા માટે અધિકૃત કરવામાં આવેલ હોય.

(૬) **"બાયો સોલિડસ"** એકલે કે ઘરેલુ કચરામાંથી નિકળતો એવો જૈવિક પદાર્થ કે જે કચરાના પ્રોસેસીંગમાંથી નીકળતો હોય. એકવાર તેનું પ્રોસેસીંગ થયા પછી અને ડીવોટરીંગ થયા પછી, જે પદાર્થ ઉત્પન્ન થાય છે તેને બાયો સોલિડ્સ કહેવાય છે. જેનો લાભદાયક રીતે પુનઃ ઉપયોગ થઇ શકે છે.

(૭) **"બીઓડી"** એટલે ચોખ્ખા પાણી તથા ગંદા પાણીમાં રહેતા જીવાણુઓ કે જે પાણીમાંના ઓક્સિજનનો વપરાશ કરે તેનું પ્રમાણ.

(૮) **"ઘન કચરાના જથ્થાબંધ ઉત્પાદક"** એટલે કે હાઉસીંગ સોસાયટી/હાઉસીંગ કોમ્પલેક્ષ, રેસ્ટોરન્ટ, હોટલો, બજારો, ઔદ્યોગિક વસાહતો અને શોપીંગ કોમ્પલેક્ષો/મોલ, સરકારી અથવા જાહેર કચેરી ભવનો, ક્લબો, જીમખાના, મેરેજ હોલ, આનંદ/મનોરંજનના કોમ્પલેક્ષો, હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓના માલિક, કબજેદાર અથવા બીજીકોઇપણ વ્યક્તિ અને બીજી સંસ્થાઓના સ્ત્રોત/પ્રિમાઇસીસ કે જે સ્પષ્ટપણે દર્શાવવામાં આવેલ હોય અને સક્ષમ અધિકારી દ્વારા જાહેર કરવામાં આવેલ જેઓને મુખ્ય અધિકારી દ્વારા તેવું કરવાની સત્તાઓ આપવામાં આવેલ હોય.

(૯) **"પેટાનિયમો"** એટલે કે જાહેર સ્વાસ્થ્ય નિયમો-૨૦૧૮ કે જેને ઘન કચરા વ્યવસ્થાપન નિયમો, ૨૦૧૬ હેઠળ ઘડવામાં આવેલ છે.

(૧૦) **"કો-જનરેશન"** એટલે કે વિદ્યુતશક્તિ તેમજ ઉષ્માશક્તિને સાથે ઉત્પન્ન કરવું. તેને કંમ્બાઇન્ડ હીટ પાવર (CHP) પણ કહે છે.

(૧૧) **"એકત્રીત કરવું"** એટલે કે નગરપાલિકાના ઘનકચરાને નક્કી કરવામાં આવેલ એકત્રીકરણ ની જગ્યાએ અથવા બીજી કોઇ જગ્યાએથી ઉપાડવો અને નિકાલ કરવો.

(૧૨) **"જગ્યા ઉપરથી એકત્રીત કરવું"** એટલે કે વાપી નગરપાલિકા દ્વારા કોઇપણ બહુમાળી ઇમારતની મિલકતમાંથી અથવા બહુમાળી ઇમારતોની સંયુક્ત જગ્યા પરથી સીધો જ ઘન કચરાને એકત્રીત કરવો. તેને ડોર-ટુ-ડોર એકત્રીત કરવું અથવા પ્રાથમિક એકત્રીકરણ તરીકે પણ દર્શાવવામાં આવેલ છે.

(૧૩) **"જનસમુહ"** એટલે કે એકબીજા સાથે સંકળાયેલા લોકો, કે જેઓ કોઇક જગ્યાએ રહેતા હોય એટલે કે જગ્યા, સમય અથવા સંબંધની રીતે તે સામાજિક વર્ગ કે જે ઘર સાચવતા લોકો કરતા બહોળો હોય અને જે એકસરખી ગરીમા ધરાવતા હોય અને જેઓ પાસે સામાજિક એકતા રહેલ હોય.

(૧૪) **"સાર્વજનિક ડબ્બાઓ"** એટલે કે ૧ ક્યુબીક મીટર કરતા ઓછા કચરાનો સંગ્રહ કરવા માટે મંજૂર કરવામાં આવેલા એકત્રીકરણના સાધનો કે જેને ખાનગી રસ્તાઓની લાઇનો વિગેરેમાં સાઇડ ઉપર મુકવામાં આવેલ હોય અથવા સોસાયટીઓ, એપાર્ટમેન્ટ, બંગલોઝ વિગેરેની મિલકતો ઉપર કે જે માલિક/સોસાયટીના વહીવટદારો દ્વારા સદર બાયલોઝની શરતો મુજબ આપવામાં આવેલા હોય.

(૧૫) **"સક્ષમ સત્તાધિકારી"** એટલે કે કોઇપણ વ્યક્તિ/વ્યક્તિઓ અથવાઅધિકારી/ અધિકારીઓ, કે જેઓને પ્રસ્થાપિત કરવામાં આવેલ

નગરપાલિકા દ્વારા સદર નિયમો હેઠળ દર્શાવવામાં આવેલ કાર્યો કરવા માટે અધિકૃત કરવામાં આવેલા હોય.

(૧૬) **"કોમ્પોસ્ટ"** એટલે કે જૈવિક પદાર્થો પર જીવાણુંઓ/અળસીયાં દ્વારા નિયંત્રિત પ્રક્રીયાથી મેળવવામાં આવેલ જૈવિક ખાતર. 'કોમ્પોસ્ટીંગ' એટલે કે એવી નિયંત્રિત પ્રક્રીયા કે જેમાં જૈવિક પદાર્થોનું જીવાણુંઓ દ્વારા વિઘટન થાય અને જૈવિક ખાતરમાં રૂપાંતર થાય, આમાં વર્મી કોમ્પોસ્ટીંગનો પણ સમાવેશ થઇ જાય છે. જેમાં અળસીયાંનો ઉપયોગ કરવામાં આવે છે

(૧૭) **"સાર્વજનિક ડબ્બાઓ"** એટલે કે ૧ ક્યુબીક મીટર કરતા ઓછા કચરાનો સંગ્રહ કરવા માટે મંજૂર કરવામાં આવેલા એકત્રીકરણના સાધનો કે જેને ખાનગી રસ્તાઓની લાઇનો વિગેરેમાં સાઇડ ઉપર સદર બાયલોઝની શરતો મુજબ નગરપાલિકા દ્વારા હંગામી ધોરણે કચરાનો સંગ્રહ કરવા માટે આપવામાં આવેલા હોય.

(૧૮) **"સમાધાન ફી"** એટલે કે જેમાં ધન કચરા વ્યવસ્થાપન નિયમો, ૨૦૧૬ હેઠળ કસુરદાર દ્વારા સદર પેટા નિયમોના પરિશિષ્ટ-૧માં સમાવેશ કરવામાં આવેલ કોઇપણ ગુનાના ભંગ બદલ આપવામાં આવેલ ફી.

(૧૯) **"નગરપાલિકા"** એટલે કે વાપી નગરપાલિકા કે જે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ જાહેર થયેલ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા.

(૨૦) **"આપવું"** એટલે કે કોઇપણ વર્ગના ધનકચરાને નગરપાલિકાના સફાઇ કામદાર અથવા કોઇપણ વ્યક્તિ કે જે નગરપાલિકા દ્વારા નિમણુંક પામેલ હોય, અધિકૃત કરવામાં આવેલ હોય અથવા વાપી નગરપાલિકા દ્વારા ઇજારાદાર વ્યક્તિ કે જેને સદર કચરો લેવા માટે નિયુક્ત કરવામાં આવેલ

હોય અથવા તેને નગરપાલિકા દ્વારા આપવામાં આવેલ કોઇપણ વાહનમાં જમા કરાવવો અથવા નગરપાલિકા દ્વારા સદર કામ કરવા માટે પરવાનો આપવામાં આવેલ હોય.

(૨૧) **"ડાયજેશન"** એટલે કે એવી પ્રક્રીયા કે જેમાં જીવાણુંઓ ગટરનો ગારો વિઘટન કરી તેમાંથી બાયપ્રોડક્ટ તરીકે મિથેન વાયુ, કાર્બન ડાયોક્સાઇડ વાયુ, જૈવિક ઘનતત્વ તથા પાણી ઉત્પન્ન કરે.

(૨૨) **" ડોર-ટુ-ડોર ઘન કચરો એકત્રીત કરવાની પધ્ધતિ"** એટલે કે બેલ વાગતો હોય તેવુ વાહન ( જેમાં ગાડુ, વાન, રેકડી, ટ્રક, હાથગાડી, સાયકલ, સાયકલ રીક્ષા, ઓટોરીક્ષા, મોટર વ્હીકલ અને કોઇપણ પૈડાં સહીતનું વાહન કે જે ઉપયોગમાં લેવામાં આવશે અથવા જે ગલીઓમાં ઉપયોગમાં લેવા માટે સક્ષમ હોય તેનો સમાવેશ થાય છે.) કે જે નગરપાલિકાના ઘન કચરાનો પ્રાથમિક એકત્રીકરણ કરવા માટે નગરપાલિકા દ્વારા આપવામાં આવેલ હોય.

(૨૩) **"નિકાલ"** એટલે કે આપવામાં આવેલ માપદંડો મુજબ જમીનના પાણી, જમીન ઉપરના પાણી અને ચોખ્ખી હવાની ગુણવત્તા બગડતી રોકવા માટેની બાબતોના અનુસંધાને નગરપાલિકાના ઘન કચરાનો આખરી નિકાલ.

(૨૪) **"જંતુ રહીત"** એટલે કે ગંદા પાણીને ચોખ્ખુ કરવા માટેની ટરશીયરી ટ્રીટમેન્ટનું છેલ્લું પગલું કે જેમાં ક્લોરીન વાયુ અથવા સોડીયમ હાઇપોક્લોરાઇટને પાણીમાં નાખીને પાણીમાં રહેલા જીવાણુંઓ અથવા જંતુઓને મારવામાં આવે છે. જેથી પાણીજન્ય રોગો અટકાવી શકાય. પારજાંબલી કિરણોનો ઉપયોગ એ જંતુમુક્તિ માટેની બીજી પ્રક્રીયા છે.

(૨૫) **"ગટર"** એટલે કે ખાળકુવો, ઘરની ગટર, બીજા કોઇપણ વર્ણનવાળી ગટર, ટનલ, કલવર્ટ, ખાડો, ખાડી અને અન્ય કોઇપણ ઉપકરણ કે જે ગંદકી, ખરાબ વસ્તુઓ, પ્રદુષિત પાણી, પ્રવાહી કચરો, વરસાદી પાણી અથવા જમીન નીચે રહેલા પાણી લઇ જતું હોય.

(૨૬) **"નિકાલ"** એટલે કે કચરાનો નગરપાલિકા દ્વારા મંજુર કરેલ એકત્રીકરણના સાધન અથવા મંજુર કરેલ કચરાના નિકાલની તથા પ્રક્રીયાની જગ્યા સિવાય નિકાલ કરવો.

(૨૭) **"એફ્લયુઅન્ટ"** એટલે કે ગંદાપાણીને ચોખ્ખુ કરવાના ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી બહાર આવે તે

(૨૮) **"ઉત્પાદકની વધારાની જવાબદારી"** એટલે કે ઉત્પાદકો અથવા ઉપજાવનારાઓ અથવા બ્રાન્ડ માલિકો અથવા તેવા જ પ્રકારના ભાગીદારો ઉપર એકત્રીત કરવા, છુટું પાડવા અને તેને ફરી ઉપયોગમાં લેવા અથવા ઉત્પાદન સિવાય બીજી કોઇ આપવામાં આવેલી પ્રવૃત્તિ કે જેમાંથી આખરી ઉપજ વખતેના પર્યાવરણના યોગ્ય વ્યવસ્થાપન સુધી તેઓને આપવામાં આવેલ જવાબદારી કે જે ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા નિયમોમાં દર્શાવવામાં આવેલ છે, તેનો સમાવેશ થાય છે.

(એ). પ્લાસ્ટીક કચરાના વ્યવસ્થાપન અને સંભાળ નિયમો, ૨૦૧૧ અને તેના કોઇપણ સુધારાઓ

(બી). ઇ-કચરાના વ્યવસ્થાપન અને સંભાળ નિયમો, ૨૦૧૧ અને તેના કોઇપણ સુધારાઓ

(સી). બીજા કોઇપણ નિયમો કે જે જાહેર કરવામાં આવેલ છે અને /અથવા વખતોવખત સુધારવામાં આવેલ છે.

(૨૯) **“મળ”** એટલે કે ગંદકીયુક્ત પદાર્થ અને મળપાણી

(૩૦) **“ખોરાકજન્ય રોગો”** એટલે કે બિમારી કે જે ભેળસેળયુક્ત ખોરાક, પેથોજેનિક બેક્ટેરીયા, વાયરસ અથવા પોરાઓ કે જે ખોરાકને બગાડે છે તેને લેવાથી પરિણામો સાથે સાથે રાસાયણિક કે કુદરતી તત્વો જેવા કે ઝેરી મશરૂમને કારણે થાય છે.

(૩૧) **“કચરાના ઉત્પાદક”** એટલે કે પ્રકરણ-૪ના બાયલોઝ નં.ડની યાદીમાં જણાવવામાં આવેલ ઉત્પાદક.

(૩૨) **“ગંદુ પાણી/ ગારો”** એટલે કે ગંદુ કચરાયુક્ત પાણી કે જે સ્નાન કરવાથી, કપડા ધોવાથી, રાંધવાથી અને સફાઇ કરવાની પ્રવૃત્તિથી ઉત્પન્ન થાય છે.

(૩૩) **“ગ્રીટ ચેમ્બર”** એટલે કે એવી ટાંકી કે જેમાં ગંદા પાણીના વહનની ગતિ ઓછી કરવામાં આવે છે. જેથી ભારે ઘન પદાર્થો જેવાં કે રેતી પથ્થર, ઓગળી ન શકે તેવો જમીન પરનો કચરો તથા શંખલા વિગેરે ટાંકીમાં નીચે બેસી જાય.

(૩૪) **“હેડ વર્કસ”** એટલે કે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનો એવો વિસ્તાર કે જ્યાં આવતા ગંદા પાણીની ટ્રીટમેન્ટ શરૂ થાય.

(૩૫) **“સ્વાસ્થ્ય”** એટલે કે સારા રહેવાની પૂર્ણ શારીરિક, માનસિક અને સામાજિક પરિસ્થિતિ અને તે માત્ર રોગ અથવા શારીરિક અશક્તિની ગેરહાજરી માત્ર નહી.

(૩૬) **“હાઉસ ગલીટ્રેપ”** એટલે કે પેસેજ અથવા જમીનનો પટ્ટો, બાંધકામ, અલગ રાખવામાં આવેલ અથવા જેનો ગટર તરીકેના હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવતો હોય અથવા સંડાસ, યુરીનલ, ખાળકુવા અથવા બીજા કે જે મળ તરીકે સ્વીકૃત કરેલી વસ્તુઓને પસાર થવા દેવા માટે રખાયેલ હોય અથવા તેનો નિકાલ કરવા માટે નોકરી રાખવામાં

આવેલ વ્યક્તિ દ્વારા દુષિત વસ્તુ અથવા તો તેવી વસ્તુઓને તેમાંથી બહાર કાઢવા.

(૩૭) **"ઘર"** એટલે કે એવા વ્યક્તિઓનો સમુહ કે સામાન્ય રીતે સાથે રહેતા હોય અને તેઓ એક જ રસોડામાં ભોજન લેતા હોય, સિવાય કે કામકાજને લીધે તેમાંથી કોઇપણ તેવું કરી શકે નહી. ઘરમાં રહેતી આવી વ્યક્તિઓ એકબીજાને સંબંધિત હોય અથવા સંબંધિત ન હોય અથવા તે બંન્નેનું મિશ્રણ હોય.

(૩૮) **"ચેપી રોગ"** એટલે કે એકબીજાના સંપર્કથી ફેલાતા રોગો. જેમાં બિમારીના અવશેષો રહેલાહોય, જે ચેપ અને પેથોજેનિક બાયોલોજીકલ એજન્ટ્સની હાજરી દ્વારા કોઇપણ વ્યક્તિ  વિશેષની શરીર રચનામાં રહેલા હોય તેના લીધે પરિણમે. અમુક ચોક્કસ કિસ્સાઓમાં ચેપી રોગો આવા રોગોના વધારે અથવા તેઓમાં રહેલા લક્ષણો જણાઇ આવે નહી.

(૩૯) **"ઇન્ફલુઅન્ટ"** એટલે કે સુરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં આવતું ગંદુ પાણી કે જેની ટ્રીટમેન્ટ કરવામાં આવે છે.

(૪૦) **"ઇન્ફલુઅન્ટ જાળીઓ"** એટલે કે ગંદા પાણીને ચોખ્ખુ કરવા માટેનું સર્વપ્રથમ પગલુ. જેમાં મોટી જાળીઓમાંથી પાણીને પસાર કરવામાં આવે છે. જેના દ્વારા મોટી સાઇઝના પદાર્થો પાણીમાંથી નિકળી જાય છે.

(૪૧) **"માળખાકીય સુવિધાઓ"** એટલે રસ્તાઓ, ગલીઓ, ખુલ્લી જગ્યાઓ, બગીચાઓ, રમતગમતના મેદાનો, મનોરંજનના મેદાનો, પાણી અને વીજપુરવઠો, સ્ટ્રીટલાઇટ, સુએઝ, ગટરો, વરસાદી પાણીની ગટરો, જાહેર કામોઅને બીજી ઉપયોગી સેવાઓ અને સગવડો.

(૪૨) **"લેન્ડફીલ"** એટલે ઘન કચરાની પ્રક્રીયા બાદનો નિષ્ક્રીય કચરાને જમીનમાં નિકાલ કરવો. એવી સગવડ સાથે કે જેમાં જમીનના પાણી,

જમીન ઉપરના પાણી અને હવા પ્રદુષિત કરતી માટી, પવન ફુંકાવાથી થતુ પ્રદુષણ, દુર્ગંધ, આગ હોનારત, પક્ષી દુર્ઘટના, ઉંદરો અથવા રોડન્ટસ, ગ્રીન હાઉસ ગેસ ગળતર, ઢાળની અચોક્કસતા અને ધોવાણ અંગે સુરક્ષાના માપદંડોને ધ્યાનમાં લેવામાં આવેલ હોય.

(૪૩) **"કચરો ફેંકવો"** એટલે કે એવી જગ્યાએ કચરો ફેંકવો કે જ્યાં તે પડે, અંદર ઉતરી જાય, ફેંકાઇ ન જાય, ધોવાઇ જાય, શોષાઇ જાય અથવા તો બીજી કોઇ રીતે તેમાં જતો રહે અથવા કોઇપણ જાહેર જગ્યા અથવા તે અંગે પરવાનગી આપવામાં આવેલ હોય અથવા જ્યાં તે પાડવા, અંદર ઉતારવા, ફેંકવા, ધોવા, શોષાવા અથવા બીજી કોઇ રીતે જવા માટે અથવા કોઇપણ જાહેર જગ્યાએ કચરો ફેંકાવો.

(૪૪) **"બજાર"** એટલે કે એવી જગ્યા કે જ્યાં વ્યક્તિઓ વેચાણ માટે ભેગા થાય, વેચાણ માટેની ચીજવસ્તુઓ પ્રદર્શિત કરવા જેવી કે માંસ, મચ્છી , ફળ, શાકભાજી, જાનવર કે જે માનવ ખોરાક તરીકે વાપરવાના હોય અથવા માનવ ખોરાકની ચીજોમાંથી જે કોઇપણ હોય તે જગ્યાના માલિકની સંમતિ સાથે કે તે સિવાય એવા સ્થળોએ કે જ્યાં કોઇ ખરીદનાર અને વેચાણ કરનારાઓ માટે કોઇ સરખા નિયમો ન હોય, તેમના ધંધા ઉપર કોઇપણ પ્રકારનું નિયંત્રણ હોય કે ન હોય અથવા વ્યક્તિ કે જે નિયમિતપણે, બજારમાં સદર જગ્યાના માલિક માટે અથવા કોઇપણ બીજા વ્યક્તિનું નિયંત્રણ ન હોય.

(૪૫) **"મુખ્ય અધિકારી"** એટલે કે વાપી નગરપાલિકાના મુખ્ય અધિકારી.

(૪૬) **"ઉપદ્રવ"** એટલે કે કોઇ કાર્ય કે ક્ષતિ, સ્થળ અથવા વસ્તુ કે જેનાથી કોઇ ઇજા, જોખમ, ભય ઉત્પન્ન થાય અથવા થવા સંભવ રહે અથવા જોતાં જ ગુનો જણાઇ આવે તેવું. જે જાણમાં આવતા અથવા સાંભળતાઅથવા જે

જીવનને જોખમમાં મુકે અથવા સ્વાસ્થ્ય અથવા મિલકત અથવા પર્યાવરણને નુકશાન પહોંચાડે.

(૪૭) **"ઉપદ્રવ શોધનાર"** એટલે કે નગરપાલિકાના કર્મચારી કે જેઓને મુખ્ય અધિકારી દ્વારા સમાધાન ફી / વહીવટી ફાળો સદર બાયલોઝની જોગવાઇઓના અનુસંધાને કસુરદારો પાસેથી વસુલ કરવા માટે નિમણુંક અને સત્તા આપવામાં આવેલ હોય.

(૪૮) **"જાહેર કરેલ વિસ્તાર"** એટલે કે એવા વિસ્તારો કે જે ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ હેઠળ જાહેર કરેલ વાપી નગરપાલિકાનો હદ વિસ્તાર

(૪૯) **"કબજેદાર / કબજો ધરાવનાર"** એટલે કે કોઇપણ વ્યક્તિ કે જે ટોડા સમય માટે કોઇપણ જમીન અથવા મકાન અથવા તેનો કોઇપણ ભાગ, કોઇપણ જાતના હેતુ માટે કબજો ધરાવતા હોય અથવા તેનો ઉપયોગ કરતા હોય.

(૫૦) **"ઘન કચરાની પ્રક્રીયાના સંચાલક"** એટલે એવી વ્યક્તિ કે જે નગરપાલિકાના ઘન કચરાને તેમજ ગંદા પાણીને એકત્રીત કરવા, અલગ કરવા, સંગ્રહ કરવા, વાહનવ્યવહાર, પ્રક્રીયા અને નિકાલ કરવાની માલિકી ધરાવતા હોય અથવા કરતા હોય તો તે અને સદર અનુક્રમેના વિસ્તારોમાં નગરપાલિકાના ઘન કચરાનો વહીવટ અને તેને સંભાળવા માટે નગરપાલિકાના સત્તાધિકારી દ્વારા નિમણુંક કરવામાં આવેલી બીજી એજન્સીનો પણ સમાવેશ થઇ જાય છે.

(૫૧) **"દુર્ગંધયુક્ત પદાર્થો"** એટલે મૃત જાનવરના શરીરો, રસોડા અથવા ઘટ્ટ ન લેવાય તેવો મળ, ગંદકી, ધુળ, મળમુત્ર સિવાયના નાશવંત પદાર્થો

(૫૨) **"માલિક"** એટલે કે

(એ). કોઇપણ વ્યક્તિ કે જે કોઇપણ બહુમાળી મકાન અથવા જમીન અથવાતેના ભાગ માટે પોતાના હક્કોનો ઉપયોગ કરી શકે અથવા જેની પાસે વખતોવખત મિલકતનું ટાઇટલ રહેલ હોય અને જો થોડા સમય માટે માલિક હાજર ન હોય તો તેવા લીઝ હોલ્ડરો અને ભાડુઆતોને સદર બાયલોઝના હેતુ માટે માલિક ગણવામાં આવશે.

(બી). એવી બાબતે કે જ્યાં વ્યક્તિ કે જેને કાયદેસરનું ટાઇટલ આપવામાં આવેલ હશે તે નાદાર જાહેર થાય અથવા મૃત્યુ પામે અથવા કોઇપણ પ્રકારે કાયદાકીય રીતે નિરર્થક હોય, તેવી વ્યક્તિ ક્યુરેટ, ટ્રસ્ટી, એકઝીક્યુટર, એડમીનીસ્ટ્રેટર, જ્યુડીશીયલ મેનેજર, લીક્વીડેટર અથવા બીજા કાયદેસરના પ્રતિનિધી કે જેના વહીવટ અને તાબા હેઠળ સદર વ્યક્તિની મિલકત રહેલ હોય.

(સી). જો કોઇ સંજોગોમાં જ્યારે ULB કે જે સદર વ્યક્તિની ઓળખ નક્કી કરી શકે, એવી વ્યક્તિ કે સદર મિલકતના અથવા તેના ઉપર આવેલ બહુમાળી મકાન અથવા બહુમાળી મકાનોના ઉપયોગના લાભો મેળવવા હક્કદાર હોય.

(૫૩) **“વ્યક્તિ”** એટલે કે કોઇપણ શખ્સ અથવા શખ્સો કે જેઓ રહેણાંકના મકાનના કબજેદાર/ માલિક હોય અને જેમાં કોઇપણ દુકાન અથવા સંસ્થા અથવા પેઢી અથવા કંપની અથવા એસોસીએશન અથવા વ્યક્તિગત જો સમાવેશ કરવામાં આવેલ હોય કે ન હોય, તેના એજન્ટો, વાલી-વારસ, માલિક, ભાડુઆત વિગેરેનો સમાવેશ થાય છે.

(૫૪) **“જગ્યાએથી જગ્યાઓ ઉપરનું એકત્રીકરણ”** એટલે કે નિશ્ચિત કરેલ સ્થળોએથી વાપી નગરપાલિકા દ્વારા ઘન કચરાને એકત્રીત કરવા માટેની

જગ્યા/સ્થળ સુધી ઉત્પાદકે ફરજીયાતપણે કચરો એકત્રીત કરવાનો અને સંગ્રહ કરવાનો રહેશે અને તેને નગરપાલિકા દ્વારા મુકવામાં આવેલા વાહન સુધી પહોંચાડવાનો રહેશે.

(૫૫) **"પ્રદુષણ"** એટલે કે જેનાથી પર્યાવરણમાં કોઇપણ ફેરફાર થાય. જેવા કે,

(એ). પદાર્થથી

(બી). ધ્રુવીકરણ અને બીજા મોજાઓથી

(સી). અવાજ, ગંધ, ધુળ અને ગરમીથી

(ડી). કોઇપણ પ્રવૃત્તિથી બહાર નીકળતા કચરા અથવા પદાર્થના સંગ્રહ અને પ્રક્રીયા સહીતનો સમાવેશ થાય છે. બાંધકામ અને સેવાની જોગવાઇઓ, જેમાં સંકળાયેલા હોય, કોઇપણ વ્યક્તિ દ્વારા અથવા રાજ્યના કોઇપણ ભાગથી, જ્યાં સદર ફેરફાર એ માનવ સ્વાસ્થ્ય અથવાતેના સારાપણા અથવા તેની રચનામાં ખોટી અસર ઉભી કરે, કુદરતી અને સંભાળવામાં આવતી ઇકોસીસ્ટમને અસરકર્તા હોય અથવા માણસો માટે ઉપયોગી હોય તેવી વસ્તુઓ અથવા તેની ભવિષ્યમાં કોઇ અસર પડવાની હોય.

(૫૬) **"મિલ્કત"** એટલે કે તેમાં બહુમાળી મકાનો, બહુમાળી મકાનોના ટેનામેન્ટ, ઘર, આઉટહાઉસ, તબેલા, શેડ,ઝુંપડી અને બીજુ કોઇપણ બાંધકામ કે જે ચણતર, ઇંટો, માટી, લાકડુ, ધાતુ અથવા બીજી કોઇપણ વસ્તુ અથવા કોઇપણ શરતની જમીનો (ખુલ્લી કે બંધ), તેની ઉપર બાંધકામ કરેલી અથવા જેનો રહેણાંક, વેપાર, ઉદ્યોગ, સેવા, ધંધોના હેતુ માટે થોડા સમય માટે ઉપયોગ કરવામાં આવેલ ન હોય, સરકારી અથવા બીજી કોઇપણ જાહેર અથવા ખાનગી હેતુ માટેની જેમાં લગ્નો, બેન્કવેટ, મીટીંગ, પ્રદર્શન યોજવામાં આવેલ કાર્યક્રમો વિગેરેનો સમાવેશ થાય છે.

તેમાં જાહેર રસ્તાના કોઇપણ ભાગનો સમાવેશ થઇ જાય છે કે જે માટે વાહનો પાર્ક કરવા, વેચાણ કરવા, કામ કરવાની જગ્યા ઉપર વસ્તુઓનો સંગ્રહ કરવા માટે મુખ્ય અધિકારીએ પરવાનગી આપેલ હોય અથવા કોઇપણ જાહેર અથવા ખાનગી હેતુ સિવાય કે વાહનોની આવન-જાવન.

(૫૭) **"ગંદા પાણીને શુદ્ધ કરવાની પ્રાથમિક પ્રક્રીયા"** એટલે કે ઘન પદાર્થોનું યાંત્રિક પધ્ધતિથી છુટુ પાડવુ, ગંદા પાણીમાંથી ગ્રીસ તથા ગંદકીને દુર કરવી, ફ્લોક્યુલેટીંગ પદાર્થોની મદદથી પ્રાથમિક પ્રક્રીયાથી પાણીમાંથી ૫૦-૬૫ ટકા જેટલા તરતા પદાર્થોને દુર કરી શકાય છે. આ દુર થયેલા ઘન પદાર્થો પાણીમાં રહેલ મુળ બીઓડીના ૩૦-૪૦ ટકા જેટલું પ્રદુષણ કરે છે.

(૫૮) **"ખાનગી ગલીઓ"** એટલે કે કોઇપણ ગલી કે જે જાહેર ગલી ન હોય અને જેમાં કોઇપણ પેસેજ કે જેમાં સુરક્ષિત આવન-જાવન આપવામાં આવેલ હોય તેવી એક જ અથવા અલગ અલગ માલિકોની બે કે તેથી વધારે જગ્યાઓ.

(૫૯) **"પ્રક્રીયા"** એટલે કે કોઇપણ વૈજ્ઞાનિક પધ્ધતિ કે જેના દ્વારા ઘન કચરાને ફરીથી બનાવવાના હેતુથી અથવા તેને જમીન પુરાણ માટે યોગ્ય બનાવી શકવા માટેની પધ્ધતિ.

(૬૦) "જાહેર સ્વાસ્થ્ય" એટલે કે રોગ અટકાવવા માટેનું વિજ્ઞાન અને કલા, આયુષ્ય વધારવા માટે અને સ્વાસ્થ્ય વધારવા માટે સોસાયટી, સંસ્થાઓ, જાહેર અને ખાનગી, સામૂહિક અને વ્યક્તિગત પ્રયાસો અને પસંદગી દ્વારા સંયુક્ત પ્રયાસો કે જેમાં પર્યાવરણ સ્વાસ્થ્ય, સાર્વજનિક સ્વાસ્થ્ય, વર્તણુંક સ્વાસ્થ્ય, આર્થિક સ્વાસ્થ્ય, જાહેર યોજના અને વ્યાવસાયિક સ્વાસ્થ્યનો સમાવેશ થાય છે.

(૬૧) **"જાહેર ઉપદ્રવ"** કોઇપણ વર્તણુંક, ક્ષતિ, સ્થળ અથવા વસ્તુ કે જેનાથી કોઇપણ જાહેર સ્થળે ઉપદ્રવ થઇ શકે અથવા થવાની શક્યતા રહે.

(૬૨) **"જાહેર સ્થળ"** એટલે કે કોઇપણ રોડ, વળાંક રોડ, ગલી, લાઇન, પગદંળડી, સાંકડો પગ રસ્તો અથવા પેસેજ, હાઇવે, નાળીયુ, ચોરસ સાંકડો રસ્તો અથવા પેસેજ. જો તે ચોખ્ખો હોય અથવા ન હોય તેનો સમાવેશ થાય છે. જેની ઉપર જાહેર જનતાને પેસેજનો હક્ક રહેલ હોય અને એવી જગ્યાઓ કે જેમાં જાહેર જનતાને જવા માટેની છુટ હોય. જેવી કે પાર્ક, બગીચા, આનંદપ્રમોદના મેદાનો, રમતગમતના મેદાનો, બીચ, પાણીયુક્ત જગ્યાઓ, પાણીના સ્ત્રોતો, જાહેર જગ્યાઓ અને પ્રોમનેડસ, સરકારી અને મ્યુનિસિપલ બહુમાળી મકાનો, જાહેર હોસ્પિટલો, બજારો, કતલખાનાઓ, કોર્ટ વિગેરે.

(૬૩) **"જાહેર રોડ"** એટલે કે કોઇપણ રોડ, ગલી અથવા ચોખ્ખી જગ્યા અથવા બીજી કોઇપણ જગ્યા (ચોખ્ખી હોય કે ન હોય) કે જે જાહેર જનતા દ્વારા સંયુક્તપણે ઉપયોગમાં લેવાતી હોય અથવા તેનો કોઇપણ ભાગ અથવા જેની ઉપર જાહેર જનતાને આવવા-જવાનો હક્ક હોય અને તેમાં નીચેની વિગતોની સમાવેશ થાય છે.

(એ). કોઇપણ આવા રસ્તા, ગલી અને જગ્યાઓના નાકા.

(બી). કોઇપણ બ્રીજ, ઘાટ અથવા ખાડી કે જે કોઇપણ રસ્તા, ગલી અથવા જગ્યાઓથી બનેલ હોય.

(સી). કોઇપણ કામ અથવા વસ્તુ કે જેનાથી ભાગનું ઘડતર થાય અથવા તેની સાથે જોડાયેલ હોય અથવા આવા કોઇ રસ્તા, ગલી અને જગ્યાને લગતા હોય.

(૬૪) **"સ્વીકાર પાત્ર"** એટલે કે કન્ટેનર, જેમાં ડબ્બાઓ અને બેગોનો સમાવેશ થઇ જાય છે કે જે નગરપાલિકા દ્વારા સમયાંતરે પ્રસ્થાપિત કરવામાં આવેલા કોઇપણ વર્ગના કચરાના સંગ્રહ માટે વપરાયેલ છે.

(૬૫) **"રીસાઇક્લીંગ"** એટલે કે અલગ પાડવામાં આવેલા નોન-બાયોડીગ્રેડેબલ ઘનકચરાને કાચી વસ્તુમાં ફેરવવાની પ્રક્રીયા કે જેનાથી નવી પેદાશો બનાવી શકાય કે જે અસલ પેદાશ જેવી જ હોય અથવા ન હોય.

(૬૬) **"રીફ્યુઝ"** એટલે કે કોઇપણ કચરો કે જે અલગ અલગ પ્રવૃત્તિઓ/પ્રક્રીયા ડીગ્રેડેબલ/ નોનડીગ્રેડેબલ/ બીજા પ્રકારની પ્રવૃત્તિઓમાંથી ઉત્પન્ન થાય કે જે ઘન અથવા અર્ધઘન સ્વરૂપમાં હોય કે જેને નાશ ન કરી શકાય, ઉપયોગમાં ન લઇ શકાય અથવા તેના હાલના રૂપમાંથી ઉત્પાદક દ્વારા પ્રક્રીયા કરી શકાય નહી.

(૬૭) **"સેનેટરી સુએજ"** એટલે કે ઘરોમાંથી, વાણિજ્યીક ઇમારતોમાંથી તથા ઔદ્યોગિક વસાહતો સિવાય ઇમારતોમાંથી નીકળતું ભુખરું અને કાળુ પાણી.

(૬૮) **"પરિશિષ્ટ"** એટલે કે સદર બાયલોઝ સાથે જોડવામાં આવેલ પરિશિષ્ટ.

(૬૯) **"સ્કમ"** એટલે કે વજનમાં હલકા ઘન પદાર્થનો જથ્થો કે જેમાં વાળ, ગ્રીસ, તૈલી પદાર્થો અને સાબુ, કે જે સેપ્ટીક ટેંકમાં રહેલા ગંદા પદાર્થની સપાટી પર જોવા મળે છે.

(૭૦) **"ગંદા પાણીની દ્વિતિય પ્રક્રીયા"** એટલે કે એવી અલગ અલગ પ્રકારની પ્રક્રીયાઓ કે જેમાં પાણીમાં હવાને પસાર કરવી તેમજ પાણીમાં રહેલા

ચીકણા તેમજ ઓગળેલા કાર્બનિક પદાર્થનું જૈવિક વિઘટન કરવાની પ્રક્રીયા.

(૭૧) **" સેડીમેન્ટેશન ટાંકીઓ"** એટલે કે એવી ટાંકીઓ કે જેમાં પાણીમાં રહેલી તરતી અશુદ્ધિઓને પાણીમાં સ્થિર કરી પાણીમાં નીચે બેસાડવામાં આવે છે અને શંકુ આકારની ટાંકીમાંથી તેને ભેગી કરી તેમાં પમ્પ કરીને નિકાલ કરવામાં આવે છે.

(૭૨) **"કચરાને અલગ પાડવું"** એટલે કે મ્યુનિસિપલ ધનકચરાને ચોક્કસ પ્રકારના બાયોડીગ્રેડેબલ, જોખમી, બાયોમેડીકલ, બાંધકામ અને તોડી પાડેલા, જથ્થાબંધ બગીચા અને બાગાયત અને બીજા બધા જ કચરામાં અલગ પાડવામાં આવેલ હોય.

(૭૩) **"સેપ્ટીક ટેન્ક"** એટલે કે એક એવી વોટરટાઇટ ટાંકી કે જે બિલ્ડીંગમાંથી નીકળતા ગંદા પાણીને લે છે અને તેની પ્રાયમરી ટ્રીટમેન્ટ કરે છે.

(૭૪) **"સ્યુઅર્સ"** એટલે કે પાઇપોનું બનેલુ એવુ માળખું કે જેમાં ઘરેલુ તથા ઔદ્યોગિક ગંદુ પાણી આવે છે. આ ઉપરાંત વરસાદી પાણી પણ આવે છે.

(૭૫) **"સ્યુઅરેજ"** એટલે કે સ્યુઅર્સનું બનેલું માળખુ કે જેમાં ગંદાપાણીનો તથા કચરાનો નિકાલ કરવામાં આવે છે.

(૭૬) **"ગટરનો ગારો"** એટલે કે ગંદા પાણીમાંથી વજનમાં વધુ હોય તેવા ઘન પદાર્થો સેપ્ટીક ટેન્કમાં નીચે બેસી જાય છે. આ ઘન પદાર્થોને ટાંકીમાંના બેક્ટેરીયા દ્વારા વિઘટન કરવામાં આવે છે. જો કે તેનું પુરેપુરૂ વિઘટન શક્ય ન હોવાથી સમયાંતરે આ ઘન પદાર્થોને પંપીગ દ્વારા બહાર કાઢવામાં આવે છે.

(૭૭) **"ઘન કચરો"** એટલે કે કાઢી નાખવામાં આવેલ ઘન અથવા અર્ધ ઘન વસ્તુ કે જે નગરપાલિકાની હદમાં ઉત્પાદિત કરવામાં આવેલ હોય અથવા લાવવામાં આવેલ હોય.

(૭૮) **"સ્ત્રોત"** એટલે કે મિલકત કે જેમાં કચરો ઉત્પાદિત થાય.

(૭૯) **"સંગ્રહ"** એટલે કે જેમાં હંગામી ધોરણે મ્યુનિસિપલ ઘન કચરાને રાખવામાં આવે, સ્વીકારવા માટેનું પાત્ર, જેનાથી બહાર પડી જતું નિવારી શકાય, જીવજંતુઓને આકર્ષે નહી, જાનવરોથી દુર રહે અને જેમાંથી વધારે દુર્ગંધ મારતી હોય.

(૮૦) **"વરસાદી પાણીની ગટર"** એટલે કે એવી પાઇપલાઇન અથવા નાળીઓનું માળખું કે જેમાં વરસાદી પાણી કે જે જમીનની સપાટીની ઉપર અને / અથવા વધારાનું પાણી વહે પણ સામાન્ય ગંદા પાણીની ગટરમાં જતુ નથી.

(૮૧) **"ગલી"** એટલે કે જેમાં કોઇપણ રસ્તો, રોડ, લાઇન, ચોકઠું, ચોક, વળાંક, પેસેજ કે જે ચોખ્ખો હોય કે ન હોય અને તેના ઉપર બાંધકામ કરવામાં આવેલ હોય કે ન હોય અથવા જેની ઉપર જાહેર જનતાને રસ્તા અંગેનો હક્ક રહેલ હોય અને કોઇપણ બ્રીજ અથવા બનાવાવમાં આવેલ રસ્તા ઉપરનો રસ્તો અથવા પગદંડી.

(૮૨) **"ગલી વાળવી"** એટલે કે ગલીઓ, ચાલવાના રસ્તાઓ, વળાંકો, પાર્ક અને ખાલી જગ્યાઓ કે જેમાંથી કચરો એકત્રીત કરવામાં આવે.

(૮૩) **"તપાસ"** એટલે કે જે વિસ્તારમાંથી ચેપી રોગો અથવા જેનાથી ચેપ લાગવાની શક્યતા હોય તેની માહિતી એકત્ર કરવી. એ માટે કે જેનાથી દરેક કેસો કે જેમાં ચેપ લાગી ગયેલ હોય તેવી જગ્યાઓની તપાસ કરી શકાય અથવા જેનાથી અસર થવાની શક્યતાઓ રહેલી હોય તેવા ચેપનો

સ્ત્રોત શોધવાનો રહેશે અને તેને કાબુ કરવા માટેના યોગ્ય માપદંડ રાખશે, સાથે સાથે સદર પરિસ્થિતની ઉપર નજર પણ રાખશે.

(૮૪) **"તરતા ઘન પદાર્થ"** અથવા **"તરલ પદાર્થ"** એટલે કે એવા ઘન પદાર્થો કે જે ગટરના પાણીમાં તરતા રહે છે અને જેને ગાળણ પધ્ધતિથી દુર કરી શકાય છે.

(૮૫) **"ગંદા પાણીની તૃતિય પ્રક્રીયા"** એટલે કે જે દ્વિતિય પ્રક્રીયા પછી આપવામાં આવે છે. જેમાં શુધ્ધ થયેલ પાણીને વધારાનું એરેશન અને / અથવા રાસાયણિક પ્રક્રીયાથી શુધ્ધ કરવામાં આવે છે. જેના દ્વારા દ્વિતિય પ્રક્રીયા વખતેના પાણીના બેક્ટેરીયા દુર કરી શકાય અને જેના દ્વારા પાણીમાં ઓગળેલ ઓક્સીજનની માત્રા વધારી શકાય. જેથી પાણીમાં બાકી રહેલ બીઓડીનું ઓક્સીડેશન કરી પાણીને વધુ શુદ્ધ કરી શકાય.

(૮૬) **"વાહન વ્યવહાર"**એટલે કે મ્યુનિસિપલ ઘન કચરાને એક જગ્યાએથી બીજીજગ્યાએ લઇ જવું, ચોખ્ખીરીતે કે જે ખાસ કરીને તૈયાર કરવામાં આવેલી વાહન વ્યવહારની પધ્ધતિ મુજબ હોય. જેથી કરીને ખરાબ દુર્ગંધ, ગંદકી ન દેખાય તેવી પરિસ્થિતિની અને જેનાથી જીજજંતુ આવી જઇ શકે.

(૮૭) **"ઉપયોગ કરનારની ફી / સફાઇ ફી"** એટલે કે ફી/ચાર્જીસ કે જે વાપી નગરપાલિકા દ્વારા વખતોવખત નગરપાલિકા અધિનિયમ હેઠળ ઠરાવેલ નિયમો મુજબની ફી / સફાઇ ફી.

(૮૮) **"રોગ પ્રતિકારક રસી"** એટલે કે ચેપી રોગ કે જેના અસરકારક પ્રતિકાર માટે રસી રહેલ હોય.

(૮૯) **"જીવ જંતુ (Vector)"** એટલે કે સંધિપગા જીવજંતુ, બાયોલોજીકલ ઓળખ કે જ્યાં રોગ ફેલાવનાર એજન્ટ ગુણાંકમાં વધે અથવા બીજા પાસે

જતા પહેલા (સામાન્ય રીતે માનવો) તેના શરીરમાં થોડો વિકાસ દર્શાવે છે. તેના કરડવાથી રોગ ફેલાય છે.

(૯૦) **“જીવજંતુથી ઉત્પન્ન થતા રોગો”** એટલે કે રોગો કે જેમાં રોગકારક સુક્ષ્મ સજીવો ચેપ લાગેલા વ્યક્તિમાંથી બીજા વ્યક્તિને એન્થ્રોડ અથવા બીજા એજન્ટ દ્વારા ફેલાય છે, કોઇક વખત બીજા પ્રાણીઓ કે જે વચગાળાના યજમાન તરીકે કાર્ય કરે છે.

(૯૧) **“વાહન”** એટલે કે ગાડુ, ટ્રક, હાથગાડી, સાયકલ, ટ્રાયસિકલ, ઓટોરીક્ષા, મોટર વાહન અને દરેક પૈડાવાળુ વાહન કે જે ઉપયોગમાં લેવાય અને શેરીમાં ઉપયોગમાં લેવા માટે સક્ષમ હોય.

(૯૨) **“વોર્ડ”** એટલે કે વાપી નગરપાલિકાનો વહીવટી વોર્ડ. સિવાય કે તેને બીજી કોઇ રીતે દર્શાવવામાં આવેલ હોય.

(૯૩) **“કચરો”** જેમાં સમાવેશ થાય છે,

(એ). કોઇપણ પદાર્થ (જો તે ઘન, પ્રવાહી અથવા ગેસ હોય) કે જે કાઢવામાં આવેલ હોય, છોડવામાં આવેલ હોય અથવા પર્યાવરણમાં તેની સંખ્યા, ક્ષેત્ર અને એવી રીતે જમા કરવામાં આવેલ હોય કે જેનાથી પર્યાવરણમાં ફેરફાર થઇ શકે.

(બી). કોઇપણ કાઢી નાખવામાં આવેલ, રદ્દ કરવામાં આવેલ, ન જોઇતો, વધારાનો અથવા જુદો મુકવામાં આવેલ પદાર્થ અથવા

(સી). કોઇપણ કાઢી નાખવામાં આવેલ, રદ્દ કરવામાં આવેલ, ન જોઇતો, વધારાનો અથવા જુદો મુકવામાં આવેલ પદાર્થ કે જેનું વેચાણ કરવાનું હોય અથવા અલગથી પ્રક્રીયા કરીને તેને ફરી બનાવવાનો હોય, ફરી પ્રક્રીયા કરવાની હોય, તેની વસલાત

અથવા શુદ્ધિ કરવાની હોય કે જેનાથી તેમાંથી પદાર્થ ઉત્પન્ન થાય અથવા

(ડી). કોઇપણ પદાર્થ કે જેને સદર બાયલોઝ અથવા બીજા કોઇપણ બંધારણના પરિશિષ્ટ -રમાં કચરા તરીકે દર્શાવવામાં આવેલ હોય.

(૯૪) **"સુરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ"** એટલે કે ગટરના ગંદા પાણીને ચોખ્ખુ કરવા માટેનો પ્લાન્ટ કે જેમાં ઘણીબધી ટાંકીઓ, જાળીઓ, ફીલ્ટર્સ અને બીજી પ્રક્રીયાઓ થતી હોય. જેના કારણે ગંદા પાણીમાંથી પ્રદુષકો નિકળી જાય.

(૯૫) **"પાણીજન્ય રોગો"** એટલે કે ખૂબ જ સામાન્ય રીતે રોગકારક સૂક્ષ્મ સજીવો દ્વારા ફેલાતા રોગો કે જે તાજા પાણીમાંથી ફેલાય. સામાન્ય રીતે નાહવાથી, ધોવાથી, પીવાથી, રસોઇ બનાવવાથી અથવા ખાવાથી ચેપ લાગે છે.

(૯૬) **"આવરણ"** એટલે કે પ્લાસ્ટીક અથવા બીજુ યોગ્ય તે અથવા મંજુર કરવામાં આવેલ વસ્તુ કે જેનાથી આવરણ કરવાથી તે બંધ કરવામાં આવેલા કચરામાંથી છીદ્રો અને કાણાંઓ પુરાઇ જાય.

(૯૭) **"બિન ઉપયોગી (ઓર્ફન વેસ્ટ)"** ઇલેક્ટ્રોનિક પ્રોડક્ટ, ઉત્પાદન કરનારને ઓળખી શકાતા ન હોય અથવા હવે આ ધંધો કરતા ન હોય અને તેમના વારસદારોને આ ધંધામાં રસ ન હોય તથા આ કાયદાના અમલની તારીખ પહેલાં નકામા થઇ ગયા હોય.

----------

# પ્રકરણ : 3

# કચરાનું વર્ગીકરણ

**૫.કચરાનું વર્ગીકરણ –કચરાને નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવેલ છે :**

(૧) રાખ

(૨) બાયો-ડીગ્રેડેબલ કચરા / ભીનો કચરો

(3) બાયો-મેડીકલ કચરો

(૪) બગીચા અને બાગાયતનો જથ્થાબંધ કચરો

(૫) જથ્થાબંધ કચરો

(૬) વાણિજ્યિક કચરો

(૭) વાણિજ્યિક / ઘરઘથ્થુ જોખમી, બાયો-મેડીકલ અને સેનેટરી કચરો

(૮) બાંધકામ અને તેને તોડી પાડવાથી થતો કચરો ( કન્સ્ટ્રક્શન અને ડીમોલીશન વેસ્ટ)

(૯) મરી ગયેલા પ્રાણીઓ

(૧૦) ઘરેલુ ગટરનું ગંદુ પાણી ( Domestic Sewarage)

(૧૧) કતલખાના/મટન/ચીકનનો કચરો

(૧૨) ઇ-કચરો

(૧૩) ગંદકી (ગાર્બેજ)

(૧૪) બગીચાનો કચરો

(૧૫) જોખમી કચરો

(૧૬) ઘરઘથ્થુ / રહેણાંકનો કચરો

(૧૭) ઔદ્યોગિક કચરો

(૧૮) આંતરિક ઘન કચરો

(૧૯) સંસ્થાઓનો કચરો

(૨૦) પ્રવાહી કચરો

(૨૧) મ્યુનિસિપલ ઘન કચરો

(૨૨) મ્યુનિસિપલ કચરો

(૨૩) પુનઃ ઉપયોગમાં લઇ શકાય તેવો કચરો / સૂકો કચરો

(૨૪) સેપ્ટેજ

(૨૫) ગટરનો પ્રવાહી કચરો

(૨૬) ગટરનો ઘન કચરો

(૨૭) ગલી વાળવી

(૨૮) ઉપયોગ થવાથી થતો કચરો

(૨૯) પ્લાસ્ટીક કચરો

(૩૦) રેડીયોએક્ટીવ વેસ્ટ

૧. **“રાખ”**માં લાકડુ, કોલસો, ડામર, કોક અને બીજા જ્વલનશીલ પદાર્થો કે જે ઘરમાં, સંસ્થાઓમાં અને નાના ઔદ્યોગિક એકમોમાં રાંધવા અને બાળવાથી વધેલા અવશેષો. તેમાં પાવડરયુક્ત અવશેષો, અર્ધ બળેલો કોલસો અને ખૂબ પકાવેલી ઇંટો કે જે મેટલ અને ગ્લાસના નાના ટુકડાઓના મિશ્રણથી બનાવેલ હોય તેનો સમાવેશ થાય છે.

૨. **“બાયો-ડીગ્રેડેબલ કચરો / ભીનો કચરો”** તેમાં નગરપાલિકાની હદમાં ઉત્પાદિત થયેલ નીચે જણાવ્યા મુજબના કચરાનો સમાવેશ થાય છે. ( ચ્હાના પાંદડા, ઇંડાની છાલ, ફળ અને શાકભાજીની છાલ, મટન અને હાડકાં, બગીચા અને પાંદડાના અવશેષો-જેમાં ફુલોનો સમાવેશ થાય છે, પ્રાણીઓના અવશેષો, ગંદા કાગળો, સફાઇ પછીની ઘરની ધુળ, નાળિયેરની છાલ, રાખ અને બીજો કચરો કે જે સ્વભાવગત રીતે જૈવિક હોય.)

૩. **"બાયો મેડીકલ કચરો"** તેમાં કોઇપણ પ્રકારનો કચરો કે જે માણસો અને પ્રાણીઓના નિદાન, ઉપચાર અને તેમના રસીકરણ વખતે ઉત્પન્ન થાય અથવા તેને લગતા સંશોધન અંગેની પ્રવૃત્તિમાંથી ઉત્પન્ન થાય અથવા સંસ્થા દ્વારા જૈવિક વસ્તુના ઉત્પાદન અથવા ચકાસણી કે જેમાં સમાવેશ થાય છે પરંતુ મર્યાદિત નહી તેવી હોસ્પિટલો, નર્સિંગહોમ, ક્લીનીક, ડીસ્પેન્સરી,વેટેનરી સંસ્થાઓ, પ્રાણીઓના તબેલા, પેથોલોજીકલ લેબોરેટરી, બ્લડ બેન્ક વિગેરે. સદર કચરાને વધુમાં નીચે પ્રમાણે વર્ગીકૃત કરવામાં આવે છે.

(૧) માનવીય શારીરિક કચરો કે જેમાં માણસની માંસપેશીઓ, અંગો અને શરીરના ભાગોનો સમાવેશ થાય છે.

(૨) પ્રાણીઓનો કચરો (પ્રાણીઓની માંસપેશીઓ, શરીરના ભાગો, મડદા પરના લોહીવાળા ભાગો, પ્રવાહી, લોહી અને સંશોધન માટે ઉપયોગમાં લેવાતા પ્રાણીઓનો કચરો જે વેટનરી હોસ્પિટલ, કોલેજો દ્વારા ઉત્પન્ન કરવામાં આવે, હોસ્પિટલો, પ્રાણીઓના તબેલા.)

(૩) માઇક્રોબાયોલોજી / બાયો ટેકનોલોજી કચરો (લેબોરેટરી કલ્ચર સ્ટોક અથવા સૂક્ષ્મ સજીવો લાઇવના નમુના અથવા આપવામાં આવેલ રસીઓ, માનવીય અને પ્રાણીજન્ય સેલ કલ્ચર કે જેનો રીસર્ચમાં ઉપયોગ થાય છે અને રીસર્ચમાંથી ચેપી વસ્તુઓ અને ઔદ્યોગિક લેબોરેટરીઓ, બાયોલોજીકલ ઉત્પાદનો, ઝેરી રસાયણો, ડીશો અને સાધનો કે જે આવી સંસ્કૃતિને તબદીલ કરવા ઉપયોગમાં લેવામાં આવે છે.)

(૪) અણીદાર કચરો ( સોયો, સીરીંજો, સ્કાલપેલ, બ્લેડ, ગ્લાસ વિગેરે કે જેનાથી પંચર અને કટ થઇ શકે. આમાં વાપરેલી અને વાપર્યા વગરની બંન્ને પ્રકારની અણીદાર વસ્તુઓનો સમાવેશ થાય છે.)

(૫) કાઢી નાખવામાં આવેલ દવાઓ અને સાયટોટોક્ષિક દવાઓ

(સમયમર્યાદા બહારનો, ખરડાયેલ અને કાઢી નાખવામાં આવેલી દવાઓ સહીતનો કચરો)

(૬) ઘન કચરો (એવી વસ્તુઓ કે જે લોહીથી ખરડાયેલી હોય અને શરીરમાંથી નીકળતું પ્રવાહી : જેમાં કોટન, ડ્રેસીંગ્સ, પ્લાસ્ટરના બીબા, પથારીઓ, બીજી વસ્તુઓ કે જે લોહીથી ખરડાયેલી હોય.)

(૭) ઘન કચરો ( ડીસ્પોઝેબલ વસ્તુઓથી ઉત્પાદિત થયેલ કચરો સિવાય કે અણીદાર કચરો જેવો કે અણીદાર કચરો, ટ્યુબો, મૂત્ર નલિકા, નસની અંદર દાખલ કરેલ સેટ વિગેરે)

(૮) પ્રવાહી કચરો (લેબોરેટરી અને ધોવાણ, સફાઇ, હાઉસ કીપીંગ અને બિનચેપી પ્રવૃત્તિઓથી ઉત્પાદિત થયેલ કચરો)

(૯) બળેલી રાખ (કોઇપણ બાયોમેડીકલ કચરાને બાળવાથી થતી રાખ)

(૧૦) રસાયણિક કચરો (રસાયણો કે જે બાયોલોજીકલ, રસાયણોના ઉત્પાદનમાં ઉપયોગમાં લેવામાં આવે છે કે જે બિનચેપી કરવા માટે ઉપયોગમાં લેવામાં આવે અને જંતુનાશકો વિગેરે)

૪. **“બગીચા અને બાગાયતનો જથ્થાબંધ કચરો”** જેમાં પાર્ક, બગીચાઓ, ટ્રાફીક જંક્શન વિગેરેના જથ્થાબંધ કચરાનો સમાવેશ થાય છે અને તેમાં ઘાસની કુંપળો, જંગલી છોડ, લાકડાં જેવું છીકણી મટીરીયલ કે જે કપાયેલ શાળાઓ, ડાળીઓ, લાકડાની ચીરીઓ, સ્ટ્રો અને ખરી પડેલ પાંદડાઓ, કપાયેલ ઝાડ કે જેને બાયો-ડીગ્રેડેબલ કચરા માટે રોજેરોજ એકત્રિત કરવાની પધ્ધતિમાં સમાવી શકાતો ન હોય.

૫. **“જથ્થાબંધ કચરો”** જેમાં વાણિજ્યિક/રહેણાંકના કચરાનો સમાવેશ થાય છે કે જે તેના જથ્થા, આકાર, કદ અથવા સંખ્યા કે જે નગરપાલિકાના મતે નગરપાલિકા

દ્વારા આપવામાં આવેલ નિયમિત ડોર-ટુ-ડોર સેવા દ્વારા નિકાલ કરવો અનુકૂળ નથી.

૬. **"વાણિજ્યીક કચરો"** જેમાં કચેરીઓ, જથ્થાબંધ અને છુટક દુકાનો, રેસ્ટોરન્ટસ, બજારો, વેરહાઉસ અને બીજા વાણિજ્યીક સ્થાપનો કે જે વાણિજ્યીક પ્રવૃત્તિમાં સંકળાયેલા હોય તેમાંથી ઉત્પાદન થયેલા હોય તેનો સમાવેશ થાય છે. સદર કચરામાં ગંદવાડો અને ગંદા કચરાનો સમાવેશ થાય છે.

૭. **"વાણિજ્યિક / ઘરઘથ્થુ જોખમી, બાયો-મેડીકલ અને સેનેટરી કચરો"** જેમાં નીચે મુજબના કચરાનો સમાવેશ થાય છે.

(૧) ઘરઘથ્થુ સફાઇ કરનારા

- એબ્રેસીવ પાવડર
- એરોસોલ કેન્સ
- એમોનીયા અને એમોનીયા આધારિત સફાઇની વસ્તુઓ
- ક્લોરીન બ્લીચીઝ
- ડ્રેઇન ઓપનર્સ
- ફર્નીચર પોલીશ
- ગ્લાસ ક્લીનર્સ
- ઓવન ક્લીનર્સ
- શૂ પોલીશ
- સિલ્વર પોલીશ
- સ્પોટ રીમુવર
- ટોઇલેટ બાઉલ ક્લીનર
- ફ્લોરસ્ટ્રે એન્ડ કાર્પેટ ક્લીનર

(૨) વ્યક્તિગત કાળજી માટે ઉત્પાદિત વસ્તુઓ

- મેડીકેટેડ શેમ્પુ
- મેઇલ પોલીશ રીમુવર
- બધી જ કોસ્મેટીક વસ્તુઓ

(3) ઓટોમોટીવ પ્રોડક્ટ

- બ્રેક અને ટ્રાન્સમીશન ફ્લુઇડ
- કાર બેટરીઓ
- ફ્યુઅલ જેવા કે સ્પેન્ટ ડીઝલ, કેરોસીન અને ગેસોલીન
- વેસ્ટ એન્જીન અને લુબ્રીકેન્ટ ઓઇલ
- ઓઇલ ફીલ્ટર્સ અને કાર કેર પ્રોડક્ટસઅને કન્ઝયુમેબલ

(૪) પેઇન્ટ પ્રોડક્ટ

- ઇનામેલ
- ઓઇલ બેઝ્ડ, લેટેક્ષ અથવા પાણી આધારિત પેઇન્ટ
- પેઇન્ટ સોલ્વન્ટ અને થીનર્સ
- ઓઇલ, ગ્લુ અને તેના ખાલી કન્ટેનર્સ

(૫) પરચૂરણ ઉત્પાદિત વસ્તુઓ

- ફ્લેશ લાઇટની બેટરીઓ અને બટન સેલ
- ફોટોગ્રાફીક કેમિકલ્સ
- એસીડ કે જે સંડાસની સફાઇમાં વપરાય
- જંતુનાશક, નિંદામણ નાશક અને કીડી, વંદા, મચ્છર મારવાની દવા અને તેના ખાલી ડબ્બા
- રાસાયણિક ખાતર
- લાઇટ બલ્બ, ટ્યુબ લાઇટો અને કોમ્પેક્ટ ફ્લોરેસન્ટ લેમ્પ (CFL)
- સ્ટ્રાયોફોમ અને સોફ્ટ ફોમ પેકેજીંગ, નવા સાધનો દ્વારા જેમાં થર્મોકોલ

મટીરીયલનો સમાવેશ થાય છે

- ઇન્જેક્શનની સોયો અને સીરંજો, શાર્પ્સ વિગેરે તેના બગડ્યા પછી

- કાઢી નાખવામાં આવેલી સમયમર્યાદા બહારની દવાઓ કે જેમાં પ્રવાહી અને ટેબલેટનો સમાવેશ થાય છે

- થર્મોમીટરો અને પારાવાળી ઉત્પાદિત વસ્તુઓ

- સેનેટરી નેપકીન, ટોવેલ, ડીસ્પોઝેબલ ડાઇપર્સ અને ઇનકોન્ટીનેન્સ પેડ(નિકાલ કર્યા પહેલા પોલીથીન બેગમાં કરીને )

૮. **"બાંધકામ અને તેને તોડી પાડવાથી થયેલ કચરો (કન્સ્ટ્રક્શન અને ડીમોલીશન વેસ્ટ)"** જેમાં બાંધકામ, નવીનીકરણ, મરામત અને ઘરો, વાણિજ્યીક બહુમાળી મકાનો અને બીજા સ્થાપત્યો તોડી પાડવાથી ઉત્પન્ન થયેલ નકામી વસ્તુઓનો સમાવેશ થાય છે. તેમાં મુખ્યત્વે નીચે મુજબની વિગતોનો સમાવેશ થાય છે.

(૧) મોટી વસ્તુઓ (સિમેન્ટ, કોંક્રીટ, ઇંટો, સિમેન્ટ પ્લાસ્ટર, સ્ટીલ (આર.સી.સી. દરવાજા / બારીઓની ફ્રેમો, છાપરાના આધાર, દાદરાની રેલીંગ વિગેરે), રોડાં, પત્થર (માર્બલ, ગ્રેનાઇટ, સેન્ડ સ્ટોન વિગેરે), ટીમ્બર / વુડ (ખાસ કરીને જુના બહુમાળી મકાનો તોડી પાડવાથી) છાપરા માટેની વસ્તુઓ

(૨) નાની વસ્તુઓ પાઇપો / ચેનલ (લોખંડ, પ્લાસ્ટીક), પાઇપો (જીઆઇ, લોખંડ, પ્લાસ્ટીક), ઇલેક્ટ્રીકલ અને પ્લમ્બીંગ ફીક્ચર્સ પેનલો, (લાકડાની લેમીનેટેડ), બીજો કચરો (ગ્લેઝ ટાઇલ્સ, ગ્લાસ પેન વિગેરે)

૯. **"મરી ગયેલા પ્રાણીઓ"**માં એવા મૃત પ્રાણીઓનો સમાવેશ થાય છે કે જે કુદરતી અથવા અકસ્માતે મૃત્યુ પામેલ હોય. તેમાં કતલખાનાઓમાંથી નીકળેલ હાડપીંજર અને પ્રાણીઓના અવશેષોનો સમાવેશ થતો નથી.

૧૦. **"ઘરેલું ગટરનું ગંદુ પાણી"**માં મનુષ્યનો મળ તથા ખોરાક અને પીણાની બનાવટ તથા વપરાશથી ઉદભવતો પાણીજન્ય કચરો તેમજ વાસણોની સફાઇ, નહાવા-ધોવા અને સામાન્યતઃ ઘરને ચોખ્ખુ રાખવા માટે તેમજ લોન્ડ્રી વિગેરેમાંથી નીકળતું પાણી સિવાય કે સ્વ-સેવાકીય લોન્ડ્રી મશીનમાંથી નીકળતો પાણીજન્ય કચરો.

૧૧. **"કતલખાના/મટન/ચીકનનો કચરો"** જેમાં કતલખાનાઓ, મટન અને ચીકન સ્ટોલ અનેતેના વેચાણ કેન્દ્રોમાંથી ઉત્પન્ન થતા કચરાનો સમાવેશ થાય છે.

૧૨. **"ઇ-કચરો"** જેમાં નીચે જણાવેલા ઇલેક્ટ્રીકલ અને ઇલેક્ટ્રોનિક સાધનો કે ઇ-વેસ્ટ મેનેજમેન્ટ એન્ડ હેન્ડલીંગ રૂલ્સ,૨૦૧૧ અને જે વખતોવખત સુધારવામાં આવેલા છે તેના પરિશિષ્ટ-૧ની યાદીમાં જણાવવામાં આવેલ છે તેનો સમાવેશ થાય છે. તે આખેઆખા અથવા ભાગોમાં અથવા તેના ઉત્પાદનથી અને મરામતની પ્રક્રીયા દરમ્યાન તેને રદ્દ કરવામાં આવેલા છે કે જેને કાઢી નાખવાનો ઇરાદો રહેલ હોય.

(૧) ઇન્ફોર્મેશન ટેકનોલોજી અને ટેલીકોમ્યુનિકેશન ઇક્વીપમેન્ટ

- સેન્ટ્રલાઇઝ ડેટા પ્રોસેસીંગ યુનિટ (CPU)
- મેઇનફ્રેમ, મીની કોમ્પ્યુટર
- પર્સનલ કોમ્પ્યુટર
- પર્સનલ કોમ્પ્યુટર (સેન્ટ્રલાઇઝ ડેટા પ્રોસેસીંગ યુનિટ /આઉટપુટ ડીવાઇસ સાથે)
- લેપટોપ કોમ્પ્યુટર (સેન્ટ્રલાઇઝ ડેટા પ્રોસેસીંગ યુનિટ /આઉટપુટ ડીવાઇસ સાથે)
- નોટબુક કોમ્પ્યુટર
- નોટપેડ કોમ્પ્યુટર

- પ્રિન્ટર (જેમાં કાર્ટીઝનો સમાવેશ થાય છે)
- કોપીંગ ઇક્વીપમેન્ટ
- ઇલેક્ટ્રીકલ અને ઇલેક્ટ્રોનીક ટાઇપ રાઇટર
- યુઝર ટર્મીનલ સિસ્ટમ
- ફેસીમાઇલ
- ટેલેક્ષ
- ટેલિફોન
- પે ટેલિફોન
- કોર્ડલેસ ટેલિફોન
- સેલ્યુલર ટેલિફોન
- આન્સરીંગ સિસ્ટમ

(૨) કન્ઝયુમર ઇલેક્ટ્રીકલ્સ અને ઇલેક્ટ્રોનીક્સ

- ટેલવિઝન સેટ (જેમાં લિક્વીડ ક્રિસ્ટલ ડિસ્પ્લે (LCD) આધારીત સેટ અને લાઇટ એમીટીંગ ડાયોડ (LED) ટેકનોલોજીનો સમાવેશ થાય છે.), રેફ્રીજરેટર, વોશીંગ મશીન, એરકન્ડીશન (AC) (સિવાય કે સેન્ટ્રલાઇઝ્ડ એરકન્ડીશન પ્લાન્ટ).

૧૩. **“ગંદકી (ગાર્બેજ)”** જેમાં પ્રાણીઓ અને શાકભાજીનો કચરો કે જે સંભાળ, સંગ્રહ, વેચાણ, રસોઇની પૂર્વ તૈયારી, રાંધવા અને ખોરાક પીરસવાના પરિણામે ઉદભવે છે, તેનો સમાવેશ થાય છે.

૧૪. **“બગીચાનો કચરો”** જેમાં સામાન્ય ઘરઘથ્થુ બગીચાની પ્રવૃત્તિઓના પરિણામે ઉત્પન્ન થતા કચરાનો સમાવેશ થાય છે. જેમાં ઘાસ કાપવુ, પાંદડા, છોડ, ફુલો અને બીજી તેવી જ નાની અને સામાન્ય ઓર્ગેનિક વસ્તુઓનો સમાવેશ થાય છે. પરંતુ તેમાં ઝાડની શાખાઓનો સમાવેશ થતો નથી કે જે તેની લંબાઇમાં કોઇપણ

જગ્યાએથી ૪૦ એમ.એમ. કરતા વધારે જાડી હોય, જથ્થાબંધ કચરો, બાંધકામનો કચરો, બાંધકામનો કચરો અથવા બગીચામાં કામ કરવાની પ્રવૃત્તિઓના પરિણામે ઉત્પન્ન થતો કોઇપણ કચરો.

૧૫. **"જોખમી કચરો"** જેમાં કોઇપણ કચરો કે જેના ભૌતિક, રાસાયણિય, રીએક્ટીવ, ટોક્સીક, જ્વલનશીલ, એક્સપ્લોઝીવ અથવા કોરોસીવ લક્ષણોના કારણે જોખમ ઉભુ કરે અથવા સ્વાસ્થ્ય તથા પર્યાવરણને જોખમ ઉભું કરે, જ્યારે તે એકલું હોય અથવા જ્યારે તે બીજા કચરાના અથવા બીજી વસ્તુઓના સંપર્કમાં આવે તેનો સમાવેશ થાય છે. તેમાં હેઝાર્ડ્સ વેસ્ટ (મેનેજમેન્ટ, હેન્ડલીંગ અને ટ્રાન્સબાઉન્ડ્રી મુવમેન્ટ) રૂલ્સ, ૨૦૦૮ કે જે સેન્ટ્રલ ગર્વમેન્ટ દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ હેઠળ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે તેના નિયમ ૩(૧)માં દર્શાવવામાં આવેલ જોખમી કચરાનો પણ સમાવેશ થઇ જાય છે.

૧૬ **"ઘરઘથ્થુ રહેણાંક કચરો"** જેમાં કોઇપણ એક અથવા ઘણા બધા કુટુંબ ધરાવતા ઘરોના યુનિટ દ્વારા ઘરઘથ્થુ પ્રવૃત્તિઓ જેવી કે રાંધવુ, સફાઇ, મરામત, શોખ, સજાવટ, ખાલી કન્ટેનર પકેજીંગ, ક્લોથીંગ, બુક્સ, લખાણના કાગળો, ન્યુઝ પેપર્સ, ફર્નીશીંગ વિગેરેના લીધે ઉત્પાદિત થયેલા કચરાનો સમાવેશ થઇ જાય છે.

૧૭. **"ઔદ્યોગિક કચરો"** જેમાં ઉત્પાદન પ્રક્રીયામાં કાઢી નાખવામાં આવેલી ઘન વસ્તુઓ અને ઔદ્યોગિક કાર્યવાહીઓ કે જેમાં મોટા પ્રમાણમાં વસ્તુઓને આવરી લેવામાં આવે છે કે જે દરે ઉદ્યોગમાં વિભિન્ન હોય છે. તેમાં નાના ઔદ્યોગિક પ્લાન્ટના ઘનકચરાનો પણ સમાવેશ થાય છે અને પાવરપ્લાન્ટમાંની રાખ તથા મડદા પરના તેમજ કતલખાનાઓમાંથી પ્રાણીઓના શરીરના ભાવો કે જે સામાન્ય ક્રમમાં મ્યુનિસિપલ જમીન પુરાણમાં નિકાલ કરવામાં આવે છે.

૧૮. **"નિષ્ક્રીય ઘન કચરો''**એટલે કે કોઇપણ ઘન કચરો અથવા પ્રક્રીયાનો અંત. જેમાં ભૌતિક, રાસાયણિક અને બાયોલોજીકલ લક્ષણો તેને સેનેટરી જમીન પુરાણ અંગે તેને યોગ્ય બનાવશે.

૧૯. **"સંસ્થાકીય કચરો"** જેમાં સંસ્થાઓ જેવી કે સ્કુલો, કોલેજો, પબ્લીક લાયબ્રેરીઓ, યુનિવર્સીટીઓ, રીસર્ચ ઓર્ગેનાઇઝેશનો વિગેરેમાંથી ઉત્પન્ન થતા કચરાનો સમાવેશ થાય છે.

૨૦. **"પ્રવાહી કચરો"**જેમાં ગટરના પ્રવાહી અને સેપ્ટેજ કચરાનો સમાવેશ થાય છે.

૨૧. **"મ્યુનિસિપલ ઘન કચરો"** જેમાં વાણિજ્યીક, રહેણાંક અને બીજોકચરો કે જે નગરપાલિકાની હદમાં ઉત્પન્ન થતો હોય, જે ઘનહોયઅથવા અર્ધઘન સ્વરૂપમાં હોય, સિવાય કે ઔદ્યોગિક જોખમી કચરો અને તેમાં બાયો-મેડીકલ વેસ્ટ તરીકે ગણવામાં આવેલ કચરાનો સમાવેશ થઇ જાય છે.

૨૨. **"મ્યુનિસિપલ કચરો"** કે જેમાં મ્યુનિસિપલ પ્રવૃત્તિઓ અને સેવાઓમાંથી પરિણમતા કચરાનો સમાવેશ થાય છે અને તેમાં એ કચરાનો પણ સમાવેશ થાય છે કે જે જાહેર સ્થળોએ નાખવામાં આવેલ છે, જેવો કે ગલીનો કચરો, મૃત પ્રાણીઓ, બજારનો કચરો વિગેરેનો સમાવેશ થાય છે.

૨૩. **"પુનઃ ઉપયોગમાં લઇ શકાય તેવો કચરો / સૂકો કચરો"** જેમાં નીચે જણાવેલ કચરો કે જે નગરપાલિકા હદમાં ઉત્પન્ન થયેલ હોય તેનો સમાવેશ થાય છે.

(૧) કાગળની પેદાશો- ન્યુઝપેપર, કોમ્પ્યુટર પ્રિન્ટઆઉટ, લખવા માટેનો કાગળ, કવર, કાર પાર્કીંગની કુપન, બ્રોશર અથવા પેમ્ફલેટ, મેગેઝીન, ચોપડીઓ, કાર્ડબોર્ડ અને કાગળનું પેકીંગ (જેવું કે ખાદ્ય પદાર્થનું બોક્ષ અને પાણીના કાર્ટુન) ખોરાક ઉપરના કાગળના કવર અને બીજી કાગળની પોદશો.

(૨) ધાતુની પેદાશો – કેન અને કન્ટેનરો કે જે મેટલમાંથી બનાવવામાં આવેલ

હોય જેવાં કે ઠંડા પીણાના કેન, દુધના પાવડરના ટીન અને ફુડ કેન.

(૩) પ્લાસ્ટીક અને રબર પેદાશ – બોટલો અથવા કન્ટેનરો કે જે પ્લાસ્ટીકમાંથી બનાવવામાં આવેલ હોય જેવાં કે ડીટર્જન્ટ કન્ટેનર, દૂધના કન્ટેનર, મીનરલ વોટરની બોટલ, ઠંડાપીણા ની બોટલ, પ્લાસ્ટીકની બેગ, પ્લાસ્ટીકના પેકેજીંગ અને બીજી પ્લાસ્ટીકની પેદાશો સિવાય કે સ્ટાયરોફોમ, ડીસ્પોઝેબલ કટલરી અને ક્રોકરી.

(૪) કાચની પેદાશો – બરણીઓ, બોટલો, બારીના ગ્લાસ, પોર્સેલીન, સીરામિક અને માછલીઘર પરંતુ તેમાં લાઇટના બલ્બનો સમાવેશ થતો નથી.

(૫) કોઇપણ પદાર્થ કે જે તેની પ્રકૃતિ પ્રમાણે ફરી બનાવી શકાય તેમ હોય.

૨૪. **"સેપ્ટેજ વેસ્ટ"** તેમાં સેપ્ટીક ટેન્ક, સ્લજ કે કાચા પ્રાથમિક સ્લજ અને એરોબીકલી ઉત્પાદિત કરવામાં આવેલા સ્લજના મિશ્રણથી બનાવાવમાં આવેલ છે તેનો સમાવેશ થાય છે. જે સખત દુર્ગંધ અને જે દેખાવે અને તેમાં સારા પ્રમાણમાં ગ્રીસ, ગ્રીટ, વાળ, ડેબ્રીસ અને પેથોજેનીક માઇક્રો ઓર્ગેનિઝમ રહેલહોય. સદર કચરાને વધુમાં વધુ નીચે જણાવેલ વર્ગોમાં વર્ગીકૃત કરવામાં આવેલ છે.

(૧) સ્થાનિક સેપ્ટેજ

(૨) ઔદ્યોગિક સેપ્ટેજ

(૩) ગ્રીસ સેપ્ટેજ

૨૫. **"સુએજ ઘન કચરો"** જેમાં કાચા અને સુએજ તરીકે ગણાતા ઓર્ગેનિક સ્લજની પ્રક્રીયાથી ઉત્પન્ન થતી વધારાની ઉત્પાદિત વસ્તુઓનો સમાવેશ થાય છે.

૨૬. **"સુએજ પ્રવાહી કચરો "** તેમાં ઘરો, વાણિજ્યીક સંસ્થાનો અથવા જાહેર સંડાસોમાંથી ઉત્પન્ન થા સુએજ કચરાનો સમાવેશ થાય છે અને તેમાં ગેસના ગુણધર્મો અને અવશેષો રહેલા હોય છે.

૨૭. **"ગલી વાળવી"** તેમાં ગલીઓ, ચાલવાના રસ્તાઓ, સાંકડી ગલી, બગીચાઓ અને ખાલી જગ્યાઓ માંથી એકત્રીત કરેલ કચરાનો સમાવેશ થાય છે.

૨૮. **"ઉપયોગ થવાથી થતો કચરો (યુટીલીટી વેસ્ટ)"** જેમાં જાહેર સ્થાપત્યના પ્રોજેક્ટ જેવા કે રોડ, બ્રીજ, ટોલબુથ વિગેરેના બાંધકામનો સમાવેશ થાય છે. જે કેન્દ્ર અને રાજ્ય સરકારના કોન્ટ્રક્ટરો / એજન્ટો / વ્યક્તિઓ દ્વારા કરવામાં આવે છે.

૨૯. **"પ્લાસ્ટીક કચરો "** જેમાં કોઇપણ પ્લાસ્ટીકની પેદાશો જેવી કે કેરી બેગ્સ, પાઉચ અથવા એક કરતા વધારે કવરવાળા પેકેજીંગનો સમાવેશ થા છે. જેને ઉપયોગ કર્યા પછી અથવા ઉપયોગ કરવા તરીકેનો સમય પૂર્ણ થયા બાદ તેનો નાશ કરવાનો હોય.

૩૦. **"રેડીયોએક્ટીવ વેસ્ટ"** એટલે કે એવો કચરો કે જે રેડીયોન્યુક્લાઇડ જથ્થો ધરાવતું હોય અથવા એવો જથ્થો કે જેને સક્ષમ સત્તાવાર ગેઝેટમાં નોટીફીકેશનથી પ્રસિધ્ધ કરવામાં આવેલ હોય.

----------

# પ્રકરણ : ૪

## કચરો ઉત્પાદીત કરનાર

**૬. સદર બાયલોઝના હેતુ માટે કોઇપણ માલિક, વ્યવસ્થાતંત્ર, ચોક્કસ સમય માટેના પ્રમુખ, સેક્રેટરી, ડિરેક્ટર, ટ્રસ્ટી, મેનેજર, કબજેદાર, મુખ્ય સત્તાધિકારી અથવા કોઇપણ વ્યક્તિ કે જે નીચે દર્શાવેલા જૂથોનું પ્રતિનિધિત્વ કરતું હોય. તેમને કચરો ઉત્પાદન કરનાર તરીકે ગણવામાં આવશે.**

**--- રહેણાંક :**

(૧) વ્યક્તિગત ઘર ધરાવનાર

(૨) સરકારી અને ખાનગી કોલોનીઓ / સોસાયટીઓ

(૩) બંગલાઓ, બહુમાળી મકાનો, એપાર્ટમેન્ટો, રો હાઉસો, ટેનામેન્ટો, ટાઉનશીપો, હોસ્ટેલો

(૪) ઝુંપડપટ્ટીઓ, ચાલીઓ

**--- વાણિજ્યીક :**

(૫) હોટલો, રેસ્ટોરન્ટો અને બીજા ખાદ્યગૃહો

(૬) દુકાનો, કચેરીઓ અને બીજી વાણિજ્યીક પેઢીઓ / દુકાનો

(૭) મેરેજ હોલ, વાડી, વેચાણ મેળા, પાર્ટી પ્લોટ, કોમ્યુનિટી હોલ, ક્લબ વિગેરે

(૮) શાકભાજી/ફ્રુટની દુકાનો/ ફેરીયાઓ અને ફુલ બજારો

(૯) મચ્છી, મટન બજાર/ કતલખાનાઓની દુકાનો / ફેરીયાઓ અને મટનના સ્ટોલ

(૧૦) શેરીના ફેરીયાઓ, ગુજરી બજાર અને પાથરણાઓ

(૧૧) બાંધકામવાળી જગ્યાઓ

(એ). બાંધકામ અને તેને તોડી પાડવાથી થયેલ કચરાના જથ્થાબંધ ઉત્પાદકો

(બી). બાંધકામ અને તેને તોડી પાડવાથી થયેલ કચરાના નાના પ્રમાણના ઉત્પાદકો

**--- અન્ય :**

(૧૨) શૈક્ષણિક સંસ્થાનો

(૧૩) હોસ્પિટલો અને બીજા હેલ્થ કેર સંસ્થાઓ (જેમાં ડીસ્પેન્સરીઓ અને દવાના ડીલરો અને રાસાયણિક બનાવટોનો સમાવેશ થઇ જાય છે.)

(૧૪) જાહેર અને ખાનગી બગીચા

(૧૫) પૌરાણિક સ્થાપત્ય

(૧૬) ધાર્મિક જગ્યાઓ

(૧૭) ઉદ્યોગો

(૧૮) ઘરઘથ્થુ ઉદ્યોગો

(૧૯) ડેરી અને પ્રાણીઓના તબેલા

(૨૦) વર્કશોપ અને ગેરેજ

૧. “વ્યક્તિગત રહેણાંક” એટલે કે જેમાં બધા જ વ્યક્તિઓ કે જે રહેણાંક મકાનનો કબજો ધરાવતા હોય તેનો સમાવેશ થાય છે. રહેણાંક મકાનમાં ઘર, એપાર્ટમેન્ટ, ફરતા ઘર, રૂમોનો સમુહ, એક રૂમ કે જેનો કબજો રાખવામાં આવેલ હોય (અથવા જો તે ખાલી હોય અને જેનો કબજો લેવામાં આવનાર હોય), જે અલગથી રહેવામાટેના ઘર તરીકે હોય. સદ બાયલોઝના હેતુ માટે ઘરના માલિક અથવા

કબજેદાર અથવા વ્યક્તિ કે જે તેનું પ્રતિનિધિત્વ કરતા હોય તેને ઉત્પાદક તરીકે ગણવામાં આવશે.

૨. “સરકારી અને ખાનગી કોલોનીઓ / સોસાયટીઓ” એટલે કે તેમાં કોઇપણ વર્ગના સભ્યો તરીકે સાથે રહેતા વ્યક્તિઓનો સમાવેશ થઇ જાય છે. સદર બાયલોઝના હેતુ માટે પ્રમુખ, સોસાયટીના સેક્રેટરી અથવા કોઇપણ વ્યક્તિ કે જે તેમનું પ્રતિનિધિત્વ કરતો હોય તેને ઉત્પાદક તરીકે ગણવામાં આવશે. નોંધાયેલ સહકારી મંડળીનું અસ્તિત્વ ન હોવાના પ્રસંગે ઉપરોક્ત દર્શાવેલા ઉત્પાદકોને નગરપાલિકા દ્વારા સદર બાયલોઝની જોગવાઇઓ મુજબ સેનીટેશન કો-ઓર્ડીનેટરની નિમણૂંક કરવા માટે વિનંતી કરવામાં આવશે.

૩. “બંગલાઓ, બહુમાળી મકાનો, એપાર્ટમેન્ટો, રો હાઉસો, ટેનામેન્ટો, ટાઉનશીપો, હોસ્ટેલો” એટલે કે જેમાં દરેક વ્યક્તિઓ કે જે બંગલાઓ, બહુમાળી મકાનો, એપાર્ટમેન્ટો, રો હાઉસો, ટેનામેન્ટો, ટાઉનશીપોમાં રહેતી હોય તેઓનો સમાવેશ થાય છે. સદર બાયલોઝના હેતુ માટે પ્રમુખ, સોસાયટીના સેક્રેટરી અથવા કોઇપણ વ્યક્તિ કે જે તેમનું પ્રતિનિધિત્વ કરતો હોય તેને ઉત્પાદક તરીકે ગણવામાં આવશે. નોંધાયેલ સહકારી મંડળીનું અસ્તિત્વ ન હોવાના પ્રસંગે ઉપરોક્ત દર્શાવેલા ઉત્પાદકોને નગરપાલિકા દ્વારા સદર બાયલોઝની જોગવાઇઓ મુજબ સેનીટેશન કો-ઓર્ડીનેટરની નિમણૂંક કરવા માટે વિનંતી કરવામાં આવશે.

૪. “ઝુંપડપટ્ટીઓ” એટલે કે જેમાં જાહેર કરવામાં આવેલ અને જાહેર ન કરવામાં આવેલ ઝુંપડપટ્ટીઓ, ચાલીઓ અને ઝુંપડીઓ કે જે વાપી નગરપાલિકાની હદમાં આવેલી હશે તેનો સમાવેશ થાય છે. સદર બાયલોઝના હેતુ માટે વ્યક્તિગત રહેણાંકના માલિકો અથવા વ્યક્તિ કે જે તેઓનું પ્રતિનિધિત્વ કરતો હોય તેને ઉત્પાદક તરીકે ગણવામાં આવશે. કોઇપણ વર્ગ આધારિત સંસ્થા /

ગૃપ કે જે ઝુંપડપટ્ટીઓનું પ્રતિનિધિત્વ કરતો હોય તે ન હોવાના પ્રસંગે રહેવાસીઓને નગરપાલિકા દ્વારા સદર બાયલોઝની જોગવાઇઓ મુજબ સેનીટેશન કો-ઓર્ડીનેટરની નિમણૂંક કરવા માટે વિનંતી કરવામાં આવશે.

૫. "હોટલો, રેસ્ટોરન્ટો અને બીજા ખાદ્યગૃહો" એટલે કે જેમાં બધી જ ૫/૪/૩/૨/૧ સ્ટાર હોટલો, સ્ટાર વર્ગ સિવાયની રેસ્ટોરન્ટો, નાસ્તાગૃહો, બેકરીઓ, કેન્ટીનો, ફુડ કોર્ટ અને બીજા બધા જ ખાદ્યગૃહોનો સમાવેશ થાય છે કે જેઓને ચલાવવા માટે નગરપાલિકાના સંબંધિત વિભાગની પરવાનગીની જરૂર હોય છે સિવાય કે વેચાણ કરનારા અને ફેરીયાઓ. સદર બાયલોઝના હેતુ માટે માલિક / પરવાનેદારને ઉત્પાદક તરીકે ગણવામાં આવશે.

૬. "દુકાનો, કચેરીઓ અને બીજી વાણિજ્યીક પેઢીઓ / દુકાનો" એટલે કે સ્થાપનો કે જેમાં નગર પાલિકાના સંબંધિત વિભાગ દ્વારા શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટની નોંધણીની જરૂર હોય તેનો સમાવેશ થાય છે. સદર બાયલોઝના હેતુ માટે માલિક / કબજેદર / મેનેજર અથવા વ્યક્તિ જે તેનું પ્રતિનિધિત્વ કરતો હોય તેને ઉત્પાદક તરીકે ગણવામાં આવશે.

૭. "મેરેજ હોલ, વાડી, વેચાણ મેળા, પાર્ટીપ્લોટ, કોમ્યુનિટી હોલ, ક્લબ વિગેરે" ઉત્પાદકોના સદર વર્ગમાં સામાજીક મેળાવડાના આયોજકો અને જાહેર જગ્યાએ યોજવામાં આવતા પ્રોસેસન, પ્રદર્શન, સર્કસ, મેળા, રાજકીય રેલીઓ, વાણિજ્ય-ધાર્મિક-સાંસ્કૃતિક-સામાજીક કાર્યક્રમો, વિરોધ અને દેખાવો વિગેરેનો પણ સમાવેશ થાય છે. સદર બાયલોઝના હેતુ માટે ઉપરોક્ત કાર્યક્રમોના માલિક / મેનેજર / આયોજકોને ઉત્પાદકો તરીકે ગણવામાં આવશે.

૮. "શાકભાજી/ફ્રુટની દુકાનો/ ફેરીયાઓ અને ફુલ બજારો"માં બંન્ને સ્થાપનો અને મ્યુનિસિપલ તથા ખાનગી બજારોમાં ફેરીયાઓ / રોડની બાજુએ રહેલા વેચાણ કરનારાઓનો સમાવેશ થાય છે. સદર બાયલોઝના હેતુ માટે સદર સગવડોના

માલિકો અથવા કબજોદરો અથવા તો એવા વ્યક્તિ કે જે તેનું પ્રતિનિધિત્વ કરતો હોય તેને ઉત્પાદક તરીકે ગણવામાં આવશે.

૯. "મચ્છી, મટન બજાર/ કતલખાનાઓની દુકાનો / ફેરીયાઓ અને મટનના સ્ટોલ"જેમાં બંન્ને સ્થાપનો અને મ્યુનિસિપલ તથા ખાનગી મચ્છી, મટન બજાર /મતલખાનાઓના બજારના ફેરીયાઓનો સમાવેશ થાય છે. તેમાં મટન / ચીકન સ્ટોલ અને બીજી મટનની ઉત્પાદિત વસ્તુઓના આઉટલેટનો પણ સમાવેશ થાય છે. સદર બાયલોઝના હેતુ માટે સદર સગવડોના માલિકો અથવા કબજોદરો અથવા તો એવા વ્યક્તિ કે જે તેનું પ્રતિનિધિત્વ કરતો હોય તેને ઉત્પાદક તરીકે ગણવામાં આવશે.

૧૦. ગલીના ફેરીયાઓ, ગુજરી બજાર અને પાથરણાંઓ" એટલે કે જેમાં દરેક વ્યક્તિ કે જેને નગરપાલિકાના સંબંધિત વિભાગ પાસે નોંધણી કરાવાવની જરૂર હોય તેવા ગલીના ફેરીયાઓનો સમાવેશ થાય છે.

૧૧. "બાંધકામવાળી જગ્યાઓ" એટલે કે જેમાં નીચે મુજબનાનો સમાવેશ થાય છે.

(એ). "બાંધકામ અને તેને તોડી પાડવાથી થયેલ કચરાના જથ્થાબંધ ઉત્પાદકો" એટલે કે તેમાં નીચે જણાવ્યા મુજબનાનો સમાવેશ થાય છે.

(૧) ખાનગી ક્ષેત્ર / સરકારી માલિકીની અથવા તેમના તાબાળા હેઠળ રહેલા ક્ષેત્રોના બિલ્ડરો અને ડેવલોપરો કે જેઓએ નગરપાલિકા તરફથી બાંધકામ કે જેમાં મોટા બાંધકામના કામો કે જેમાં અલગ અલગ કેન્દ્ર અને રાજ્યના સરકારી વિભાગોના કામોનો સમાવેશ થાય છે તે અંગેની પરવાનગી લેવાની જરૂર છે.

(૨) સગવડો અને તેના કોન્ટ્રાક્ટરો અથવા સરકારી એજન્સીઓ કે જે કનસ્ટ્રક્શન એન્ડ ડીમોલીશન વેસ્ટના ઉત્પાદનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ હોય તેઓને વાપી નગર પાલિકાના ના-વાંધા

પ્રમાણપત્રની જરૂર છે.

(૩) ડી-સીલ્ટીંગ ( વહેતા પાણી નીચે જામતો કચરો / કાંપ) અને ખાડો ખોદનાર કોન્ટ્રાક્ટરો કે જેઓને વાપી નગરપાલિકા દ્વારા નિયુક્ત કરવામાં આવેલ હશે. તેઓ વરસાદી પાણીની ગટરો અને બીજી ફેરફારની પ્રવૃત્તિઓ કરતા હશે.

(બી). "બાંધકામ અને તેને તોડી પાડવાથી થયેલ કચરાના નાના પ્રમાણના ઉત્પાદકો" એટલે કે તેમાં રહેણાંક અને વાણિજ્યીક ઉત્પાદકો કે જે બાંધકામની પ્રવૃત્તિઓ ચલાવતા હોય અથવા અમલમાં મુકતા હોય. જેમાં નાની માત્રામાં બાંધકામનો કચરો (બે ટનથી ઓછો ) ઉત્પન્ન થતો હોય.

૧૨. "શૈક્ષણિક સંસ્થાનો" એટલે કે એવી દરેક સંસ્થા કે જે શિક્ષણને લગતી સેવાઓ વ્યક્તિગત રીતે અથવા દરેક વ્યક્તિગત સુચનાઓ સંબંધિત સેવા પુરી પાડતી અને તેમાં શરૂઆતના ઘોડીયાઘર – આંગણવાડી, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓનો સમાવેશ થાય છે. જેમાં ખાસ કરીને સ્કુલો અને યુનિવર્સિટીઓનો સમાવેશ થાય છે. સદર બાયલોઝના હેતુ માટે સંસ્થાના મુખ્ય કામ કરનાર / ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી અથવા મુખ્ય કામ કરનારાઓનું પ્રતિનિધિત્વ કરનાર કોઇપણ વ્યક્તિને ઉત્પાદક તરીકે ગણવામાં આવશે.

૧૩. "હોસ્પિટલો અને બીજા હેલ્થકેર સંસ્થાનો" એટલે કે જેમાં હોસ્પિટલો, નર્સીંગ હોમ, ક્લીનીક, ડીસ્પેન્સરી, વેટરનરી સંસ્થાઓ, પ્રાણીઓના તબેલા, પેથોલોજીકલ લેબોરેટરીઓ, બ્લડ બેન્કો, દવાઓના ડીલરો અને રાસાયણિક બનાવટો અથવા કોઇપણ એવી સંસ્થાઓનો સમાવેશ થાય છે કે તેમાં બાયો-મેડીકલ કચરાનો ઉદભવ થતો હોય. સદર બાયલોઝના હેતુ માટે આવી

સંસ્થાઓમાં મુખ્ય કામ કરનાર અથવા મુખ્ય કામ કરનાર વ્યક્તિઓનું પ્રતિનિધિત્વ કરતી કોઇપણ વ્યક્તિને ઉત્પાદક તરીકે ગણવામાં આવશે.

૧૪. “જાહેર અને ખાનગી બગીચાઓ” માં સરકાર અથવા ખાનગી વ્યક્તિ દ્વારા માલિકી હક્કો ધરાવવા માં આવતા હોય તેવા પ્લોટનો સમાવેશ થાય છે. જે ફુલો, ઔષધિઓ, શાકભાજી અથવા ફળો ઉગાડવા માટે ઉપયોગમાં લેવાય છે અને / અથવા મનોરંજન માટે ઉપયોગમાં લેવાય છે. સદર બાયલોઝના હેતુ માટે માલિક, વ્યક્તિ કે ચાર્જમાં હોય અથવા તો એવો વ્યક્તિ કે જે તેમનું પ્રતિનિધિત્વ કરતો હોય તેને ઉત્પાદક તરીકે ગણવામાં આવશે.

૧૫. “પૌરાણિક સ્થાપત્ય” એટલે કે જેને ASI દ્વારા સુરક્ષિત સ્થાપત્યની યાદીમાં મુકવામાં આવેલ હોય તેવી મિલકતો અને / અથવા નગરપાલિકાની હેરીટેઝ કન્ઝર્વેશન કમિટી દ્વારા કરવામાં આવેલ જાહેરનામામાં જેનો સમાવેશ કરવામાં આવેલ હોય તેવી મિલકતોનો સમાવેશ થાય છે.સદર બાયલોઝના હેતુ માટે આવી મિલકતોના માલિક, ઇન્ચાર્જ વ્યક્તિ, ટ્રસ્ટી, મેનેજર અથવા તો એવો વ્યક્તિ કે જે તેમનું પ્રતિનિધિત્વ કરતો હોય તેને ઉત્પાદક તરીકે ગણવામાં આવશે.

૧૬. “ધાર્મિક જગ્યાઓ” જેમાં કોઇપણ સ્થાપન અથવા તો સ્થળ કે જ્યાં માણસો ધાર્મિક અભ્યાસ, પુજા-અર્ચનાની પ્રવૃત્તિ કરતા હોય તેનો સમાવેશ થાય છે. સદર બાયલોઝના હેતુ માટે આવી મિલકતોના માલિક, ઇન્ચાર્જ વ્યક્તિ, ટ્રસ્ટી, મેનેજર અથવા તો એવો વ્યક્તિ કે જે તેમનું પ્રતિનિધિત્વ કરતો હોય તેને ઉત્પાદક તરીકે ગણવામાં આવશે.

૧૭. “ઉદ્યોગો” તેમાં બધા જ એવા સ્થાપનો કે જેનો પર્યાવરણ સુરક્ષા અધિનિયમ, ૧૯૮૬ના પરિશિષ્ટ ૧ થી ૪માં સમાવેશ કરવામાં આવેલ હોય અને / અથવા જેનો ઇન્ડીયન ફેક્ટરી એક્ટ હેઠળ સમાવિષ્ટ થયેલ હોય.

૧૮. ‘‘ઘરઘથ્થુ ઉદ્યોગો’’ તેમાં ઘરની વ્યાખ્યામાં પડતા ઘરના કોઇપણ એક અથવા વધુ સભ્યો દ્વારા હાથ ધરવમાં આવેલ ઉદ્યગોનો સમાવેશ થાય છે અથવા સભ્યો દ્વારા બીજા સ્થળોએ હાથ ધરવામાં આવેલ ઉદ્યોગો ( સિવાય કે ઔધ્યોગિક વસાહતો) કે જે ઇન્ડીયન ફેક્ટરી એક્ટ હેઠળ નોંધાયેલ હોય.

૧૯. ‘‘ડેરી અને પ્રાણીઓના તબેલા’’ તેમાં બધા જ રહેણાંક કે જે શહેરની હદમાં રહેલ હોય કે જેઓની મોટાભાગની આવક ખેતી અને બીજા કામો ઉપર સીધી અથવા આડકતરી રીતે આધારિત હોય અને ખેતીને સંબંધિત હોય તેનો સમાવેશ થાય છે. સદર પેટાનિયમોના હેતુ માટે માલિક અથવા સદ સગવડોના કબજેદાર અથવા તો એવા વ્યક્તિઓ કે જે તેનું પ્રતિનિધિત્વ કરતા હોય તેઓને ઉત્પાદક તરીકે ગણવામાં આવશે.

૨૦. ‘‘વર્કશોપ અને ગેરેજ’’ તેમાં કોઇપણ વાણિજ્યીક સંસ્થા કે જ્યાં ઓટોમોબાઇલની મરામત, સર્વીસ તથા તેને પાર્ક કરવામાં આવતા હોય તેવી જગ્યાનો સમાવેશ થાય છે. સદર બાયલોઝના હેતુ માટે માલિક, કબજેદાર અથવા સદર સગવડના મુખ્ય કામ કરનારા અથવા તો એવા વ્યક્તિ કે જે તેનું પ્રતિનિધિત્વ કરતા હોય તેને ઉત્પાદક તરીકે ગણવામાં આવશે.

----------

# પ્રકરણ : ૫

# ધન કચરાને અલગ પાડવો

## ૭. પ્રકરણ ૪ ના કચરો ઉત્પાદિત કરનારોના અનુક્રમ ૧,૨,૩,૫,૬ અને ૧૨ના ઉત્પાદકો દ્વારા ધન કચરાને અલગ પાડવો.

અનુક્રમ ૧,૨,૩,૫,૬ અને ૧૨ના ઉત્પાદકો તેઓના સ્ત્રોત દ્વારા ધન કચરાને નીચે જણાવેલા વર્ગોમાં અલગ પાડશે.

(૧) બાયોડીગ્રેડેબલ કચરો / ભીનો કચરો

(૨) ફરીથી ઉપયોગમાં લઇ શકાય તેવો કચરો / સૂકો કચરો

(૩) બાંધકામ અને તેને તોડી પાડવાથી થતો કચરો

(૪) ઇ-કચરો

(૫) વાણિજ્યીક / ઘરઘથ્થુ રીતે જોખમી, બાયોમેડીકલ અને સેનટરી કચરો

## ૮. પ્રકરણ ૪ ના અનુક્રમ ૪,૭,૮,૯,૧૦,૧૫ અને ૧૬ના ઉત્પાદકો દ્વારા ધન કચરાને અલગ પાડવો.

**પ્રકરણ ૪ ના** અનુક્રમ ૪,૭,૮,૯,૧૦,૧૫ અને ૧૬ના ઉત્પાદકો તેઓના સ્ત્રોત દ્વારા ધન કચરાને નીચે જણાવેલા વર્ગોમાં અલગ પાડશે.

(૧) બાયોડીગ્રેડેબલ કચરો / ભીનો કચરો

(૨) ફરીથી બનાવી શકાય તેવો કચરો / સૂકો કચરો

(૩) બીજો કચરો

## ૯. પ્રકરણ ૪ ના અનુક્રમ ૧૧ના ઉત્પાદકો દ્વારા ધન કચરાને અલગ પાડવો.

**પ્રકરણ ૪ ના** અનુક્રમ ૧૧ના ઉત્પાદકો તેઓના સ્ત્રોત દ્વારા ઘન કચરાને નીચે જણાવેલા વર્ગોમાં અલગ પાડશે.

(૧) ફરીથી તેને તે જ જગ્યાએ ઉપયોગમાં લઇ શકાય / બીજી બાંધકામની જગ્યાએ ફરીથી ઉપયોગમાં લઇ શકાય / ફરીથી બનાવી શકાય.

(૨) જમીન પુરાણ માટે નકામો કચરો

## ૧૦. પ્રકરણ ૪ ના અનુક્રમ ૧૩ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાને અલગ પાડવો.

**પ્રકરણ ૪ ના** અનુક્રમ ૧૩ના ઉત્પાદક હોસ્પિટલ અને બીજી આરોગ્ય સેવાઓ સંભાળતી સંસ્થાઓ તેઓના સ્ત્રોત દ્વારા ઘન કચરાને નીચે જણાવેલા વર્ગોમાં અલગ પાડશે.

(૧) બાયો મેડીકલ કચરો

(૨) બાયોડીગ્રેડેબલ કચરો / ભીનો કચરો

(3) ફરીથી ઉપયોગમાં લઇ શકાય તેવો કચરો / સૂકો કચરો

(૪) બાંધકામ અને તેને તોડી પાડવાથી થતો કચરો

(૫) ઇ-કચરો

## ૧૧. પ્રકરણ ૪ ના અનુક્રમ ૧૪ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાને અલગ પાડવો.

ખાનગી અને જાહેર બગીચાવાળા તેઓના સ્ત્રોત દ્વારા ઘન કચરાને નીચે જણાવેલા વર્ગોમાં અલગ પાડશે.

(૧) બગીચાનો કચરો

(૨) ભીનો કચરો ( બગીચાના કચરા સિવાય)

(3) સૂકો કચરો

## ૧૨. પ્રકરણ ૪ ના અનુક્રમ ૧૭ અને ૧૮ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાને અલગ પાડવો.

**પ્રકરણ ૪ ના** અનુક્રમ ૧૭ અને ૧૮ના ઉત્પાદકો ઔદ્યોગિક ગૃહો તેઓના સ્ત્રોત દ્વારા ઘન કચરાને નીચે જણાવેલા વર્ગોમાં અલગ પાડશે.

(૧) જોખમી કચરો

(૨) બાયોડીગ્રેડેબલ કચરો / ભીનો કચરો

(3) ફરીથી ઉપયોગમાં લઇ શકાય તેવો કચરો / સૂકો કચરો

(૪) બાંધકામ અને તેને તોડી પાડવાથી થતો કચરો

(૫) ઇ-કચરો

## ૧૩. પ્રકરણ ૪ ના અનુક્રમ ૧૯ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાને અલગ પાડવો.

અનુક્રમ ૧૯ના ઉત્પાદક ડેરી અને પશુઓના તબેલા તેઓના સ્ત્રોત દ્વારા ઘન કચરાને નીચે જણાવેલા વર્ગોમાં અલગ પાડશે.

(૧) અવશેષો (મળમૂત્ર અને બીજો જૈવિક કચરો)

(૨) ફરીથી બનાવી શકાય તેવો કચરો / સૂકો કચરો

(3) વાણિજ્યીક / ઘરઘથ્થુ રીતે જોખમી, બાયો-મેડીકલ અને સેનેટરી કચરો

## ૧૪. પ્રકરણ ૪ ના અનુક્રમ ૨૦ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાને અલગ પાડવો.

**પ્રકરણ ૪ ના** અનુક્રમ ૨૦ના ઉત્પાદકો ગેરેજ અને વર્કશોપ તેઓના સ્ત્રોત દ્વારા ઘન કચરાને નીચે જણાવેલા વર્ગોમાં અલગ પાડશે.

(૧) જોખમી કચરો, (૨) બેટરીઓ

(3) બાયો-ડીગ્રેડેબલ કચરો / ભીનો કચરો

(૪) ફરીથી ઉપયોગમાં લઇ શકાય તેવો કચરો / સૂકો કચરો

(૫) બાંધકામ અને તેને તોડી પાડવાથી થતો કચરો

**૧૫. પ્રકરણ ૪ ના અનુક્રમ ૯ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાને અલગ પાડવો.**

અનુક્રમ ૯ના ઉત્પાદકો તેઓના સ્ત્રોત દ્વારા ઘન કચરાને નીચે જણાવેલા વર્ગોમાં અલગ પાડશે.

(૧) પશુવધનો પ્રવાહી કચરો (લોહી, ધોવાથી થયેલ કચરો)

(૨) પશુવધનો ઘન કચરો ( માંસનોકચરો, મટનનો કચરો )

(3) રીસાયકલ કરી શકાય તેવો કચરો ( માથુ અનુ ઘોડાની માળ, કરોડરજ્જુ અને શરીરના બીજા ભાગો), (૪) સૂકો કચરો

**૧૫(૧) પ્રકરણ ૪ ના રહેણાંક,વાણિજ્યીક,અન્ય દ્વારા ઘન કચરાને અલગ પાડવો.**

**(૧) ઘન કચરો ઉત્તપન્ન કરતા દરેક એકમે પોતાનો કચરો સુકો કચરો ભુરા રંગની કચરા પેટીમાં અને લીલો કચરો લીલા રંગની કચરાપેટીમાં અલગ-અલગ રખવાનો રહેશે. જો એકમોએ કચ્રો અલગ-અલગ ન રાખશે તો નગરપાલિકા તરફથી કચરો લેવામાં આવશે નહિ.**

**(૨) ઘન કચરો ઉત્તપન્ન કરતા દરેક એકમે જો પોતાનો કચરો દૈનિક ૧૦૦ કિલોથી વધુ ઉત્પન્ન કરતા હોઇ તો તેનો નિકાલ દરેક એકમે પોતાની રીતે જૈવિક ખાતરના રૂપમા કાર્યવાહી કરી નિકાલ કરવાનો રહેશે. તેમજ લીકવીડ વેસ્ટનો દરેક એકમે પોતાની રીતે નિકાલ કરવાનો રહેશે.**

નોંધ : **પ્રકરણ ૫ ના. પેટાનિયમ નં.૭ થી ૧૫(૧) ના ભંગ બદલ ફી અને ચાર્જ માટે અનુસુચી-૧, ક્રમ નં.૧ વંચાણે લેવું.**

----------

# પ્રકરણ : ૬

# ઘન કચરાનો સંગ્રહ કરવો

## ૧૬. પ્રકરણ નં. ૪ ના અનુક્રમ ૧,૪ અને ૬ના ઉત્પાદકો દ્વારા સંગ્રહ

(૧) **પ્રકરણ નં.૪ ના** અનુક્રમ નં.૧,૪ અને ૬ના ઉત્પાદકો દ્વારા અલગ પાડવામાં આવેલ ભીના કચરાને, સુકા કચરાને, ઇ-કચરાને અને વાણિજ્યીક/ ઘરઘથ્થુ બાયોમેડીકલ અને જોખમી કચરાને તેઓની મિલકતમાં પોતાના અલગ ડબ્બા/ બેગ / કોથળા અથવા બીજા કોઇ અનુકુળતા પ્રમાણેના કન્ટેનરમાં સંગ્રહ કરશે.

(૨) **પ્રકરણ નં.૪ ના** અનુક્રમ ૧,૪ અને ૬ના ઉત્પાદકો દ્વારા અલગ પાડવામાં આવેલા બાંધકામ અને તેને તોડી પાડવાથી ઉદભવેલ કચરાને તેઓની મિલકતમાં પોતાના અલગ ડબ્બા/ બેગ / કોથળા અથવા બીજા કોઇ અનુકુળતા પ્રમાણેના કન્ટેનરમાં સંગ્રહ કરશે.

## ૧૭. પ્રકરણ નં. ૪ ના અનુક્રમ ૨,૩ અને ૧૨ના ઉત્પાદકો દ્વારા સંગ્રહ

(૧) **પ્રકરણ નં. ૪ ના** અનુક્રમ નં.૨,૩ અને ૧૨ના ઉત્પાદકો દ્વારા અલગ પાડવામાં આવેલ ભીના કચરાને, સુકા કચરાને તેઓની મિલકતમાં પોતાના અલગ વર્ગીકૃત કરેલ યોગ્ય માપના ડબ્બાઓમાં સંગ્રહ કરશે.

(૨) સદર ડબ્બાનો જ્યારે બાયો-ડીગ્રેડેબલ કચરા માટે ઉપયોગમાં લેવામાં આવે ત્યારે તેને લીલો રંગ કરવાનો રહેશે, જ્યારે ફરીથી બનાવવા માટે માટેના કચરાનો સંગ્રહ કરવા માટે ઉપયોગમાં લેવામાં આવે ત્યારે સફેદ અને બીજી કચરો સંગ્રહ કરવાનો હોય ત્યારે કાળો કલર કરવાનો રહેશે.

(3) **પ્રકરણ નં. ૪ ના** અનુક્રમ નં.૨, ૩ અને ૧૨ના ઉત્પાદકો દ્વારા અલગ પાડવામાં આવેલ બાંધકામ અને તેને તોડી પાડવાથી ઉદભવેલ કચરાને તેઓની મિલકતમાં પોતાના અલગ ડબ્બા/ બેગ / કોથળા અથવા બીજા કોઇ અનુકુળતા પ્રમાણેના કન્ટેનર અથવા ઢગલામાં સંગ્રહ કરશે.

(૪) **પ્રકરણ નં. ૪ ના** અનુક્રમ નં.૨, ૩ અને ૧૨ના ઉત્પાદકો દ્વારા અલગ પાડવામાં આવેલ બીજા બધા જ પ્રકારના કચરાનો તેઓના પોતાના અલગ ડબ્બા/ બેગ / કોથળા અથવા બીજા કોઇ અનુકુળતા પ્રમાણેના કન્ટેનર અથવા ઢગલામાં સંગ્રહ કરશે.

## ૧૮. પ્રકરણ નં.૪ ના અનુક્રમ ૫ અને ૭ના ઉત્પાદકો દ્વારા સંગ્રહ

(૧) **પ્રકરણ નં.૪ ના** અનુક્રમ નં.૫ અને ૭ના ઉત્પાદકો દ્વારા અલગ પાડવામાં આવેલ કચરાને તેઓની મિલકતમાં પોતાના ડબ્બા/ બેગો / બીજા કોઇ અનુકુળતા પ્રમાણેના કન્ટેનરોમાં સંગ્રહ કરશે.

(૨) સદર ડબ્બાનો જ્યારે બાયો-ડીગ્રેડેબલ કચરા માટે ઉપયોગમાં લેવામાં આવે ત્યારે તેને લીલો રંગ કરવાનો રહેશે, જ્યારે ફરીથી બનાવવા માટે માટેના કચરાનો સંગ્રહ કરવા માટે ઉપયોગમાં લેવામાં આવે ત્યારે ભુરો અને બીજી કચરો સંગ્રહ કરવાનો હોય ત્યારે કાળો કલર કરવાનો રહેશે.

(3) **પ્રકરણ નં.૪ ના** અનુક્રમ નં.૫ અને ૭ના ઉત્પાદકો દ્વારા અલગ પાડવામાં આવેલ બાંધકામ અને તેને તોડી પાડવાથી ઉદભવેલ કચરાને તેઓની મિલકતમાં પોતાના અલગ ડબ્બા/ બેગ / કોથળા અથવા બીજા કોઇ અનુકુળતા પ્રમાણેના કન્ટેનર અથવા ઢગલામાં સંગ્રહ કરશે.

(૪) **પ્રકરણ નં.૪ ના** અનુક્રમ નં.૫ અને ૭ના ઉત્પાદકો દ્વારા અલગ પાડવામાં આવેલ બીજા બધા જ પ્રકારના કચરાનો તેઓના પોતાના

અલગ ડબ્બા/ બેગ / કોથળા અથવા બીજા કોઇ અનુકુળતા પ્રમાણેના કન્ટેનર અથવા ઢગલામાં સંગ્રહ કરશે.

## ૧૯. પ્રકરણ નં.૪ ના અનુક્રમ ૮ અને ૧૦ના ઉત્પાદકો દ્વારા સંગ્રહ

(૧) **પ્રકરણ નં.૪ ના** અનુક્રમ નં.૮અને ૧૦ના ઉત્પાદકો દ્વારા ધંધાના કાર્ય દરમ્યાન ઉત્પન્ન થયેલ કચરાને તેઓની મિલકતમાં પોતાના ડબ્બા / બેગો / કોથળાઓમાં સંગ્રહ કરશે.

## ૨૦. પ્રકરણ નં.૪ ના અનુક્રમ ૯ના ઉત્પાદકો દ્વારા સંગ્રહ

(૧) **પ્રકરણ નં.૪ ના** અનુક્રમ નં.૯ના ઉત્પાદકો દ્વારા ઉત્પાદીત કરવામાં આવેલ કચરાને તેઓની મિલકતમાં તેઓના કન્ટેનર કે જે જરૂરી માપના હોય કે જે ૧૦૦ લીટરથી વધારે ન હોય અને તેની ઉપર કવર હોય તેવા સાધનમાં સંગ્રહ કરશે.

## ૨૧. પ્રકરણ નં.૪ ના અનુક્રમ ૧૫ અને ૧૬ના ઉત્પાદકો દ્વારા સંગ્રહ

(૧) **પ્રકરણ નં.૪ ના** અનુક્રમ નં.૧૫ અને ૧૬ના ટ્રસ્ટી/મેનેજમેન્ટ અથવા માલિક ઉત્પાદકો દ્વારા આપવામાં આવેલ વર્ગીકૃત કરવામાં આવેલા ડબ્બાઓ અથવા નગરપાલિકા દ્વારા નજીકમાં આપવામાં આવેલ વર્ગીકૃત ડબ્કાઓમાં સંગ્રહ કરવામાં આવશે.

## ૨૨. પ્રકરણ નં.૪ ના <u>અનુક્રમ ૧૧ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાનો સંગ્રહ (બાંધકામ અને તેને તોડી પાડવાથી થયેલ કચરાના સંગ્રહ માટે લાગુ પડતી જોગવાઇઓ નીચે મુજબ છે.)</u>

(૧) તેને મિલકતની અંદર ધોવાણ અને તે પડી જવા અંગે જરૂરી સુરક્ષા રાખીને ફરીથી સંગ્રહ કરવામાં આવશે.

(૨) સદર વસ્તુઓ કે જે બાંધકામની સાઇટ, જમીન પુરાણ, રસ્તાબનાવાવ વિગેરે માટે ફરીથી ઉપયોગમાં લેવામાં આવવાની હોય તે બીજા બાંધકામ અને તેને તોડી પાડવાથી થયેલ કચરા (કન્સ્ટ્રક્શન એન્ડ ડીમોલીશન વેસ્ટ) થી અલગ રાખવાના રહેશે.

(3) કન્સ્ટ્રક્શન સાઇટ ઉપરનો બીજો બધો જ મ્યુનિસિપલ ઘન કચરો અલગથી સંગ્રહ કરવામાં આવશે.

(૪) કન્સ્ટ્રક્શન એન્ડ ડીમોલીશન વેસ્ટના નાના ઉત્પાદકો દ્વારા ઉત્પન્ન થયેલ કચરો તે જ કચરાને અલગથી સંગ્રહ કરશે અને સદર કચરાનો નિકાલ કરવા માટે નગરપાલિકાની મદદ માંગશે અથવા મુખ્ય અધિકારીશ્રી દ્વારા જાહેર કરવામાં આવેલા શહેરના અલગ અલગ વિસ્તારોમાં મુકવામાં આવેલા, નક્કી કરવામાં આવેલા, વર્ગીકૃત કરવામાં આવેલા કન્ટેનરોમાં નિકાલ કરવામાં આવશે અથવા નગરપાલિકા દ્વારા જાહેર કરવામાં આવેલી નિકાલ કરવા માટેની જગ્યાએ સંગ્રહ કરવામાં આવશે.

## ૨૩. પ્રકરણ નં.૪ ના અનુક્રમ ૧૧(એ)ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાનો સંગ્રહ

(૧) મોટા પ્રમાણના બાંધકામના પ્રોજેક્ટો કે જેમાં ફ્લાય ઓવર બ્રીજ વિગેરેનો સમાવેશ થાય છે તેના અનુસંધાને તેના કચરાનો નિકાલ કરવાની યોજના. જેમાં સંગ્રહ અને કચરાને મોકલવા અંગેના વાહનવ્યવહાર અંગેની માહીતી બાંધકામ કરતાં પૂર્વે પરવાનગી માટે નગરપાલિકાને આપવાની રહેશે.

(૨) જાહેર ઉપયોગી સગવડો જેવી કે રસ્તાનું બાંધકામ, પાણીની પાઇપો, જમીનની નીચે વાયરો નાખવા અને પાઇપલાઇનોના કામથી ઉત્પાદીત થતો બાંધકામ અને તેને તોડી નાખવાથી ઉત્પાદીત થતા કચરા અંગે,

સંબંધિત વિભાગ અને / અથવા કોન્ટ્રાક્ટર પસાર થતી જનતાને અથવા નજીકની મિલકતના કબજેદારોને અગવડ પડે નહી તેવી રીતે કચરાનો સંગ્રહ કરશે અને તેને નગરપાલિકાને પહોંચાડવાનો રહેશે.

## ૨૪. પ્રકરણ નં.૪ ના અનુક્રમ ૧૩ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાનો સંગ્રહ

અનુક્રમ-૧૩ના ઉત્પાદક દ્વારા ઉત્પન્ન કરવામાં આવતા કચરાના સંગ્રહ માટે નીચે જણાવેલ જોગવાઇઓ લાગુ પડશે.

(૧) બાયો-મેડીકલ કચરાને બાયો-મેડીકલ વેસ્ટ (મેનેજમેન્ટ એન્ડ હેન્ડલીંગ) રૂલ્સ, ૧૯૯૮ મુજબ સંગ્રહ કરવાનો રહેશે.

(૨) ભીનો કચરો અને સુકો કચરો મિલકતની અંદર તે માટેના અલગ અલગ ડબ્બાઓમાં કરવાનો રહેશે.

(3) બીજા બધા જ વર્ગના કચરાનો મિલકતની અંદર તેના અલગ ડબ્બાઓ / બેગો / કોથળાઓ / ઢગલાઓ અથવા બીજા કોઇ અનુકુળ કન્ટેનરમાં કરવાનો રહેશે.

## ૨૫. પ્રકરણ નં.૪ ના અનુક્રમ ૧૪ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાનો સંગ્રહ

(૧) બગીચાનો કચરો મોટી બેગો અથવા ડબ્બાઓમાં જગ્યા ઉપર સંગ્રહ કરવામાં આવશે અને તેને અઠવાડીક ધોરણે મ્યુનિસિપલ સિસ્ટમમાં અનુક્રમ-૧૪ ના ઉત્પાદક દ્વારા ચુકવણું થયેથી તબદીલ કરવામાં આવશે.

(૨) બીજો ભીનો કચરો (સિવાય કે બગીચાનો કચરો) અને સુકો કચરો અનુક્રમ-૧૪ના ઉત્પાદક દ્વારા નગરપાલિકા તરફથી અલગથી આપેલ વર્ગીકૃત કરવામાં આવેલ કન્ટેનરમાં સંગ્રહ કરવામાં આવશે.

**૨૬. પ્રકરણ નં.૪ ના અનુક્રમ ૧૫ અને ૧૬ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાનો સંગ્રહ**

અનુક્રમ-૧૫ અને ૧૬ના ઉત્પાદકો તેમનો ભીનો કચરો અને સુકો કચરો નગરપાલિકા / માલિક/ ટ્રસ્ટ દ્વારા આપવામાં આવેલ અલગથી વર્ગીકૃત કરેલ કન્ટેનરમાં સંગ્રહ કરશે.

**૨૭. પ્રકરણ નં.૪ ના અનુક્રમ ૧૭,૧૮,૧૯ અને ૨૦ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાનો સંગ્રહ**

અનુક્રમ-૧૭,૧૮,૧૯ અને ૨૦ના ઉત્પાદકો દ્વારા ઉત્પન્ન કરવામાં આવતા કચરાને તેઓની મિલકતમાં યોગ્ય ડબ્બાઓ/બેગો/કોથળા/ઢગલા અથવા તેઓને અનુકુળ હોય તેવા કન્ટેનરોમાં સંગ્રહ કરશે.

**નોંધ :**

**(૧) ઇ-કચરાના અને / અથવા કોઇપણ વચગાળાના સમય માટે કબજામાં રહેલ અને / અથવા તાબામાં રહેલ ઇ-કચરાના તમામ ઉત્પાદકો, ઇ-વેસ્ટ મેનેજમેન્ટ એન્ડ હેન્ડલીંગ રૂલ્સ, ૨૦૧૧ અને તેની નીચેના સુધારા હેઠળ જરૂરી અધિકૃતતા વગર ઇ-કચરાનો સંગ્રહ કરશે નહી.**

**(૨) પ્રકરણ નં.૬ ના પેટાનિયમ નં.૧૬ થી ૨૭નો ભંગ કરવા બદલ ફી અને ચાર્જ માટે અનુસુચી-૧ ના ક્રમ-૨ વંચાણે લેવું.**

----------

# પ્રકરણ : ૭

# ઘન કચરાને પહોંચાડવો અને તેને એકત્રિત કરવો

## ૨૮. પ્રકરણ નં.૪ ના અનુક્રમ ૧,૪ અને ૬ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાને પહોંચાડવો અને એકત્રિત કરવો

**પ્રકરણ નં.૪ ના** અનુક્રમ ૧, ૪ અને ૬ના ઉત્પાદકો દ્વારા ઉત્પાદિત થયેલ અલગ અલગ વર્ગના કચરાને પહોંચાડવા અને તેને એકત્રિત કરવાની પધ્ધતિને નિયમિત કરવા અંગે નીચે જણાવેલ જોગવાઇઓ રહેલ છે.

(૧) અલગ પાડવામાં આવેલ ભીના કચરાને નગરપાલિકા દ્વારા અધિકૃત કરવામાં આવેલ ડોર-ટુ-ડોર કચરો એકત્રિત કરનારને નગરપાલિકા દ્વારા નક્કી કરવામાં આવેલા સમયે પહોંચાડશે અથવા તેને વર્ગીકૃત કરવામાં આવેલા કન્ટેનરો કે જે નગરપાલિકા દ્વારા આપવામાં આવેલા હોય તેમાં જમા કરાવવામાં આવશે.

(૨) સુકા કચરાને નગરપાલિકા દ્વારા અધિકૃત કરવામાં આવેલ એજન્ટ/એજન્સી/વ્યક્તિને નગરપાલિકા દ્વારા નક્કી કરવામાં આવેલા સમયે પહોંચાડશે અથવા તેને વર્ગીકૃત કરવામાં આવેલા કન્ટેનરો કે જે નગરપાલિકા દ્વારા આપવામાં આવેલા હોય તેમાં જમા કરાવવામાં આવશે.

(3) બે ટન ઉપરના બાંધકામ અને તેને તોડી પાડવાથી ઉત્પન્ન થયેલ કચરા માટે, ઉત્પાદક કોર્પોરેશનના સ્થાનિક હેલ્પલાઇન નંબરથી સૂચના મેળવશે અને તે મુજબ કચરો પહોંચાડશે. ઉત્પાદક માટે એવી છૂટ રહેશે કે

તેઓ નગરપાલિકા દ્વારા જાહેર કરવામાં આવેલી જગ્યાએ કચરો સીધો જમા કરાવી શકશે.

(૪) વાણિજ્યીક / ઘરઘથ્થુ જોખમી અને બાયોમેડીકલ કચરાને દરેક ઉત્પાદક દ્વારા એકત્રિત કરવા માટેના વાહન સુધી કે જે સમયાંતરે નગરપાલિકા દ્વારા અથવા બીજા કોઇ એજન્ટ/ એજન્સી/વ્યક્તિ કે જેઓને નગરપાલિકા દ્વારા સદર હેતુ માટે અધિકૃત કરવામાં આવેલ હશે તેઓને પહોંચાડવામાં આવશે.

## ૨૯. પ્રકરણ નં.૪ ના અનુક્રમ ૨,૩ અને ૧૨ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાને પહોંચાડવો અને એકત્રિત કરવો

અનુક્રમ ૨, ૩ અને ૧૨ના ઉત્પાદકો દ્વારા ઉત્પાદિત થયેલ અલગ અલગ વર્ગના કચરાને પહોંચાડવા અને તેને એકત્રિત કરવાની પધ્ધતિને નિયમિત કરવા અંગે નીચે જણાવેલ જોગવાઇઓ રહેલ છે.

(૧) અલગ પાડવામાં આવેલ ભીના કચરાને નગરપાલિકા દ્વારા ખાનગી સફાઇ કામદાર/ એજન્ટ /એજન્સી દ્વારા કે જેઓને નગરપાલિકા દ્વારા સદર હેતુ માટે અધિકૃત કરવામાં આવેલ હોય અને તેને વર્ગીકૃત કરવામાં આવેલ ડબ્બાઓમાં જમા કરાવવામાં આવશે કે જે નક્કી કરવામાં આવેલ જગ્યાઓની મિલકતમાં મુકવામાં આવેલ હશે અને ત્યાંથી નગરપાલિકા એકત્રિત કરીને કચરો લઇ જશે.

(૨) અલગ પાડવામાં આવેલ સુકા કચરાને ઉત્પાદકો દ્વારા એકત્રિત કરી ખાનગી સફાઇ કામદાર/ એજન્ટ /એજન્સી દ્વારા કે જેઓને નગરપાલિકા દ્વારા સદર હેતુ માટે અધિકૃત કરવામાં આવેલ હોય અને તેને વર્ગીકૃત કરવામાં આવેલ ડબ્બાઓમાં જમા કરાવવામાં આવશે કે જે નક્કી કરવામાં આવેલ જગ્યાઓની મિલકતમાં મુકવામાં આવેલ હશે અને

ત્યાંથી અધિકૃત એજન્ટ / એજન્સી / વ્યક્તિ દ્વારા લઇ લેવામાં આવશે. ઉત્પાદક તેને સીધો જ એજન્ટ / એજન્સી / વ્યક્તિને કે જેઓને નગરપાલિકા દ્વારા સદર કચરાના એકત્રિકરણ માટે અધિકૃત કરવામાં આવેલા હશે તેઓને ખાનગી સફાઇ કામદારો દ્વારા પહોંચાડી શકશે.

(૩) બે ટન ઉપરના બાંધકામ અને તેને તોડી પાડવાથી ઉત્પન્ન થયેલ કચરા માટે, ઉત્પાદક કોર્પોરેશનના સ્થાનિક હેલ્પલાઇન નંબરથી સૂચના મેળવશે અને તે મુજબ કચરો પહોંચાડશે. ઉત્પાદક માટે એવી છૂટ રહેશે કે તેઓ નગરપાલિકા દ્વારા જાહેર કરવામાં આવેલી જગ્યાએ કચરો સીધો જમા કરાવી શકશે.

(૪) વાણિજ્યીક / ઘરઘથ્થુ જોખમી અને બાયોમેડીકલ કચરાને દરેક ઉત્પાદક દ્વારા એકત્રિત કરવા માટેના વાહન સુધી કે જે સમયાંતરે નગરપાલિકા દ્વારા અથવા બીજા કોઇ એજન્ટ/ એજન્સી/વ્યક્તિ કે જેઓને નગરપાલિકા દ્વારા સદર હેતુ માટે અધિકૃત કરવામાં આવેલ હશે તેઓને પહોંચાડવામાં આવશે.

## ૩૦. પ્રકરણ નં.૪ ના અનુક્રમ ૮,૧૦,૧૫ અને ૧૬ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાને પહોંચાડવો અને એકત્રિત કરવો

અલગ પાડવામાં આવેલ ભીના અને સુકા કચરાને **પ્રકરણ નં.૪ ના** અનુક્રમ ૮, ૧૦, ૧૫ અને ૧૬ના ઉત્પાદકો દ્વારા એકત્રિત કરવામાં આવશે અને તેને નજીકની નગરપાલિકા દ્વારા આપવામાં આવેલ અલગ અલગ વર્ગીકૃત કરેલા કન્ટેનરોમાં જમા કરાવવામાં આવશે અને બીજો કચરો નગરપાલિકા દ્વારા સદર હેતુ માટે અધિકૃત કરવામાં આવેલા એજન્ટ/એજન્સી/વ્યક્તિને પહોંચાડવામાં આવશે.

## ૩૧. પ્રકરણ નં.૪ ના અનુક્રમ ૫,૭ અને ૧૩ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાને પહોંચાડવો અને એકત્રિત કરવો

**પ્રકરણ નં.૪ ના** અનુક્રમ ૫,૭ અને ૧૩ના ઉત્પાદકો દ્વારા કોઇપણ વર્ગનો કચરો નગરપાલિકા દ્વારા આપવામાં આવેલ અલગ અલગ વર્ગીકૃત કરેલા કન્ટેનરોમાં જમા કરાવવાનો રહેશે નહી. તેઓ તેમનો કચરો નગરપાલિકા દ્વારા સદર હેતુ માટે અધિકૃત કરવામાં આવેલા એજન્ટ/એજન્સી/વ્યક્તિને ચુકવણાના ધોરણે આપશે અથવા તેઓ ખાનગી એજન્ટ/એજન્સી/વ્યક્તિ દ્વારા કચરો એકત્રિત કરવાની પોતાની વ્યવસ્થા કરશે.

## ૩૨. પ્રકરણ નં.૪ ના અનુક્રમ ૯ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાને પહોંચાડવો અને એકત્રિત કરવો

**પ્રકરણ નં.૪ ના** અનુક્રમ ૯ના ઉત્પાદકો દ્વારા કોઇપણ વર્ગનો કચરો નગરપાલિકા દ્વારા આપવામાં આવેલ અલગ અલગ વર્ગીકૃત કરેલા કન્ટેનરોમાં જમા કરાવવાનો રહેશે નહી. તેઓ પોતાનો કચરો બધી બાજુથી બંધ હોય તેવા એકત્રિકરણના વાહનમાં અથવા કન્ટેનરમાં કે જે સદર હેતુ માટે નગરપાલિકા દ્વારા આપવામાં આવેલ તેઓને પહોંચાડશે.

## ૩૩. પ્રકરણ નં.૪ ના અનુક્રમ ૧૧ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાને પહોંચાડવો અને એકત્રિત કરવો

**પ્રકરણ નં.૪ ના** અનુક્રમ ૧૧ના ઉત્પાદકો દ્વારા ઉત્પાદિત થયેલ અલગ અલગ વર્ગના કચરાને પહોંચાડવા અને તેને એકત્રિત કરવાની પધ્ધતિને નિયમિત કરવા અંગે નીચે જણાવેલ જોગવાઇઓ રહેલ છે.

(૧) ઉત્પાદક નગરપાલિકા દ્વારા જાહેર કરવામાં આવેલ સમયગાળામાં પ્રસ્થાપિત કરવામાં આવેલા નમુનામાં બાંધકામ અને તેને તોડીવાથી ઉત્પન્ન થયેલ કચરા બાબતે નગરપાલિકાને જાણ કરશે.

(૨) કન્સ્ટ્રક્શન એન્ડ ડીમોલીશન વેસ્ટને એકત્રિત કરવા માટે ચુકવણાના ધોરણે નગરપાલિકા જરૂરી સગવડો અને કામદારો પુરા પાડશે.

(૩) તેઓ મુખ્ય અધિકારી દ્વારા જાહેર કરવામાં આવેલ જગ્યાએ કન્સ્ટ્રક્શન એન્ડ ડીમોલીશન વેસ્ટને પણ જમા કરાવી શકશે, સિવાય કે કોઇ સંજોગોમાં ઉત્પાદક નગરપાલિકાની સેવા લેવા માંગતા ન હોય.

(૪) બીજો બધો જ મ્યુનિસિપલ ઘન કચરો જેવો કે ભીનો કચરો અને સુકો કચરો માલિક દ્વારા આપવામાં આવેલ વર્ગીકૃત કરેલા ડબ્બાઓમાં અથવા નગરપાલિકા દ્વારા આપવામાં આવેલ નજીકના વર્ગીકૃત કરેલા કન્ટેનરોમાં જમા કરાવવામાં આવશે.

## ૩૪. પ્રકરણ નં.૪ ના અનુક્રમ ૧૭,૧૮,૧૯ અને ૨૦ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાને પહોંચાડવો અને એકત્રિત કરવો

**પ્રકરણ નં.૪ ના** અનુક્રમ ૧૭,૧૮,૧૯ અને ૨૦ના ઉત્પાદકો દ્વારા અવશેષો, જોખમી કચરો, તૈલી કચરો, બેટરીઓ અથવા બીજો કોઇ વિગતેનો કચરો તેઓના વર્ગના વર્ગીકૃત કરેલા કન્ટેનર/ ડોર-ટુ-ડોર કચરો એકત્રિત કરનાર એજન્સી અથવા તેને મ્યુનિસિપલ કચરાની લાઇનમાં ભેગો કરી શકાયે નહી. સદર કચરાને પ્રકરણ-૮માં જણાવેલ જોગવાઇઓને અનુરૂપ રહીને પ્રક્રીયા કરવામાં આવશે અને નિકાલ કરવામાં આવશે. તેમ છતાં, બીજો અલગ કરવામાં આવેલ ભીનો અને સુકો કચરો નગરપાલિકા દ્વારા આપવામાં આવેલ અલગ વર્ગીકૃત કરેલ કન્ટેનરોમાં જમા કરાવવામાં આવશે.

## ૩૫. પ્રકરણ નં.૪ ના અનુક્રમ ૧૪ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાને પહોંચાડવો અને એકત્રિત કરવો

સદર અલગ કરવામાં આવેલા બગીચાના કચરાને નમુના મુજબક બનાવવામાં આવેલ નગરપાલિકા દ્વારા ગોઠવવામાં આવેલ અને નક્કી કરેલ કચરો એકત્રિત કરવાના વાહનમાં જમા કરાવવામાં આવશે અનેબીજો અલગ કરવામાં આવેલ

ભીનો અને સુકો કચરો નગરપાલિકા દ્વારા આપેલ અલગ અલગ વર્ગીકૃત કરવામાં આવેલ કન્ટેનરોમાં જમા કરાવવામાં આવશે.

**નોંધ :**

**(૧) ઇ-કચરાના અને / અથવા કોઇપણ વચગાળાના સમય માટે કબજામાં રહેલ અને / અથવા તાબામાં રહેલ ઇ-કચરાના તમામ ઉત્પાદકો વખતોવખત નગરપાલિકા દ્વારા જાહેર કરવામાં આવેલ અધિકૃત કરવાના કેન્દ્ર ખાતે કચરો પહોંચાડવાનો રહેશે.**

**(૨) પ્રકરણ ૭ના પેટાનિયમ નં.૨૮ થી ૩૫નો ભંગ કરવા બદલ ફી અને ચાર્જ માટે અનુસુચી-૧ના ક્રમ-૩ વંચાણે લેવું.**

----------

# પ્રકરણ : ૮

# ઘન કચરાની પ્રક્રીયા અને તેનો નિકાલ

## ૩૬. પ્રકરણ નં.૪ ના અનુક્રમ ૧,૨,૩,૪,૬ અને ૧૨ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાની પ્રક્રીયા અને તેનો નિકાલ

જગ્યા અને સગવડો હોવા ઉપર આધાર રાખીને, ભીના કચરાને મિશ્રણ કરીને, બાયોગેસ વિગેરે ઉત્પન્ન કરીને અનુક્રમ ૧,૨,૩,૪,૬ અને ૧૨ના ઉત્પાદકો દ્વારા પ્રક્રીયા કરવામાં આવે. તેવી જ રીતે સુકો અને ફરીથી ઉપયોગમાં લઇ શકાય તેવો કચરો ઘટાડવામાં આવે, ફરીથી બનાવાવમાં આવે, ફરીથી ઉપયોગમાં લેવામાં આવે. જેથી કરીને મ્યુનિસિપલ લેન્ડફીલ સાઇટ પરનો ભાર ઓછો કરી શકાય.

## ૩૭. પ્રકરણ ૪ના અનુક્રમ ૫,૭,૯ અને ૧૪ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાની પ્રક્રીયા અને તેનો નિકાલ

અનુક્રમ ૫,૭,૯ અને ૧૪ના ઉત્પાદકો નગરપાલિકા દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ શરતોને અનુલક્ષીને પોતાની સગવડોને સ્થાપવા અને સંભાળવા માટે પરવાનગી મેળવશે. જો ઉત્પાદકો જમીન ન હોવાથી તેવી સગવડો સ્થાપવા માટે સક્ષમ ન હોય તો તેઓ બાયો-ડીગ્રેડેબલ કચરો એજન્ટ/એજન્સી/વ્યક્તિગત રીતે સદરહેતુ માટે નગરપાલિકા દ્વારા અધિકૃત કરવામાં આવેલ હોય તેને પહોંચાડી શકશે. ઉત્પાદકોએ આવી સેવા તેઓને પુરી પાડવા અંગે નગરપાલિકા દ્વારા નક્કી કરવામાં આવેલ ભાવે ચુકવણું કરવાનું રહેશે.

## ૩૮. પ્રકરણ ૪ના અનુક્રમ ૧૩ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાની પ્રક્રીયા અને તેનો નિકાલ

**પ્રકરણ ૪ના** અનુક્રમ ૧૩ના ઉત્પાદકો નગરપાલિકા દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ શરતોને અનુલક્ષીને પોતાની સગવડોને સ્થાપવા અને સંભાળવા માટે પરવાનગી મેળવશે. જો ઉત્પાદકો જમીન ન હોવાથી તેવી સગવડો સ્થાપવા માટે સક્ષમ ન હોય તો તેઓ બાયો-ડીગ્રેડેબલ કચરો એજન્ટ/એજન્સી/વ્યક્તિગત રીતે સદરહેતુ માટે નગરપાલિકા દ્વારા અધિકૃત કરવામાં આવેલ હોય તેને પહોંચાડી શકશે. ઉત્પાદકોએ આવી સેવા તેઓને પુરી પાડવા અંગે નગરપાલિકા દ્વારા નક્કી કરવામાં આવેલ ભાવે ચુકવણું કરવાનું રહેશે.

## ૩૯. પ્રકરણ ૪ના અનુક્રમ ૧૭,૧૮,૧૯ અને ૨૦ના ઉત્પાદકો દ્વારા ઘન કચરાની પ્રક્રીયા અને તેનો નિકાલ

**પ્રકરણ ૪ના** અનુક્રમ ૧૭, ૧૮, ૧૯ અને ૨૦ના ઉત્પાદકો નગરપાલિકા દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ શરતોને અનુલક્ષીને પોતાની સગવડોને સ્થાપવા અને સંભાળવા માટે પરવાનગી મેળવશે.

**નોંધ :**

**(૧) કોઇપણ ઉત્પાદક કે જેઓને કચરાની પ્રક્રીયા અંગે નગરપાલિકા દ્વારા લેખિતમાં નોટીસ આપવામાં આવેલ હોય તેઓ દર્શાવવામાં આવેલા વર્ગના કચરાની પ્રક્રીયા પ્રસ્થાપતિ કરવામાં આવેલ પ્રક્રીયા સમયગાળામાં તેનું પાલન કરશે અને તેવા સ્થળે કે જે નગરપાલિકા દ્વારા નક્કી કરવામાં આવેલ હોય .**

(૧) ઇ-કચરાનો કોઇપણ ઉત્પાદક અથવા કોઇ મધ્યસ્થી અને / અથવા જેની પાસે ઇ-કચરાનો ઇજારો હોય તે ઇ-વેસ્ટને અલગ કરવા, રીફરબીશ અથવા પુનઃ ઉપયોગ કરવાની પ્રક્રીયા ઇ-વેસ્ટ મેનેજમેન્ટ એન્ડ હેન્ડલીંગ રૂલ્સ, ૨૦૧૧ અને તેની નીચેના સુધારા હેઠળ જરૂરી અધિકૃતતા વગર કરી શકશે નહી.

(૨) પ્રકરણ ૮ના પેટાનિયમ નં.૩૬ થી ૩૯નો ભંગ કરવા બદલ ફી અને ચાર્જ માટે અનુસુચી ૧ના ક્રમ-૪ વંચાણે લેવું.

----------

# પ્રકરણ : ૯

# પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન

## જાહેર ગટરો સાથે જોડાણ

**૪૦. પ્રકરણ ૪ના અનુક્રમ ૧ થી ૮, ૧૦ થી ૧૬ના ઉત્પાદકો દ્વારા જાહેર ગટર વ્યવસ્થા સાથે જોડાણ**

(૧) અનુક્રમ ૧ થી ૮ અને ૧૦ થી ૧૬ સામે દર્શાવેલા તમામ ઉત્પાદકો તેમની ઘરેલુ ગટર- મોરીઓનો ખાસ મળ નિકાલ માટે પુરી પડાયેલ જાહેર ગટર વ્યવસ્થા માટે જોડાણ કરવા હક્કદાર રહેશે.

**સિવાય કે,**

(૧) મિલકત / મકાનના કોઇપણ ભાગથી ૧૦૦ ફુટ / ૩૦ મી.ની અંદર જાહેર ગટર લાઇન અસ્તત્વ ધરાવતી ન હોય અને / અથવા

(૨) નગરપાલિકાએ મંજુર કરેલ ગંદા પાણીની પ્રક્રીયાની સવલત મિલકતની હદમાં અસ્તત્વ ધરાવતી હોય.

(૨) મિલકતના માલિકો / કબજેદરોએ સૌથી નજીકના ટી.પી. રોડથી મકાનના પ્રાંગણ સુધીનું જોડાણ પોતાના ખર્ચે મેળવવાનું રહેશે.

(3) ક્રમાંક ૧ થી ૮ તથા ૧૦ થી ૧૬ સુધીના ઉત્પાદકોએ જાહેર ગટર વ્યવસ્થા સાથે જોડાણ કરતાં પહેલાં નગરપાલિકાના સંબંધિત વિભાગની જરૂરી મંજુરી મેળવવાની રહેશે. આ હેતુસર મિલકતના માલિક / કબજેદારે નગરપાલિકામાં નોંધણી કરાવેલ હોય તેવા વ્યવસાયિક ઇજનેરના સહી-સિક્કા કરાવેલ ગટર વ્યવસ્થાનો નક્શો અને જરૂરી વિગત વર્ણન તેમજ બાંધકામ વપરાશના પરવાનાનો દસ્તાવેજ રજુ કરવાનો રહેશે.

(૪) નગરપાલિકાએ વ્યાસ, સામગ્રી, ઉંડાણ, ઘોઘ અનેબહાર નિકળતા પ્રવાહીની દિશા બાબતે નક્કી કરેલ જરૂરી વિગત તથા વર્ણનનું તમામ જોડાણદારોએ પાલન કરવાનું રહેશે.

(૫) જાહેર ગટર વ્યવસ્થા સાથેના તમામ જોડાણો ફક્ત નગરપાલિકાએ પ્રમાણિત કરેલ / મંજુર કરેલ કડીયા પાસે જ કરાવવાના રહેશે.

(૬) ઇંટોના રોડા, સિમેન્ટના ગચ્ચા, જોડાણો વિગેરે કે જે જાહેર ગટર વ્યવસ્થામાં આડશ ઉભી કરે છે તેને ખાડામાં પડવા કે પડ્યા રહેવા દેવાશે નહી.

(૭) ગેસને હવામાં ફેલાતો રોકવા માટે ઘરના જોડાણોને યોગ્ય રીતે જોડવાના રહેશે.

## ૪૧. અનુક્રમ ૯ના ઉત્પાદકો દ્વારા જાહેર ગટર વ્યવસ્થા સાથે જોડાણ

(૧) મચ્છીની દુકાનો/ફેરીયાઓ, ખાદ્ય માંસ બજારો / કતલખાના અને ખાદ્ય માંસણી હાટડીઓના પ્રવાહી કચરાને તેની પુરતી પ્રક્રીયા કર્યા પહેલા મ્યુનિસિપલ ગટરના પાણી સાથે ભળવા દેવામાં આવશે નહી. જાહેર ગટર વ્યવસ્થા સાથે જોડાણ કરતાં પહેલાં પડદા સાથે ગ્રીટ ચેમ્બર પુરી પાડવાની રહેશે.

(૨) મચ્છીની દુકાનો/ફેરીયાઓ, ખાદ્ય માંસ બજારો / કતલખાના અને ખાદ્ય માંસણી હાટડીઓ એ પ્રવાહી કચરા/વહી જતા પાણીની પ્રક્રીયા માટે પર્યાવરણ સંવર્ધન ધારો-૧૯૮૬ (જોડાણ ૫.૧)માં નિયત કરેલ ધોરણોનું પાલન કરવાનું રહેશે.

(3) મચ્છીની દુકાનો/ફેરીયાઓ, ખાદ્ય માંસ બજારો / કતલખાના અને ખાદ્ય માંસણી હાટડીઓના પ્રાંગણમાંથી પ્રવાહી કચરાને સલામત, પીવાલાયક, સતત એકસરખા અને પુરતા દબાણથી પાણીના મારાની સહીયારી પ્રક્રીયા (સુવિધામાં) ધકેલી દેવાનો રહેશે.

## ૪૨. પ્રકરણ ૪ના અનુક્રમ ૧૭,૧૮,૧૯ અને ૨૦ના ઉત્પાદકો દ્વારા જાહેર ગટર વ્યવસ્થા સાથે જોડાણ

(૧) અનુક્રમ ૧૭ થી ૨૦ના ઉત્પાદકોએ નગરપાલિકામાંથી જરૂરી મંજુરી મેળવ્યા પછી જ તેમની ઘરેલુ ગટર-મોરીઓનો ખાસ મળનિકાલ માટે પુરી પડાયેલી જાહેર ગટર વ્યવસ્થા સાથે જોડવાની રહેશે.

(૨) અનુક્રમ ૧૭ થી ૨૦ સામે દર્શાવેલ ઉત્પાદકોએ ઔદ્યોગિક નકામા પાણીના વહેણને કે કોઇ એક ચોક્કસ પ્રવૃત્તિ સાથે સંકળાયેલ કોઇપણ અન્ય નકામા પદાર્થોના વહેણનો નગરપાલિકાએ નિયત કર્યામુજબની જરૂરી પ્રક્રીયા કર્યા વગર જાહેર ગટર વ્યવસ્થામાં નિકાલ કરી શકાશે નહી.

----------

# પ્રકરણ : ૧૦

# કામગીરી અને જાળવણી

## ૪૩. અવમળ હટાવવો / અવમળ મુક્તિ અને પ્રકરણ ૪ના અનુક્રમ ૧ થી ૮, ૧૦ થી ૧૬ના જુથ દ્વારા મળટાંકીમાંથી અવમળનો નિકાલ.

(૧) મળટાંકીમાંથી અવમળ કાઢવાનું કાર્ય વેક્યુમ ટેન્કર્સ, અવમળ ખેંચવા માટે નિકાસ વાલ્વ વાળી પાઇપ વિગેરે સહીતના યાંત્રિક સાધનસામગ્રીથી પાર પાડવું જોઇએ. અવમળનું હાથથી સંચાલન કરવું પ્રતિબંધિત છે.

(૨) અવમળનો ખુલ્લા મેદાનો, જળમાર્ગો, ખેતીની જમીન કે કોઇ બિનનિર્ધારીત સ્થળે નિકાલ કરવો જોઇએ નહી. પરંતુ તે નગરપાલિકાની અધિકૃત મળપાણી પ્રક્રીયા સુવિધામાં જ પહોચાડી જમા કરાવવાનો રહેશે.

(3) અવમળ દુર કરવાનું કાર્ય નગરપાલિકાએ માન્ય રાખેલ અધિકૃત ઠેકેદારો / એજન્સીઓ દ્વારા જ કરવામાં આવશે.

(૪) મળટાંકીઓની ક્ષમતાના આધારે અવમળ મુક્તિ કરવાની રહેશે. પરંતુ પાંચ વર્ષના સમયથી વધારે નહી.

## ૪૪. મેનહોલની સફાઇ અંગેની જોગવાઇઓ.

(૧) મેનહોલની સફાઇ માટે યાંત્રિક સફાઇ અપનાવવી જોઇએ. સિવાય કે માનવ દરમ્યાનગીરી સર્વથા જરૂરી હોય.

(૨) સફાઇની કામગીરી માટે તમામ પ્રવેશ મેનહોલ કામદારોને સલામતિના સાધનસામગ્રી સહીત જરૂરી તમામ સાધનો પુરા પાડવાના રહેશે.

(3) મેનહોલમાં દાખલ થતા પહેલા ઝેરી વાયુઓ સામેની તપાસ ફરજિયાતપણે કરવાની રહેશે.

(૪) તમામ મેનહોલના કામદારોએ નગરપાલિકા/એજન્સી/ઠેકેદાર/સેવા પુરી પાડનાર દ્વારા અપાતી સલામતી અને આરોગ્ય વિષયક તાલીમમાં ફરજિયાત હાજરી આપવાની રહેશે.

(૫) તમામ મેનહોલના કામદારોએ નગરપાલિકા/એજન્સી/ઠેકેદાર/સેવા પુરી પાડનાર દ્વારા યોજાતી સામાયિક તબીબી તપાસ કરાવવાની રહેશે.

# પ્રકરણ : ૧૧

# પાણીજન્ય, રોગવાહકજન્ય અને ખાદ્યપદાર્થજન્ય રોગો અટકાવવા

## ૪૫. નગરપાલિકાની હદની અંદરની તમામ મિલકતોના માલિકો / કબજેદારો દ્વારા રોગવાહકોના સંવર્ધનનું અટકાવ.

### (૧) સામાન્ય

(૧) તમામ ઉત્પાદકો પાણીજન્ય, રોગવાહકજન્ય અને ખાદ્યપદાર્થજન્ય રોગો અટકાવવા માટે નગરપાલિકાના સંબંધિત વિભાગો દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવેલ સુચનાઓને ચુસ્તપણે વળગી રહેશે અને તેનો અમલ કરશે.

(૨) તમામ ઉત્પાદકો તેમના મકાનની હદમાં પાણીનો ભરાવો, તિરાડો, કચરો ઠાલવવાનું રોકીને રોગવાહકોનું સંવર્ધન અટકાવશે.

### (૨) પાણી ભરવાની ટાંકીઓ / હોજ અંગે જોગવાઇઓ

(૧) પાણીનો સંગ્રહ કરવાની ટાંકીઓની જાળવણી સંપૂર્ણ રીતે મચ્છરથી સુરક્ષિત પરિસ્થિતિમાં કરાશે. આ માટે યોગ્ય રીતે બંધબેસતા મિજાગરાવાળા ઢાંકણ પુરા પાડવાના રહેશે તેમજ ૧.૫૦ મીટરથી વધારે ઉંચાઇ ધરાવતી દરેક ટાંકીને નગરપાલિકાના સંબંધિત અધિકારીઓ તપાસ કરી શકે તે માટે બિનલોહ ધાતુનો કાયમી રીતે જડેલો દાદર પુરો પાડવાનો રહેશે.

## ટાંકીનો સાંધો

(૨) પાણીની ટાંકી ઘડતર લોઢું, નરમ સ્ટીલ અથવા સરારેશ માણસ જ્યારે ટાંકીના મથાળે ઉભો રહે તો તેનું વજન ખમી શકે તેવા પુરતા જાડા અને મજબુત પદાર્થની બનેલી હોવી જોઇએ.

(3) બાજુની શીટ, તળીયાની શીટ અને મથાળાની શીટને યોગ્ય રીતે કોઇપણ બિંદુએ જગ્યા કે તિરાડ રહી ન જાય તે રીતે બોલ કે વેલ્ડીંગ કરવી જોઇએ.

(૪) ટાંકીની મથાળાની શીટને ઝોલ પડતી અટકાવવા માટે અંદરની બકાજુએથી કાયમી ફીક્સર નો ટેકો આપવો જોઇએ. મથાળાની શીટ પર કોઇ ખાડો (પોલાણ) ન હોવો જોઇએ કે જે પાણીને ધારણ કરીને રાખી શકે.

(૫) નળાકાર ટાંકીને જે તે પાયા પર ઉભી હોય તેની ઉંચાઇ સહીત ૨.૨૫ મીટરથી વધારે ઉંચાઇની ન હોવી જોઇએ.

## મેનહોલ અને ઢાંકણ જોડાણ

(૬) ઉપરોક્ત ઉંચાઇ કરતા વધારે ઉંચાઇની નળાકાર ટાંકીને યોગ્ય પાયા ઉપર આડી પ્રસ્થાપિત કરવી જોઇએ.

(૭) મથાળાની શીટ પર ગોળાકાર મેનહોલ હોવુ જોઇએ અને કાંઠલા સાથે ભરતર લોખંડની કિનાર તેના પર મજબુત રીતે જડેલી હોવી જોઇએ.

(૮) કાંઠલા સાથેની ભરતર લોખંડની કિનાર એક જ ટુકડામાં ઢાળેલી હોવી જોઇએ.

(૯) મથાળાની શીટ અને કાંઠલા વચ્ચે જગ્યા ન રહેવી જોઇએ. જો જગ્યા રહેતી હોય તો સીસુ, સુતળી કે પિગળેલુ સીસુ કે સંબંધિત સત્તાએ મંજુર કરેલ અન્ય પદાર્થથી બંધ કરી દેવી જોઇએ.

(૧૦) મેનહોલને એક જ ટુકડામાંથી ઢાળેલ ભરતર લોખંડનું યોગ્ય રીતે બંધબેસતુ ઢાંકણ હોવું જોઇએ.

(૧૧) કેપ-ઢાંકણની ઉભી કિનાર મેનહોલને ફરતા કાંઠલા પર, મેનહોલની કિનાર કેપ-ઢાંકણની અંદરની બાજુએ સ્પર્શેલી રહે તે રીતે પડેલી રહેવી જોઇએ. જેથી બેવડી વિરામ ગોઠવણ મળી રહે. જ્યારે કેપ-ઢાંકણ બંધ

પરિસ્થિતીમાં હોય ત્યારે કોઇપણ બિંદુએ જગ્યા ન રહેવી જોઇએ. જે ૧૫ સેમીના તારને પસાર થવા દે.

(૧૨) ચણતર હોજ / કુંડીની બાબતમાં મેનહોલની કાંઠલાની રીંગ દેખાય તે રીતે હોજના મથાળાની સપાટી ઉપર હોવી જોઇએ.

(૧૩) કેપ/ઢાંકણનો ક્રોસબાર ટુંકો હોવો જોઇએ. જેથી મીજાગરો અને ચાપડો ઢાંકણાની શક્ય એટલો નજીક રહે જેથી ઢાંકણાનું બંધ થવું નક્કી બને અને મીજાગરો તેની મુળ સ્થિતીમાં આવવો જોઇએ.

(૧૪) હોજનું ઢાંકણ હંમેશા નટ અને બોલ્ટ ગોઠવણીથી બંધ રાખવું જોઇએ.

(૧૫) જો હોજ ૩ મીટરથી વધારે લાંબો હોવ તો ૧.૫ મીટરનો નમુનો લેવાના સાધનથી તમામ ખુણેથી નમુના લેવાની સવલત રહે તે માટે વધારાના મેનહોલ ઢાંકણની જોગવાઇ કરવી જોઇએ.

(૧૬) લીકેજ અટકાવવા માટે ફીડીંગ છલકાતી અને નીચેની તરફથી પાઇપમાં અંદર અને બહારથી ચેક નટ પુરા પાડવામાં આવવા જોઇએ.

(૧૭) છલકાઇ જતા પાણીની પાઇપને તેના છુટા છેડે જાળીવાળી તાંબા કે પિત્તળની પ્લેટની રક્ષણ આપવું જોઇએ તેમજ છીદ્રોનો વ્યાસ ૧.૫ મી.મી. થી વધારે ન હોવો જોઇએ. તપાસ કરવાની સવલત માટે આ મીજાગરો ૧ મીટર જાળીવાળી પ્લેટ હાથથી પહોંચી શકાય તેવા અંતરે હોવી જોઇએ.

## પહોંચ (પ્રવેશ)

(૧૮) ૧.૨ મીટરથી વધારે ઉંચાઇની તમામ પાણીની ટાંકીઓને નિયત ખડતલ લોખંડની સીડીઓ પુરી પાડવી જોઇએ.

(૧૯) સીડીના ઉપરના છેડા મથાળાના શીટ સાથે દ્રઢ રીતે આબાધ્ય કરેલા હોવા જોઇએ. તે સખત પક્કડ માટે વાળેલા હોવા જોઇએ. નીચેના છેડા સિમેન્ટ કોંક્રીટના બ્લોકમાં જડેલા હોવા જોઇએ.

(૨૦) ૮ મીટરથી વધારે ઉંચાઇની સીડીમાં મંન્ને બાજુ હાથ કઠેરા રાખવા જોઇએ.

(૨૧) જો ધાબા પરનો પ્રવેશ લાકડાના દાદરથી હોય, તો તેને સુરજ અને વરસાદમાં ખુલ્લુ મુકવું જોઇએ નહી.

(૨૨) જો પાણીની ટાંકી કોઇ આવણ કે શેલ્ટર હેઠળ હોય તો સરળ તપાસ અને નમુના લેવા માટે છાપર અને હોજની વચ્ચે પુરતી જગ્યા રહેવી જોઇએ.

(૨૩) ઓવરહેડ પાણીની ટાંકીની બાબતમાં તળીયાથી માથા સુધીની સીડીને બદલે અનુકુળ ગાળે ખડતલ અને સલામત લોખંડ કે આર.સી.સી. પ્લેટફોર્મ રાખવા જોઇએ.

## ચૂસણ ટાંકી

(૨૪) ટાંકાનું મથાળુ આસપાસની જમીનની સપાટીથી ઓછામાં ઓછુ ૪૫ સેમીથી ઉપર (ઉંચુ) રાખવું જોઇએ.

(૨૫) પંપરૂમ અચુકપણે મકાનની ગટર સાથે ગટરટ્રેપથી જોડાયેલ હોવો જોઇએ. પંપના પાયાના પોલાણ પાણીની જમાવટથી ટાળવા માટે પુરી દેવા જોઇએ.

## ખાસ આવશ્યકતાઓ

(૨૬) સમક્ષિતિજ પ્રસ્થાપિત કરેલ નળાકાર ટાંકીઓને ઢાંકણ સાથે જોડાણ માટે આધાર સપાટીની ગરજ સારે તેવા લંબચોરસ પ્લેટફોર્મ હોવા જોઇએ. પ્લેટફોર્મ સીડીને જોડી શકાય તેવા મોકળાશવાળા હોવા જોઇએ.

(૨૭) બહીર્ગોળ મથાળાવાળી ઉભી પ્રસ્થાપિત કરેલ નળાકાર ટાંકીઓને ટોચના પરીઘ ફરતે યોગ્ય કઠેરો હોવો જોઇએ.

(૨૮) મેનહોલનું કદ અને ઢાંકણ જોડાણના ઘટકો પ્રમાણભૂત પરિમાણના હોવા જોઇએ અને સ્થાનિક બજારમાં સરળતાથી ઉપલબ્ધ હોવા જોઇએ.

(૨૯) એચ.ડી.પી.ઇ. (HDPE) ટાંકીઓ ઢાંકણ, જોડાણો જોડ્યા પછી કે તપાસ દરમ્યાન ઢાંકણ ઉપર ચઢવાથી કોઇપણ માત્રામાં મથાળામાં ઝોલ પડતો ટળે તે રીતે બાંધવી જોઇએ.

## (3) મોરીઓ અને ગટરો અંગેની જોગવાઇઓ

(૧) તમામ મળટાંકીઓને ઓછામાં ૫૦ મી.મી. વ્યાસની હવાની આવ-જા માટેની નળીઓ પુરી પડાશે અને મથાળાને મચ્છર અવરોધક તારની જાળીથી ઢાંકવામાં આવશે. નળીની ઉંચાઇ ૧૫ મીટરની ત્રિજ્યામાં

આવેલ સૌથી ઉંચા મકાનની ટોચથી ઓછામાં ઓછી ૨ મીટર ઉપર લંબાવવી જોઇએ.

(૨) કચરાવાળા પાણીને કાઢી નાખવા માટે ગટરલાઇનમાં યોગ્ય ઢાળ હોય છે. અને ગટરલાઇન ની જાળવણી માટે પુરતી સંખ્યામાં મેનહોલ આપવામાં આવે છે.

(૩) નગરપાલિકાની વરસાદી પાણીની ગટરમાં કોઇ જ મળ-પાણીનો નિકાલ કરાશે નહી.

## (૪) કૃત્રિમ તળાવો અને ફુવારા

(૧) કૃત્રિમ તળાવો અને ફુવારામાં મચ્છરોનું સંવર્ધન અટકાવવાની ફરજ મિલકતના માલિક / કબજેદરની રહેશે.

(૨) કૃત્રિમ તળાવો અને ફુવારામાં મચ્છરોનું સંવર્ધન અટકાવવા માટે નિયમિત સફાઇ, જાળવણી અને ઇયળ અવરોધી પગલાં લેવાશે.

## ૪૬. ડેરી અને ઢોરના તબેલાના માલિકો/કબજેદારો/પ્રબંધકો દ્વારા રોગવાહકોના સંવર્ધનનું નિવારણ ડેરી અને તબેલાના માલિકો/કબજેદારો/પ્રબંધકો નીચે પ્રમાણે સારી રીતે નક્કી કરી શકશે.

(૧) ઢોરના તબેલા અને આસપાસના વિસ્તારની નિયમિત સફાઇ અને યોગ્ય જંતુનાશક દવાઓનો નિયમિત છંટકાવ તેમજ વિસ્તારને ગંદકી મુક્ત રાખવો.

(૨) ઢોર માટે પીવાના પાણીની સુવિધા ખુલ્લી રાખવામાં ન આવે તે બંધિયાર ન રહે તે સારી રીતે નક્કી કરવું.

# પ્રકરણ : ૧૨

# વિસ્તારીત ઉત્પાદકની જવાબદારી

## ૪૭. ઇ-કચરા (E-Waste) માટે વિસ્તારીત ઉત્પાદકની જવાબદારી

(૧) ઇ-કચરાના ઉત્પાદકમાં નીચે જણાવ્યા મુજબની કોઇપણ વ્યક્તિ, તેની વેચાણની ટેકનિક ને ધ્યાનમાં લીધા વગર,

- જે વિજળી (ઇલેક્ટ્રીકલ) અને વિજળીક (ઇલેક્ટ્રોનીક) સામગ્રીનું તેની પોતાની બ્રાન્ડ હેઠળ ઉત્પાદન કરે છે અને વેચવાની ઓફર કરે છે. અથવા

- જે ઉત્પાદક કે પુરવઠાકાર દ્વારા ઉત્પાદિત વિજળી (ઇલેક્ટ્રીકલ) અને વિજળીક (ઇલેક્ટ્રોનીક) સામગ્રીનું સંયોજીત કરેલા માલનું વેચાણ પોતાની બ્રાન્ડ હેઠળ કરેછે, અથવા

- જે આયાતી ઇલેક્ટ્રીકલ અને ઇલેક્ટ્રોનીક સામગ્રી વેચવાની ઓફર કરે છે.

(૨) ઉત્પાદકની જવાબદારીમાં નીચે પ્રમાણે સમાવેશ થશે.

૧.તેમના ઉત્પાદનની “જીવનની સમાપ્તિ”માંથી ઉત્પન્ન થયેલ કચરાને એકઠો કરવો અને આવો ઇ-કચરો નોંધણી થયેલ છુટા પાડનારા કે પુનઃ ચક્ર કરનાર તરફ પહોંચે તે નક્કી કરવું, ઉત્પાદક, જરૂરી મુજબ એકઠું કરનાર એજન્સીઓને અધિકૃત કરીને એકત્રીકરણ અને સ્થળાંતર નક્કી કરશે.

૨. વ્યક્તિગત રીતે સામુહીક રીતે એકત્રીકરણ કેન્દ્રો કે પાછા લેવાની વ્યવસ્થા પ્રસ્થાપિત કરવી.

૩.પોતાની ઉત્પાદનની “જીવનની સમાપ્તિ” માંથી ઉત્પન્ન થયેલ ઇ-કચરાનું પર્યાવરણીય નક્કર વ્યવસ્થાપનના ખર્ચને પહોંચી વળવા માટેના નાણાં પુરા પાડવા અને આયોજન માટે વ્યવસ્થા ઉભી કરવી.

આવી વ્યવસ્થાની નાણાંકીય ગોઠવણ પારદર્શી રહેશે. ઉત્પાદકની આવી વ્યવસ્થા વ્યક્તિગત રીતે કે સામુહીક યોજનામાં જોડાઇને સ્થાપવાનું પસંદ કરી શકે.

૪.ઇ-કચરા વ્યવસ્થાપન અને સંચાલન નિયમો, ૨૦૧૧ હેઠળ કે તેના કોઇપણ સુધારા હેઠળ ઉત્પાદકોને કોઇપણ અન્ય જવાબદારીઓ સોંપવામાં આવે તે.

(૩) ઉત્પાદકો તેમને ઇ-કચરા (વ્યવસ્થાપન અને સંચાલન) નિયમો, ૨૦૧૧ હેઠળ સોંપવામાં આવેલ એકત્રીકરણ અને સ્થળાંતરણની જવાબદારીઓ નીચે મુજબ પરિપૂર્ણ કરશે.

- તેમની પોતાની પસંદગીનું એકત્રીકરણ અને સ્થળાંતરણનું તંત્ર કે નગરપાલિકા દ્વારા નિમવામાં આવેલ અધિકૃત એકત્રીકરણ કેન્દ્ર મારફતે નગરપાલિકા તેના એકત્રીકરણ કેન્દ્રો દ્વારા આવા કચરાની પર્યાવરણીય સક્ષમ પુનઃપ્રક્રીયા માટે એકત્રીકરણ અને સ્થળાંતરણ માટે ભોગવેલ ખર્ચની ભરપાઇ ઉત્પાદકો પાસે માંગી શકે.

## ૪૮. (અ) પ્લાસ્ટીક કચરા માટે વિસ્તારીત ઉત્પાદક જવાબદારી

(૧) પ્લાસ્ટીક કેરી બેગ્સ અને /અથવા બહુસ્તરીય કોથળીઓ અને / અથવા કોથળી અને/અથવા આવી વસ્તુઓ વાપરતા બ્રાન્ડના માલિકો નગરપાલિકાને સલામત એકત્રીકણ, સંગ્રહ, અલગીકરણ, પરીવહન તેમજ પ્લાસ્ટીક કચરાનું વ્યવસ્થાપન અને સંચાલન નિયમો, ૨૦૧૬ કે તેના કોઇપણ સુધારામાં જણાવ્યા મુજબ "વિસ્તારી ઉત્પાદક જવાબદારી" હેઠળ કચરાના યોગ્ય પુનઃચક્ર માટે સ્થળાંતરમાં સહાય કરવા માટે આવશ્યક રહેશે. (વખતોવખત નગરપાલિકા દ્વારા અપાયેલ સુચનાઓ અનુસાર)

(૨) જો આવા ઉત્પાદકો અને / અથવા બ્રાન્ડ-માલિકો, પ્લાસ્ટીકના કચરાનું વ્યવસ્થાપન અને સંચાલન નિયમો, ૨૦૧૧ કે તેના કોઇપણ સુધારા હેઠળ "વિસ્તારીત ઉત્પાદક જવાબદારી"ની પરિપૂર્ણતા માટે વ્યક્તિગત

રીતે કે સામુહીક રીતે તેમના પોતાના એકત્રીકરણ, કેન્દ્રો સ્થાપવા માંગતા હોય તો તેઓ નગરપાલિકાની પરવાનગી મેળવ્યા પછી તેમ કરી શકશે.

**----------**

# પ્રકરણ : ૧૩

# આ પેટા કાયદાની જોગવાઇઓનો અમલ

## સોલીડ વેસ્ટ મનેજમેન્ટ રૂલ્સ (SWM-૨૦૧૬) ના પેટા નિયમો-૨૦૧૮

(૧) ઘન કચરાને ખુલ્લામાં, શેરીઓમાં, જમીનપર, બગીચામાં, જાહેર સ્થળો જેવા તમામ સ્થળો ઉપર બાળવા માટે સંપૂર્ણપણે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

( અ ) નિયમ ભંગ કરનાર સામે વાપી નગરપાલિકા વાપી ધ્વારા કચરો બાળનાર વ્યક્તિ પાસેથી પ્રથમ વખતનાં ગુન્હા માટે રૂ.૧૦૦/- કે તેથી વધુ દંડ કરવાનું ઠરાવવામાં આવે છે. જયારે પુનરાવર્તિત ગુન્હા માટે ગુરૂત્તમ દંડ રૂ.૫૦૦/- થી રૂ.૫૦૦૦/- સુધી વસુલ કરવામાં આવશે

(બ) દુકાનદાર હોય તો તેનું લાયસન્સ રદ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

(ક) પાણીનું કનેક્શન બંધ કરવામાં આવશે.

(ડ) વારંવાર ગુનો કરતા માલુમ પડશે તો પોલીસ ફરિયાદની કાર્યવાહી કરવામાં આવશે.

(ઈ) નગરપાલિકાના સફાઈ કમઁચારીઓ કચરો બાળે તો પ્રથમ ગુનામાં નોટીસ અને ત્યારબાદ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

(૨) રહેણાંક, વાણિજ્ય, સ્થાનિક, સ્વરાજ્ય સંસ્થા તથા ઓધોગિક પ્રવૃત્તિમાંથી દૈનિક ઘન કચરો પેદા કરનાર દ્વારા કચરાનો યોગ્ય નિકાલ કરવાની જવાબદારી ઘન કચરો પેદા કરનારની નક્કી કરવામાં આવે છે.

(1) કચરો ઉત્તપન્ન કરનાર દરેક નાગરિક/સંસ્થા/ઉધોગ/સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા જો કચરાનો ગમે ત્યાં નિકાલ કરતા માલુમ પડશે તો નગરપાલિકા દ્વારા દંડ વસુલ કરવામાં આવશે.

(2) દુકાનદાર હોયતો તેનું લાયસન્સ રદ્દ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

(3) વારંવાર ગુનો કરતાં માલુમ પડશે તો પોલીસ ફરિયાદની કાર્યવાહી કરવામાં આવશે.

(4) શહેરનું તંદુરસ્ત વાતાવરણ જળવાય રહે અને નગરજનોમાં સ્વચ્છતા પ્રત્યેની સભાનતા પ્રગટ થાય તે હેતુસર શહેરમાં વિવિધ સ્તરે જાહેરમાં ગંદકી તેમજ ન્યુસન્સ કરતાં ઇસમો પાસેથી વહીવટી ચાર્જ / દંડ વસુલાત માટે SWM રૂલ્સ -૨૦૧૬ મુજબ સ્વચ્છતા ભંગ કરતી પ્રવૃતિઓ માટે દંડની રકમ નક્કી કરવામાં આવે છે. ગંદકી કરનાર ઈસમો / એકમો વિગેરે પાસેથી વહીવટી ચાર્જ વસુલ કરવા માટે આરોગ્ય વિષયક વિવિધ મુદ્દાઓ ધ્યાને લઈ પ્રથમ દર્શનીય ગુન્હા માટે લઘુત્તમ અને

પુનરાવર્તિત ગુન્હા માટે ગુરૂત્તમ વહીવટી ચાર્જનું માળખું નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

## વહીવટી ચાર્જ ની રકમ વસુલવાનું પત્રક :-

| ગુન્હા | એક વખતના ગુન્હા માટેનો વહીવટીચાર્જ(રૂ.માં) | એક થી વધુ વખત ના ગુન્હા માટેનો વહીવટી ચાર્જ (રૂ.માં) |
|---|---|---|
| A. રસ્તા પરની ગંદકી માટેનો ચાર્જ | | |
| વ્યક્તિગત | ૧૦૦/- | ૫૦૦/- |
| રહેઠાણ | ૧૦૦/- | ૫૦૦/- |
| રસ્તા, ફૂટપાથ પરના ફેરિયા, લારી વિગેરે | ૧૦૦/- | ૫૦૦/- |
| ઓફીસ & શોપકીપર | ૨૦૦/- | ૧૦૦૦/- |
| હોટલ & રેસ્ટોરન્ટ | ૫૦૦/- | ૨૦૦૦/- |
| પબ્લિક એરિયા જેવા કે, શોપિંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, વિગેરે | ૫૦૦/- | ૨૦૦૦/- |
| ક્લીનિક & હોસ્પિટલ | ૫૦૦/- | ૨૦૦૦/- |
| ઇન્ડસ્ટ્રીઝ | ૫૦૦/- | ૩૦૦૦/- |
| B. પાણીના વ્યય માટેનો ચાર્જ | | |
| રહેઠાણ | ૧૦૦/- | ૫૦૦/- |
| વ્યાવસાયિક એકમ | ૨૦૦/- | ૧૦૦૦/- |
| ઇન્ડસ્ટ્રીઝ | ૫૦૦/- | ૨૦૦૦/- |
| C. સામાન્ય ચાર્જ | | |
| ખુલ્લામાં શૌચાલય, પેશાબ અને થૂકવું | ૧૦૦/- | ૫૦૦/- |
| જાનવરોનો ઉપદ્રવ | ૫૦૦/- | ૧૦૦૦/- |
| કચરો નદી, તળાવ, ખાડી, કાંસમાં નાખવો | ૨૦૦/- | ૫૦૦/- |
| બાંધકામનો કાટમાળ રસ્તા ઉપર નાખવો તથા રેતી, કપચી,ઈંટો વિગેરે બાંધકામમાં વપરાતો સામાન. | ૮૦૦/- | ૧૦૦૦/- |
| D. રસ્તા પર હાથલારી / કેબીન વિગેરે રાખી રસ્તા પર દબાણ કરવું. | ૨૦૦/- | ૫૦૦/- |
| E. સેગ્રીગેશન ન કરવામા આવે ત્યારે | | |
| રહેણાક | ૧૦૦/- | ૫૦૦/- |

| | | |
|---|---|---|
| કોમેશિયલ | ૨૦૦/- | ૧૦૦૦/- |

૩) કચરો અવૈધ નિકાલ કરનારાઓ ક નિયમોની જોગવાયીઓનું પાલન કરવામાં નિષ્ફળ રહેતી વ્યક્તિ / સંસ્થાઓ પાસે થી ચાર્જ વસુલ કરવાની પેટા નિયમની જોગવાઈઓમાં સુનિશ્ચિત કરવી જેમાં સમકક્ષ અધિકારીઓને કે સ્થાનિક સંસ્થાને અધિકારીઓ તથા કર્મચારીઓની આપવામાં આવે છે.

(A) ચાર્જ વસુલ કરવાની સત્તા નીચે મુજબના અધિકારીઓ તથા કર્મચારીઓને આપવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | ચીફ ઓફિસર | ૫ | ગુમાસ્તાધારા ઇન્સ્પેક્ટર |
| ૨ | સિટી એન્જીનીયર | ૬ | હાઉસટેક્ષ સુપરીટેન્ડન્ટ |
| ૩ | ચીફ સેનેટરી ઇન્સ્પેક્ટર | ૭ | ઓફીસ સુપરીટેન્ડન્ટ |
| ૪ | સેનેટરી ઇન્સ્પેક્ટર / સુપરવાઈઝર | ૮ | ક્લાર્ક |

(૪) ડોર ટુ ડોર ધન કચરા કલેકશન માટેના યુઝર ચાર્જીસ

(રહેણાંક ,વાણીજ્ય અને ઓધોગિક પ્રવુતિઓ માંથી કચરો ઉત્પન કરનારા ઓ માટે)

| પ્રકાર | હાલના ચાર્જીસ | નવા ચાર્જીસ (વાર્ષિક ) |
|---|---|---|
| રહેણાંક એકમો | - | મિલ્કત વેરાના ૧૫% |
| કોમર્શિયલ એકમો | | મિલ્કત વેરાના ૨૫% |

(૫) કોઈપણ પ્રકારના રહેઠાણની સોસાયટીઓ કે માર્કેટ સંકુલ ના નિર્માણના મંજુર નકશાઓ ખાત્રી કરવી કે તેના નિર્માતાઓ દ્વારા ધનકચરાના એકત્રીકરણ, વર્ગીકરણ અને સંગ્રહની વ્યવસ્થા માટેની જોગવાઈ રાખવામાં આવેલ છે કે કેમ? તેની ચકાસણી કરવાની અને બાંધકામ પૂર્ણ થયા બાદ જો આવી વ્યવસ્થા રાખવામા આવેલ ન હોય તો તેની સામે પગલા લેવાની કાર્યવાહી નગરપાલિકા દ્વારા કરવામાં આવશે.

(૬) ધન કચરા વ્યવસ્થાપનની સુવિધાઓના સંચાલકો દ્વારા દરેક કામદારોને વ્યક્તિગત સુરક્ષાના ઉપકરણો / સાધનો જેવા કે, વર્દી, ફ્લોરસન્ટ જેકેટ, હાથમોજા, ઉચિત જોડા, માસ્ક, રેઇનકોટ, સ્વેટર વિગેરે સાધનો નીચે પુરા પડવાનાં રહેશે.

(સોસાયટી તથા બિલ્ડીગે પોતાનો કચરો એકત્રિત કરી રાખવાનો રહેશે)

(A) સફાઈ કામદારો દીઠ નીચે મુજબના ઉપકરણો / સાધનો પુરા પાડવામાં આવશે.

| અ.નં. | સુરક્ષા ઉપકરણોનું નામ | નંગ / જોડી | સમય મર્યાદા |
|---|---|---|---|
| ૧ | વર્દી | ૨ ( બે ) જોડી | દર એક વર્ષ |
| ૨ | ફ્લોરસન્ટ જેકેટ | ૨ ( બે ) નંગ | દર એક વર્ષ |
| ૩ | હાથમોજા | ૧૨ ( બાર ) જોડી | દર એક વર્ષ |
| ૪ | ઉચિત જોડા | ૧ ( એક ) જોડી | દર એક વર્ષ |
| ૫ | માસ્ક | ૧૨ નંગ | દર એક વર્ષ |
| ૬ | રેઇનકોટ | ૧ ( એક ) નંગ | દર ત્રણ વર્ષ |
| ૭ | સ્વેટર | ૧ ( એક ) નંગ | દર ચાર વર્ષ |

(૭) ઉપર મુજબના પેટા નીયમો વાપી નગરપાલિકા, વાપી ની તા.૨૩/૧૦/૨૦૧૮ ના રોજ સવારે ૧૧.૩૦ કલાકે મળેલ સામાન્ય સભામાં મંજુર કરવામાં આવેલ છે. જેના અમલીકરણ માટે દૈનિક પત્રમાં જાહેરાત પ્રકાશિત કરાવી વાંધા સૂચનો મંગાવી તેમજ પ્રચાર સંચાર અને શિક્ષણના માધ્યમથી અભિયાન ચાલવાનું અને કચરો પેદા કરનારાઓને જાણકારી આપવાનું નક્કી કરવામાં આવે છે.

કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલેશન ( C & D ) વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬

'કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલેશન ( C & D ) વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ ના અમલીકરણ માટે ભારત સરકાર ના વનપર્યાવરણ અને મોસમ મંત્રાલય દ્વારા નોટીફીકેશન પ્રકાશિત કરવામાં આવેલ છે. જેના વાપી શહેરમાં અમલીકરણ તેને આજની આ સામાન્ય સભામાં મંજુર કરી અમલવારી માટે વાપી નગરપાલિકા – વાપી ના પેટા નિયમો તરીકે જાહેર કરે છે. જે વાપી નગરપાલિકા વાપી ના 'કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલેશન ( C & D ) વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ ના પેટા નિયમો-૨૦૧૮ તરીકે માન્ય રહેશે જેના અમલ મંજુરી મળ્યેની તારીખથી કરવામાં આવશે..

' (૧) વાપી શહેરમાં 'કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલેશન ( C & D ) વેસ્ટ ઉત્પન્ન કરનાર દરેક નાગરિક / કોન્ટ્રાકટર / સંસ્થાએ નગરપાલિકાને કામગીરી શરૂ કરતાં જાણ કરવાની રહેશે.

(૨) વાપી શહેરમાં 'કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલેશન ( C & D ) વેસ્ટ ખરીદનાર તથા વેચાણ કરનાર તમામ નાગરિક / દુકાનદારો / કોન્ટ્રકટર / સંસ્થા / બિલ્ડર / કન્સ્ટ્રકશન કંપની / પુનઃચક્રીય પેદાશો ઉત્પન્ન કરનાર નાગરિક, દુકાનદાર, કોન્ટ્રાક્ટર, સંસ્થા, કંપની વિગેરે એ નગરપાલિકામાં નોંધણી કરાવવાની રહેશે.

'કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલેશન ( C & D ) વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ ના પેટા નિયમો-૨૦૧૮ મુજબ નોધણી ફી તથા વહીવટી ચાર્જ / દંડની રકમ નીચે મુજબ વસુલવામાં આવશે.

<u>યુઝર ચાર્જીસ</u>

| અ. નં. | વિગત<br>'કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલેશન ( C & D ) વેસ્ટ (ધનકચરો,રોડું,બરોડું,રેતી,કપચી,માટી,ઇંટો, લાકડું, ધાતુ, પ્લાસ્ટિક, મોટર, મશીનરી વિગેરે કચરો ) ઉત્પન્ન કરનાર | યુઝર ચાર્જીસ (ટ્રેકટરની ટ્રીપ દીઠ ) |
|---|---|---|
| ૦૧ | નાગરીક | ૧૦૦૦ |
| ૦૨ | દુકાનદાર | ૧૫૦૦ |
| ૦૩ | કોન્ટ્રાકટર (બાંધકામ કરનાર) /<br>કોન્ટ્રાકટર (પરિવહન કરનાર) | ૧૫૦૦ |
| ૦૪ | સંસ્થા | ૧૫૦૦ |
| ૦૫ | બિલ્ડર / કન્સ્ટ્રકશન કંપની | ૧૫૦૦ |
| ૦૬ | ઉપરની વિગતે જણાવેલ કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલીશન ( C&D ) વેસ્ટ પુનઃચક્રીય પેદાશો ઉત્પન્ન કરનાર નાગરિક,દુકાનદાર, કોન્ટ્રાકટર, સંસ્થા, કંપની વિગેરે | ૧૫૦૦ |

## <u>"કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલેશન( C & D ) વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ના પેટા નિયમો-૨૦૧૮"</u>

(૧) વાપી નગરપાલિકા કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલેશન ( C & D ) વેસ્ટ (ધનકચરો, રોડું, બરોડું, રેતી, કપચી, માટી, ઇંટો, લાકડું, ધાતુ, પ્લાસ્ટિક, મોટર, મશીનરી વિગેરે કચરો) ઉત્પન્ન કરનાર માટે નીચે મુજબના નિયમોનું પાલન કરવું ફરજીયાત છે.

(અ) વાપી શહેરમાં 'કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલેશન ( C & D ) વેસ્ટ ઉત્પન કરનારે નગરપાલિકા કચેરીએ નોંધણી કરાવવાની ફરજીયાત રહેશે. નોંધણી નહી કરાવનાર / નિયમ ભંગ કરનાર સામે વાપી નગરપાલિકા વાપી દ્વારા નીચે મુજબ વહીવટી ચાર્જ / દંડની જોગવાઈ કરેલી છે.

(બ)પાણીનું કલેકશન કાપવામાં આવશે.

(ક)દુકાનદારો / કોન્ટ્રાકટર ( બાંધકામ કરનાર ) / કોન્ટ્રાકટર ( પરિવહન કરનાર ) / સંસ્થા / બિલ્ડર / કન્સ્ટ્રકશન કંપની / પુનઃ ચક્રીય પેદાશો ઉત્પન્ન કરનાર નાગરીક, દુકાનદાર, કોન્ટ્રાકટર, સંસ્થા, કંપની વિગેરેનું લાયસન્સ રદ્દ કરવાની કાર્યવાહી કરવામાં આવશે

(ડ)ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડને લેખીત માં ફરિયાદ કરવામાં આવશે.

(ઈ)વારંવાર ગુનો કરતા માલુમ પડે તો પોલીસ ફરિયાદની કાર્યવાહી કરવામાં આવશે.

(૨) કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલેશન ( C & D ) વેસ્ટ ( ઘનકચરો, રોડું, બરોડું, રેતી, કપચી, માટી, ઇંટો, લાકડું, ધાતું. પલ્સ્તિક, મોટર, મશીનરી વિગેરે કચરો) ઉત્પન્ન કરનાર નાગરિક / દુકાનદારો / કોન્ટ્રાકટર (બાંધકામ કરનાર ) / કોન્ટ્રકટર (પરિવહન કરનાર) / સંસ્થા / બિલ્ડર / કન્સ્ટ્રકશન કંપની / પુનઃ ચકીત પેદાશો ઉત્પન્ન કરનાર નાગરિક, દુકાનદાર, કોન્ટ્રાકટર, સંસ્થા, કંપની વિગેરે પાસે થી વહીવટી ચર્જ / દંડ વસુલ કરવાની પેટા નિયમોની જોગવાઈઓ સુનિશ્ચિત કરવાની સત્તા નીચેના અધિકારીઓને / કર્મચારીઓને વાપી નગરપાલિકા- વાપી ના હદ વિસ્તારમાં વહીવટી ચાર્જ / દંડ વસુલ કરવાની સત્તા સોપવા આપવામાં આવે છે.

(A) વહીવટી ચાર્જ વસુલ કરવાની સત્તા નીચે મુજબના અધિકારીઓને આપવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | ચીફ ઓફિસર | ૫ | ગુમાસ્તાધારા ઇન્સ્પેક્ટર |
| ૨ | સિટી એન્જીનીયર | ૬ | હાઉસટેક્ષ સુપરીટેન્ડન્ટ |
| ૩ | ચીફ સેનેટરી ઇન્સ્પેક્ટર | ૭ | ઓફીસ સુપરીટેન્ડન્ટ |
| ૪ | સેનેટરી ઇન્સ્પેક્ટર / સુપરવાઈઝર | ૮ | ક્લાર્ક |

(3) ઉપર મુજબના પેટા નિયમો વાપી નગરપાલિકા વાપી તા.૨૩/૧૦/૨૦૧૮ ના રોજ સવારે ૧૧.30 કલાકે મળેલ સામાન્ય સભામાં ઠરાવ નં..૧૫. થી મજુર કરવામાં આવેલ છે. જેના અમલીકરણ માટે દૈનિક પત્રમાં જાહેરાત પ્રકાશીત કરાવી વાંધા સૂચનો મંગાવી પ્રચાર પ્રસાર સંચાર અને શિક્ષણના માધ્યમથી અભિયાન ચલાવવું અને કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલેશન ( C & D ) વેસ્ટ ( ઘનકચરો, રોડું, બરોડું, રેતી, કપચી, માટી,ઇંટો,લાકડું,ધાતું. પ્લાસ્ટિક ,મોટર,મશીનરી વિગેરે કચરો) ઉત્પન્ન કરનાર સુયોગ્ય રીતે નિકાલ કરે એ માટે ની જાણકારી આપવી. અને તેનું અમલીકરણ મંજુરી મળ્યેની તારીખથી કરવાનું નક્કી કરવામાં આવે છે.

પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ – ૨૦૧૬ ના અમલીકરણ માટે ભારત સરકારશ્રી ના વન પર્યાવરણ મોસમ મંત્રાલય દ્વારા નોટીફીકેશન પ્રકાશિત કરવામાં આવેલ છે. જેના વાપી શહેરમાં અમલીકરણ માટે વાપી નગરપાલિકા વાપીના પેટા નિયમો – ૨૦૧૮ મંજુર કરવા બાબત

પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ – ૨૦૧૬ ના અમલીકરણ માટે ભારત સરકારશ્રીના વન પર્યાવરણ મોસમ મંત્રાલય દ્વારા નોટીફીકેશન પ્રકાશિત કરવામાં આવેલ છે. જેના વાપી શહેરમાં અમલીકરણ માટે વાપી નગરપાલિકા વાપી ના "પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ ના પેટા નિયમો – ૨૦૧૮" તરીકે નીચે મુજબના નિયમો માન્ય રાખી નિયમો મંજુર કરવા તથા તેનું અમલીકરણ મંજુરી મળ્યેની તારીખથી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

"પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ ના પેટા નિયમો-૨૦૧૮"

(૧) વાપી શહેરમાં પ્લાસ્ટીક કેરી બેગ વેચાણ / વિતરણ કરતા તમામ દુકાનદારો અને બ્રાંડ ઓનર તથા

ફેરિયાઓ પોતાની વિગત નામ, સરનામાં અને અંદાજીત પ્રતિમાસ વેચાણ જથ્થાની નોંધણી ફરજીયાત

કરાવવાની રહેશે.

(૨) વાપી શહેરમાં પ્લાસ્ટીક વેસ્ટ ખરીદનાર તથા વેચનાર તમામ દુકાનદારો તથા વેસ્ટ પીકર્સની

નગરપાલિકામાં નોંધની કરાવવાની રહેશે. તથા વેસ્ટ પીકર્સ એજન્સી, અને ગ્રુપની નોંધની કરાવવાની રહશે.

"પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ ના પેટા નિયમો-૨૦૧૮"

(૧) વાપી શહેરમાં ૫૦ માઈક્રોન કરતા ઓછા જાડાઈ વાળી પ્લાસ્ટીકની બેગ ( ઝબલા,થેલી ) વિગેરે પર

સંપૂર્ણપણે પ્રતિબંધ ફરવવામાં આવે છે.

(A) નિયમ ભંગ કરનાર સામે વાપી નગરપાલિકા વાપી દ્વારા નીચે મુજબ વહીવટી ચાર્જ ની જોગવાઈ કરેલ છે.
(B) દુકાનદારો માટે તેનું લાઈસન્સ રદ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.
(C) ગુજરાત પોલ્યુસન કંટ્રોલ બોર્ડને લેખીત માં ફરિયાદ કરવામાં આવશે.
(D) વારંવાર ગુનો કરતા માલુમ પડેતો પોલીસ ફરિયાદ કાર્યવાહી કરવામાં આવશે.

વહીવટી ચાર્જ

| અ.નં. | વિગત | વહીવટી ચાર્જ ગુન્હા એકવખત ગુન્હા માટે ચાર્જ રૂ.માં | એક થી વધુ વખતના ગુન્હા માટેનો ગુરૂત્તમ વહીવટી ચાર્જ રૂ/માં | વારંવાર ગુન્હા માટે |
|---|---|---|---|---|
| ૦૧ | ઇન્ડિયન સ્ટાન્ડર્ડ: IS૯૮૩૩:૧૯૮૧ ની ઓછી ગુણવત્તાના પ્લાસ્ટીક નુ વેચાણ | રૂ/- ૨૦૦ | રૂ/- ૫૦૦ | રૂ/- ૧૦૦૦ થી વધારે |
| ૦૨ | પુનઃ ચક્રિય પ્લાસ્ટીક નો ઉપયોગ ખાવાપીવા ની વસ્તુ ભરવા માટે ઉપયોગ | રૂ/- ૨૦૦ | રૂ/- ૫૦૦. | રૂ/- ૧૦૦૦ થી વધારે |
| ૦૩ | નવા અથવા રીસાયકલ પ્લાસ્ટીક માંથી બનેલી કેરીબેગ ની જાડાઈ ૫૦ માઈક્રોનથી વધારે વેચાણ | રૂ/- ૨૦૦ | રૂ/- ૫૦૦ | રૂ/- ૧૦૦૦ થી વધારે |

(૨) ૫૦ માઈક્રોન કરતા ઓછા માઈક્રોન વાળા પ્લાસ્ટીકનો અવેધ ઉપયોગ કરનારાઓ કે નિયમોની જોગવાઈઓનું પાલન કરવાં નિષ્ફળ રહેતી વ્યક્તિઓ / દુકાનદારો પાસે થી વહીવટી ચાર્જ વસુલ કરવાની પેટા નિયમોની જોગવાઈઓ સુનિશ્ચિત કરવાની સત્તા નીચેના અધિકારીઓને / કર્મચારીઓને વાપી નગરપાલિકા વાપી ના હદ વિસ્તારમાં વહીવટી ચાર્જ વસુલ કરવાની સત્તા સોપવા આપવામાં આવે છે,

(A) વહીવટી ચાર્જ વસુલ કરવાની સત્તા નીચે મુજબના અધિકારીઓને આપવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | ચીફ ઓફિસર | ૫ | ગુમાસ્તાધારા ઇન્સ્પેક્ટર |
| ૨ | સિટી એન્જીનીયર | ૬ | હાઉસટેક્ષ સુપરીટેન્ડન્ટ |
| ૩ | ચીફ સેનેટરી ઇન્સ્પેક્ટર | ૭ | ઓફીસ સુપરીટેન્ડન્ટ |
| ૪ | સેનેટરી ઇન્સ્પેક્ટર / સુપરવાઈઝર | ૮ | ક્લાર્ક |

(3) ઉપર મુજબના પેટા નિયમો ના અમલીકરણ માટે દૈનિક પત્રમાં જાહેરાત પ્રકાશિત કરાવી વાંધા સૂચનો મંગાવી તેમજ પ્રચાર પ્રસાર સંચાર અને શિક્ષણના માધ્યમથી અભિયાન ચલાવવું. ઉપરોક્ત "પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ ના પેટા નિયમો-૨૦૧૮" ની વાપી શહેરમાં અમલવારી કરાવવા ઓફીસ કક્ષાએથી આગળની કાર્યવાહી કરવા અર્થેની સત્તા પ્રમુખશ્રી , ચેરમેનશ્રી કારોબારી સમિતિ , ચેરમેનશ્રી સેનેટરી કમિટિ અને મુખ્ય અધિકારીશ્રી ને આપવાનું આથી ઠરાવવામાં આવે છે. ઉપરોક્ત કામે થનાર પ્રચાર પ્રસારનો ખર્ચ મંજુર કરવાની સત્તા પ્રમુખશ્રીને અને તેનું ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

# -: અનુસૂચિ-૧ :-

## શુલ્ક અને ચાર્જીસનું પત્રક

| ક્રમ | પેટા કાયદા નંબર | જોગવાઇઓ | એકમો | વહીવટી ચાર્જ (રૂા.) | |
|---|---|---|---|---|---|
| | | | | પ્રથમ | ત્યારબાદ દરેક વખતે |
| ૧ | ૭ – ૧૫(૧) | ૭ થી ૧૫(૧) પેટા કાયદામાં આપેલ વિગતો મુજબ ઘન કચરાનું બિન-અલગીકરણ (બિન-વિભાજન) | રહેણાંક | ૧૦૦ | ૨૦૦ |
| | | | વાણિજ્ય અને સંસ્થાકીય | ૨૦૦.૦૦ | ૫૦૦.૦૦ |
| | | | આદ્યોગિક | ૫૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ |
| | | | અન્ય | ૫૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ |
| ૨ | ૧૬ – ૨૭ | ૧૬ થી ૨૭ની જોગવાઓનું ઉલ્લંઘન કરી બિનનિર્ધારીત સ્થળે કચરાનો સંગ્રહ કરવો. | રહેણાંક | ૧૦૦ | ૨૦૦ |
| | | | વાણિજ્ય અને સંસ્થાકીય | ૨૦૦.૦૦ | ૫૦૦.૦૦ |
| | | | આદ્યોગિક | ૫૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ |
| | | | અન્ય | ૫૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ |
| ૩ | ૨૮ – ૩૫ | ૨૮ થી ૩૫ની જોગવાઇઓ નું ઉલ્લંઘન કરી વિતરણ અને એકત્રીકરણ | રહેણાંક | ૧૦૦ | ૨૦૦ |
| | | | વાણિજ્ય અને સંસ્થાકીય | ૨૦૦.૦૦ | ૫૦૦.૦૦ |
| | | | આદ્યોગિક | ૫૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ |
| | | | અન્ય | ૫૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ |
| ૪ | ૩૬ – ૩૯ | ૩૬ થી ૩૯ની જોગવાઇઓ નું ઉલ્લંઘન કરી પ્રક્રીયા અને નિકાલ | રહેણાંક | ૧૦૦ | ૨૦૦ |
| | | | વાણિજ્ય અને સંસ્થાકીય | ૨૦૦.૦૦ | ૫૦૦.૦૦ |
| | | | આદ્યોગિક | ૫૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ |
| | | | અન્ય | ૫૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ |

# -: અનુસૂચિ-૧ :-

## શુલ્ક અને ચાર્જીસનું પત્રક

| ક્રમ | પેટા કાયદા નંબર | જોગવાઇઓ | એકમો | વહીવટી ચાર્જ (રૂા.) | |
|---|---|---|---|---|---|
| | | | | પ્રથમ | ત્યારબાદ દરેક વખતે |
| ૧ | ૭ – ૧૫(૧) | ૭ થી ૧૫(૧) પેટા કાયદામાં આપેલ વિગતો મુજબ ઘન કચરાનું બિન-અલગીકરણ (બિન-વિભાજન) | રહેણાંક | ૧૦૦ | ૨૦૦ |
| | | | વાણિજ્ય અને સંસ્થાકીય | ૨૦૦.૦૦ | ૫૦૦.૦૦ |
| | | | આદ્યોગિક | ૫૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ |
| | | | અન્ય | ૫૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ |
| ૨ | ૧૬ – ૨૭ | ૧૬ થી ૨૭ની જોગવાઓનું ઉલ્લંઘન કરી બિનનિર્ધારીત સ્થળે કચરાનો સંગ્રહ કરવો. | રહેણાંક | ૧૦૦ | ૨૦૦ |
| | | | વાણિજ્ય અને સંસ્થાકીય | ૨૦૦.૦૦ | ૫૦૦.૦૦ |
| | | | આદ્યોગિક | ૫૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ |
| | | | અન્ય | ૫૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ |
| ૩ | ૨૮ – ૩૫ | ૨૮ થી ૩૫ની જોગવાઇઓ નું ઉલ્લંઘન કરી વિતરણ અને એકત્રીકરણ | રહેણાંક | ૧૦૦ | ૨૦૦ |
| | | | વાણિજ્ય અને સંસ્થાકીય | ૨૦૦.૦૦ | ૫૦૦.૦૦ |
| | | | આદ્યોગિક | ૫૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ |
| | | | અન્ય | ૫૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ |
| ૪ | ૩૬ – ૩૯ | ૩૬ થી ૩૯ની જોગવાઇઓ નું ઉલ્લંઘન કરી પ્રક્રીયા અને નિકાલ | રહેણાંક | ૧૦૦ | ૨૦૦ |
| | | | વાણિજ્ય અને સંસ્થાકીય | ૨૦૦.૦૦ | ૫૦૦.૦૦ |
| | | | આદ્યોગિક | ૫૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ |
| | | | અન્ય | ૫૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ |

ચીફ ઓફિસર
વાપી નગરપાલિકા

પ્રમુખ
વાપી નગરપાલિકા.